**English Version of Minutes of the Meeting of Executive Council**
**Shree Somnath Sanskrit University, Veraval**

(1) **EC No :** 35 dated 30.07.2015

35.01- The works done from 29.05.2015 To 30.07.2015 have been put up before the members by the registrar and duly approved

35.04- The medium of writing Ph.D thesis and viva-voce examination dissertation M-phil

35.04- With reference to the letters received from the office of Hon'ble Chief minister, and commissioner of Higher Education it has been duly resolved after the detailed discussion by the respected members that the viva-voce examination M-Phil, Ph.D Courses of the university with conducted a audio/video recording in the campus further, it has been resolved to prepare CD/DVD and to act according in the university

(2) **EC No:** 36 dated 06.10.2015

(3) **EC No:** 37 dated 04.12.2015

(4) **EC No:** 38 dated 06.02.2016

(5) **EC No:** 39 dated 22.06.2016

39.01-The works done from 06.02.2016 to 21.06.2016 have been put up before the members and have been duly approved.

(6) **EC No:** 40 dated 14.09.2016

40.01 The works done from 22.06.2016 To 13.09.2016 have been put up before the members and have been duly approved

40.16 The works done in accordance with the new Ph.D regulations have been duly approved.

40.17 It has been resolved to the M-Phil/Ph.D regulations of the university as per UGC Regulations-2016 and to act accordingly

(7) **EC No:** 41 dated 22.12.2016

(8) **EC No:** 42 dated 23.02.2017

42.01 The works done from 22.12.2016 To 22.02.2017 have been duly approved.

(9) **EC No:** 43 dated 01.04.2017

43.01 The works done from 23.02.2017 To 31.03.2017 have been duly approved.

(10) **EC No:** 44 dated 26.05.2017

44.01 The works done from 23.02.2017 To 31.03.2017 have been duly approved.

44.11 It has been resolved to take the required approval of the university journal **सोधज्योतिः** from the UGC, New Delhi.



Registrar
Shree somnath Sanskrit Universi
Veraval,Dist.Gir Somnath (Gujara

(11) **EC No:** 45 dated 06.06.2017

(12) **EC No:** 46 dated 28.06.2017

46.01 The works done from 26.05.2017 To 27.06.2017 have been duly approved

(13) **EC No:** 47 dated 28.09.2017

47.01 The works done from 28.06.2017 To 27.09.2017 have been duly approved.

47.11 It has been resolved to consider the post of research officer as the non-vocational academic post on the basis request of the letter of R.O.

(14) **EC No:** 48 dated 26.12.2017

48.01 The works done from 28.09.2017 To 22.12.2017 have been duly approved.

48.21 As per U.G.C. regulations, it has been resolved to giver the supervisor ship/Guide ship (Ph.D) to the eligible candidates.

48.32 Ph.D registration from, as per the UGC Rules regulations, has been duly approved and resolved to implement the same.

(15) **EC No:** 48 dated 26.12.2017

(16) **EC No:** 50 dated 26.05.2017

(17) **EC No:** 51 dated 02.04.2018

51.01 The works done from 26.12.2017 To 31.03.2018 have been duly approved.

(18) **EC No:** 52 dated 29.06.2018

52.01 The works done from 02.04.2018 To 28.06.2018 have been duly approved.

(19) **EC No:** 53 dated 20.09.2018

53.01 The works done from 29.06.2018 To 19.10.2018 have been duly approved.

(20) **EC No:** 54 dated 11.12.2018

54.01 The works done from 20.10.2018 To 11.12.2018 have been duly approved.



Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકેડેમીક કાઉન્સિલ તથા એકઝીકયુટીવ કાઉન્સિલ સંયુકત બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકેડેમીક તથા એકઝીકયુટીવ કાઉન્સિલની ૨૧ મી તથા ૩૫મી બેઠકનું સંયુકત રીતે આયોજન તા.૩૦મી જૂલાઈ, ૨૦૧૫ના રોજ ૧૧:૩૦ કલાકે શ્રી દર્શનમ સંસ્કૃત મહાવિદ્યાલય, છારોડી ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે પ્રમાણેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

૧. માન.કુલપતિશ્રી–અધ્યક્ષશ્રી
૨. ડો.કૃષ્ણપ્રસાદ નિરૌલા
૩. શ્રી મેહુલભાઈ ભટ્ટ
૪. ડો.રાજેન્દ્રપ્રસાદ શુકલા
૫. ડો.મેહુલભાઈ શાહ
૬. પ્રિ.ગિરીશભાઈ ઠાકર
૭. ડો.કમલેશ ચોકસી
૮. ડો.પ્રજ્ઞાબેન જોષી
૯. ડો.અર્ચનાબેન દુબે
૧૦. શ્રી ગોવિંદભાઈ પટેલ
૧૧. ડો.કાંતિભાઈ ભટ્ટ
૧૨. વસુમતિબેન દવે
૧૩. ડો.લલિતભાઈ પટેલ
૧૪. ડો.અમૃતલાલ ભોગાયતા
૧૫. ડો.દશરથ જાદવ – કા.કુલસચિવ

સંયુકત બેઠકની શરૂઆત મંગલાચરણથી કરવામાં આવી હતી. તેમજ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનાં નવનિયુકત કુલપતિશ્રી પ્રો.અર્કનાથ ચૌધરીજીનું ઉપસ્થિત સૌ મહાનુભાવશ્રીઓએ અભિવાદન કરી સ્વાગત કર્યુ. તેમજ માન.કુલપતિશ્રીએ તેમનાં સમયગાળા દરમ્યાન યુનિવર્સિટી નવા શિખરો સર કરે તે માટેની શુભેચ્છાઓ પાઠવી હતી.

૨૧.૦૧ /૩૫.૦૧ તા.૨૯/૦૫/૧૫ થી તા.૩૦/૦૭/૨૦૧૫ સુધીનાં સમય ગાળામાં યુનિવર્સિટી દ્વારા થયેલ કામગીરીનો લેખિતમાં અહેવાલ આપવામાં આવ્યો હતો. તેમજ તે બાબતે કુલસચિવશ્રીએ સૌને અવગત કર્યા હતા.

૨૧.૦૨ યુનિવર્સિટી દ્વારા યુવક મહોત્સવનાં આયોજન અને નિયમો બનાવવા માટે એકેડેમીક કાઉન્સિલમાં એક કમિટિનું ગઠન કરવામાં આવેલ હતું જે કમિટિની બેઠકમાં લેવાયેલ નિર્ણયોને તેમજ બનાવેલ નિયમોને બહાલી આપવામાં આવી અને યુનિવર્સિટી યુવક મહોત્સવ બાબતે ચર્ચા વિચારણાનાં અંતે નિર્ણય કરવામાં આવ્યો કે દર વર્ષે શૈક્ષણિક વર્ષનાં પ્રથમ સત્રમાં યુવક મહોત્સવનું આયોજન કરવું અને જે પ્રતિસ્પર્ધિઓ જે તે સ્પર્ધામાં નંબર પ્રાપ્ત કરે તે સ્પર્ધકને રાજયની અને રાજય બહારની થતી સ્પર્ધાઓમાં મોકલવા.

૨૧.૦૩ યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલયો/કોલેજમાં ફરજ બજાવતા તમામ પ્રાધ્યાપકશ્રીઓ માટે ફેકલ્ટી વાઈઝ ત્રિદિવસીય નિવાસી પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો તેમજ તેનું સંકલન અને સંચાલન માન.કુલપતિશ્રીનાં માર્ગદર્શનમાં ફેકલ્ટી ડીનશ્રીઓ કરશે તેમ નકકી કરવામાં આવ્યું. તેમજ યુનિવર્સિટી/મહાવિદ્યાલયનાં પ્રાધ્યાપકશ્રીઓ માટે એકેડેમીક સ્ટાફ કોલેજ દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવતું હોય છે તો તેને દરખાસ્ત કરવી અને તે મંજૂરી આપે તો ૭ કે ૧૦ દિવસનો પ્રશિક્ષણ કાર્યક્રમ કરવો તેમ નકકી કરવામાં આવ્યું.

૨૧.૦૪ /૩૫.૦૨ યુનિવર્સિટી દ્વારા સરકારશ્રીનાં ભંડોળને ઘ્યાને લઈ તેમજ સરકારશ્રીને દરખાસ્ત કરી ગ્રાન્ટ મેળવી સોમનાથ ખાતે રાષ્ટ્રીય/આંતર રાષ્ટ્રીય ગોષ્ઠીનું આયોજન કરવાનું નકકી કરવામાં આવ્યું.

૨૧.૦૫ યુનિવર્સિટી ખાતે શિક્ષણ મેળવેલા ભાઈઓ/બહેનોને માર્ગદર્શન મળી રહે તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી શકે તે માટે જરૂરી ફી લઈ કેન્દ્ર શરૂ કરવાનું નકકી કરવામાં આવ્યું.

૨૧.૦૬ /૩૫.૦૩ માન.મુખ્યમંત્રીશ્રી તથા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી કચેરીનાં થયેલ પત્ર અનુસંધાને યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલય/કોલેજ/પીજીડીસીએ સ્ટડી સેન્ટર/ડિપ્લોમા કેન્દ્રો પર સરકારશ્રી/યુનિવર્સિટીનાં ધારા ધોરણ પ્રમાણેનું શૈક્ષણિક કાર્ય થાય છે કે કેમ તેનું મોનીટરીંગ કરવા માટેની માન.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં ચાર ઝોન વાઈઝ કમિટિ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો, જે કમિટિમાં ૧ મહાવિદ્યાલયનાં પ્રધાનાચાર્યશ્રી, ૧ ઈ.સી./એ.સી.નાં સભ્યશ્રી અને એક ડીનશ્રીની કમિટિ બનાવવી તેમ નકકી કરવામાં આવ્યું. જે કમિટિમાં એ.સી./ઈ.સી.નાં સભ્ય તરીકે (૧) ડો.ગિરીશભાઈ ઠાકર, પાલનપુર (૨) ડો.કૃષ્ણપ્રસાદ નિરૌલા,નડિયાદ (૩) શ્રી મેહુલભાઈ ભટ્ટ, પેટલાદ (૪) શ્રી ગોવિંદભાઈ પટેલ, ગાંધીનગર રહેશે જયારે પ્રધાનાચાર્યશ્રીઓમાંથી (૧) ડો.સનતકુમાર ઉપાધ્યાય, દ્વારકા (૨) ડો.કાંતિભાઈ ભટ્ટ, સુરત (૩) ડો.હિતેન્દ્રભાઈ વ્યાસ, સોલા (૪) શ્રી હિમતભાઈ દવે, અંબાજી રહેશે જયારે ડીનશ્રીઓનાં નામ માન.કુલપતિશ્રી સુચવે તે નામ કમિટિમાં રહેશે. તેમજ ઉકત નામોમાંથી માન.કુલપતિશ્રી ઝોન વાઈઝ કમિટિની રચના કરશે અને માન.કુલપતિશ્રી અધ્યક્ષ તરીકે

રહી મોનીટરીંગ કરશે. તેમજ સંપૂર્ણ રીપોર્ટ મળ્યા બાદ માન.કુલપતિશ્રી એક સમીક્ષા કમિટિ બનાવી રીપોર્ટ તૈયાર કરશે.

૨૧.૦૭ /૩૫.૦૪ યુનિવર્સિટીમાં હાલ શાસ્ત્રી પ્રથમ અને દ્વિતીય વર્ષમાં પરીક્ષામાં ઉત્તરની ભાષામાં સંસ્કૃતની સાથે અન્ય ભાષામાં લખવાની વૈકલ્પીક છુટ આપવામાં આવેલ હતી. તે ન આપવી જોઈએ તેવા મત સાથે સંસ્કૃત મહાવિદ્યાલયનાં પ્રધાનાચાર્યશ્રીઓ તેમજ ગુજરાત રાજય સંસ્કૃત અધ્યાપક મંડળની રજૂઆત ને ધ્યાને લઈ બેઠકમાં આ બાબતે ચર્ચા વિચારણા કરી સર્વાનુમતે નીચે મુજબનો નિર્ણય કરવામાં આવ્યો.

સંસ્કૃત પરંપરા સિવાયનાં વિદ્યાર્થીઓને સરળતાથી સંસ્કૃત યુનિવર્સિટીમાં પ્રવેશ મળી શકે તે માટે તેમજ તેને સંસ્કૃતમાં પ્રવેશની તક મળે તે માટે માત્ર શાસ્ત્રી કક્ષાનાં અભ્યાસક્રમમાં પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા પુરતું સંસ્કૃત સાથે અન્ય ભાષાથી પરીક્ષામાં લખાણ લખી શકશે તેવો નિર્ણય કરવામાં આવ્યો એટલે કે શાસ્ત્રી કક્ષાનાં સેમેસ્ટર ૨ થી ૬ , આચાર્ય કક્ષાનાં સેમેસ્ટર ૧ થી ૪ , એમ.ફિલ.કક્ષાનાં સેમેસ્ટર ૧ થી ૨ જેવા તમામ અભ્યાસક્રમની પરીક્ષામાં ઉત્તરવહીનું માધ્યમ સંસ્કૃત ભાષા રહેશે તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું. એમ.એ.યોગ અભ્યાસક્રમ માટે ભાષાનું માધ્યમ હિન્દી, ગુજરાતી, સંસ્કૃત રહેશે. એમ.ફિલ.અને પીએચ.ડી.નો વાયવા તેમજ ઓપન વાયવાનું માધ્યમ સંસ્કૃત રહેશે તેમ નકકી થયું.

૨૧.૦૮ માન.મુખ્યમંત્રીશ્રી તથા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી કચેરીનાં થયેલ પત્ર અનુસંધાને તેમજ મહાનુભાવશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણા કરી નિર્ણય કરવામાં આવ્યો કે યુનિવર્સિટી ખાતે ચાલતા એમ.ફિલ./પીએચ.ડી.અભ્યાસક્રમનાં વાયવામાં ઓડિયો/વિડીયો રેકોર્ડિંગ કરી તેની સી.ડી.બનાવવી અને તે સબબની જરૂરી કરવાની થતી કાર્યવાહી યુનિવર્સિટી કક્ષાએ કરવી તેમ નકકી કરવામાં આવ્યું.

૨૧.૦૯ /૩૫.૦૫ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ ખાતે ' સોમનાથ ' નાં નામથી પુસ્તક પ્રકાશન શ્રેણી શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો જે માટે યુનિવર્સિટી પર ઉપલબ્ધ ગ્રાન્ટને ધ્યાને લઈ આગળની કાર્યવાહી કરવાનું નકકી કરવામાં આવ્યું.

૩૫.૦૬ યુનિવર્સિટી ખાતે વહીવટી અધિકારી વર્ગ–૧ તેમજ શૈક્ષણિક અધિકારી માટે આવશ્યક સુવિધા પુરી પાડવા નિર્ણય કરવામાં આવ્યો.

૩૫.૦૭ યુનિવર્સિટીની ફીકસ પગારથી મંજૂર થયેલ વહીવટી જગ્યાઓ જયાં સુધી ન ભરાય ત્યાં સુધી કામગીરીનાં ભારણને ધ્યાને લઈ માન.કુલપતિશ્રી રાજય સરકારશ્રીનાં મંજૂર થયેલા ફિકસ પગારની મર્યાદામાં તદન હંગામી ધોરણે જરૂરી સમયગાળા માટે જાહેરાત આપ્યા વિના નિમણૂંક કરી શકશે જે બાબતને મંજૂરી આપવામાં આવી અને આ અંગેની તમામ સત્તા માન.કુલપતિશ્રીને આપવામાં આવી.

મહાનુભાવશ્રીનાં સુચનો :–

૨૧.૧૦ /૩૫.૦૮ યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓને તમામ વિદ્વાનશ્રીઓનો લાભ મળે તે માટે અભ્યાસક્રમને ધ્યાને લઈ જે તે વિષય/યુનિટ પ્રમાણે તેમની ઓડિયો/વિડીયો સી.ડી.તૈયાર કરવાનું નકકી કરવામાં આવ્યું. જે માટે રાજય સરકારશ્રીમાંથી ગ્રાન્ટ માટે દરખાસ્ત કરવી અને યુનિવર્સિટીની સંલગ્ન મહાવિદ્યાલય/કોલેજનાં પ્રાધ્યાપકશ્રીઓની તેમજ બહારનાં વિદ્વાનશ્રીઓની સેવા લેવાનું નકકી કરવામાં આવ્યું.

૨૧.૧૧ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬થી એન.સી.ટી.ઈ.દ્વારા બી.એડ્.અભ્યાસક્રમ બે વર્ષનો કરવામાં આવેલ છે. શિક્ષાશાસ્ત્રી ફેકલ્ટી દ્વારા ચાલુ વર્ષેથી બી.એડ્.નાં પ્રથમ વર્ષનો અભ્યાસક્રમ તૈયાર કરી રજૂ કરેલ હોય આ અભ્યાસક્રમને બહાલી આપવામાં આવી. આ રજૂઆત ફેકલ્ટી મેમ્બર તથા એકેડેમીક કાઉન્સિલનાં સભ્યશ્રી ડો.વસુબેન દવે દ્વારા કરવામાં આવેલ.

બેઠકના અંતે કુલસચિવશ્રીએ સર્વે મહાનુભાવોનો આભાર વ્યકત કર્યો હતો.

(ડો.દશરથ જાદવ)
કા.કુલસચિવ

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકઝીકયુટીવ કાઉન્સિલની બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકઝીકયુટીવ કાઉન્સિલની ૩૬મી બેઠકનું આયોજન તા.૦૬/૧૦/૨૦૧૫નાં રોજ નાણાં સમિતિની બેઠક બાદ બપોરે ૧:૩૦ કલાકે યુનિવર્સિટી કોન્ફરન્સ હોલ ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે પ્રમાણેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી–અધ્યક્ષશ્રી
(૨) ડૉ.કૃષ્ણપ્રસાદ નિરૌલા
(૩) શ્રી મેહુલભાઈ ભટ્ટ
(૪) ડૉ.નરેન્દ્રકુમાર એલ.પંડયા
(૫) ડૉ.રાજેન્દ્રપ્રસાદ શુકલા
(૬) ડૉ.દશરથ જાદવ – કા.કુલસચિવ

૩૬.૦૧ સૌ પ્રથમ માનનીય કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યુ હતું અને કરેલ કામગીરીનો વિસ્તૃત અહેવાલ મહાનુભાવોને આપવામાં આવ્યો હતો.

૩૬.૦૨ યુનિવર્સિટીની આજ રોજ તા.૦૬/૧૦/૧૫ મળેલ નાણાં સમિતિની બેઠકમાં લેવાયેલા તમામ નિર્ણયોને બહાલી આપવામાં આવી. તેમજ કરેલ ભલામણોને માન્ય રાખી લેવાયેલ નિર્ણય મુજબ આગળની કાર્યવાહી કરવાનું કરવાનું નક્કી કરવામાં આવ્યું.

૩૬.૦૩ યુનિવર્સિટી પરીસરમાં વેદ–વ્યાસજીની મૂર્તિ મુકવા અંગેના નિર્ણયના આધારે રાજસ્થાન સ્થિત અત્રિ મૂર્તિ આર્ટ, જયપુર પાસે તૈયાર કરાવેલ છે. તેની તેમજ તે બાબતે થયેલ ખર્ચને બહાલી આપવામાં આવી. તેમજ મૂર્તિની યોગ્ય જાળવણી માટે ઉપર છત્રી અને ચારેબાજુ જાળીથી કવર કરીને મુકવી તેમ નક્કી કરવામાં આવ્યું.

૩૬.૦૪ યુનિવર્સિટીમાં સ્વનિર્ભર ધોરણે ચાલતા એમ.એ.યોગ અભ્યાસક્રમ માટે ચર્ચા વિચારણા કરી નિર્ણય કરવામાં આવ્યો કે, યુનિવર્સિટીના પી.ટી.આઈ.ના પ્રાધ્યાપક શ્રી જયેશકુમાર મુંગરાજીને સદર અભ્યાસક્રમ સંભાળવાની જવાબદારી સોંપવામાં આવી તેમજ ૧ અધ્યાપક ૧૧ માસના કરારના ધોરણે રૂા.૧૨,૫૦૦/– ના ફિકસ વેતનથી જાહેરાત આપી ભરતી કરવાનું નક્કી કરવામાં આવ્યું.

૩૬.૦૫ યુનિવર્સિટીમાં ડેપ્યુટેશન ઉપર મુખ્ય હિસાબી અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રી બી.જે.મહેતાને ફરજ મુકત કર્યાની નોંધ લીધી.

૩૬.૦૬ યુનિવર્સિટીમાં મંજુર થયેલ વહીવટી જગ્યાઓ પૈકી ખાલી પડેલ મુખ્ય હિસાબી અધિકારીની તેમજ સ્ટેનોગ્રાફરની જગ્યા ભરવા માટે અગાઉ આપેલ જાહેરાતને ધ્યાને રાખીને તે ધારા–ધોરણ મુજબની જાહેરાત આપી આગળની ભરતી પ્રક્રિયા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૩૬.૦૭ યુનિવર્સિટીની પરીક્ષા સમિતિમાં ઈ.સી.ના સભ્ય તરીકે શ્રી મેહુલભાઈ ભટ્ટ, પેટલાદને મનોનીત કરવામાં આવ્યા.

૩૬.૦૮ મહાનુભાવોના સુચનોમાં યુનિવર્સિટી દ્વારા ચાલતા ડિપ્લોમાં અભ્યાસક્રમનું સાહિત્ય વિદ્યાર્થીઓને સરળતાથી મળી રહી તે હેતુથી યોજના બનાવવા આ બાબત આગામી એકેડેમિક કાઉન્સીલમાં મુકવા માટે સુચવવામાં આવ્યું.

૩૬.૦૯ **અધ્યક્ષ સ્થાનેથી :–**

**૩૬.૦૯.૧** – માન.કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાનેથી બાબત મુકવામાં આવી કે, ગ્રંથાલય સમિતિમાં ઈ.સી. દ્વારા ત્રણ નામ મનોનીત કરવાના થાય છે. આ બાબતે તમામ સભ્યશ્રીઓ ચર્ચા–વિચારણા કરી (૧) ડૉ. મહેન્દ્રકુમાર દવે, (૨) ડૉ. રમેશચંન્દ્ર શુકલ, (૩) કું બી.ઉમા મહેશ્વરી નામો મનોનીત કરવામાં આવ્યા.

**૩૬.૦૯.૨** – માન.કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાનેથી બાબત મુકવામાં આવી કે, યુનિવર્સિટીના પરીક્ષાને લગતા તમામ દરોને રીવાઈઝ કરવાની આવશ્યકતા હોઈ તે માટે ત્રણ સભ્યોશ્રીઓની કમિટિનું ગઠન કરવામાં આવ્યું. જેના સભ્યોમાં (૧) ડૉ.નરેન્દ્રકુમાર એલ.પંડયા (૨) શ્રી મહેશભાઈ ઠાકર, (૩) શ્રી ગોવિંદભાઈ પટેલ તથા (૫) શ્રી યોગેશભાઈ પટેલ, પરીક્ષા નિયામકશ્રી (સભ્ય સચિવની કામગીરી) નામો મનોનીત કરવામાં આવ્યા. જે આગામી ત્રણ મહિનામાં અહેવાલ રજૂ કરશે. જેને આગામી ઈ.સી./એ.સી.માં મુકી આગળની કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું.

બેઠકને અંતે કુલસચિવશ્રીએ સર્વે મહાનુભાવોનો આભાર વ્યકત કર્યો હતો.

(ડૉ.દશરથ જાદવ)
કા.કુલસચિવ

Exam - E.C. - 37

## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકઝીકયુટીવ કાઉન્સિલની બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકઝીકયુટીવ કાઉન્સિલની ૩૭મી બેઠકનું આયોજન તા.૪/૧૨/૨૦૧૫ના રોજ બપોરે ૧૧:૩૦ કલાકે એકેડેમિક કાઉન્સીલની સાથે સંયુકત યુનિવર્સિટી કોન્ફરન્સ હોલ ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે પ્રમાણેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી–અધ્યક્ષશ્રી
(૨) ડૉ.કૃષ્ણપ્રસાદ નિરૌલા
(૩) ડૉ.નરેન્દ્રકુમાર એલ.પંડયા
(૪) ડૉ.રાજેન્દ્રપ્રસાદ શુકલા
(૫) ડૉ.દશરથ જાદવ – કા.કુલસચિવ
(૬) મુખ્ય હિસાબી અધિકારીશ્રી (આમંત્રીત)

**૩૭.૦૧** સૌ પ્રથમ માનનીય કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યુ હતું અને કરેલ કામગીરીનો વિસ્તૃત અહેવાલ રજુ કરવામાં આવ્યો તેમજ તેને બહાલી આપવામાં આવી તથા એકેડેમિક કાઉન્સીલની ૨૨ મી બેઠકમાં એકઝીકયુટીવ કાઉન્સીલના ઉકત મહાનુભાવો ઉપસ્થિત હોઈ તેમાં લેવાયેલ તમામ નિર્ણયોને બહાલી આપવામાં આવી.

**૩૭.૦૨** યુનિવર્સિટીના મુખ્ય પ્રવેશદ્વાર બનાવવા બાબતે BAPS સંસ્થા દ્વારા મળેલ પત્રને વંચાણે લઈ BAPS સંસ્થા યુનિવર્સિટીનો મુખ્ય પ્રવેશદ્વાર બનાવી આપે તો તેની સેવા લેવાની મંજુરી આપવામાં આવી. તેમજ તેની સાભાર નોંધ લેવામાં આવી. મુખ્ય પ્રવેશદ્વારના નિર્માણ માટે સંસ્થા સાથે સંકલન તેમજ કરવાની થતી કામગીરીમાં માન.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં એક સમિતિનું ગઠન કરવામાં આવ્યું. જેમાં પ્રિન્સીપાલ ડૉ. એન.એલ.પંડયાજી, પ્રિન્સીપાલ ડૉ.રાજેન્દ્રપ્રસાદ શુકલા, યુનિવર્સિટીના ઈજનેરશ્રી રહેશે તેમ નક્કી કરવામાં આવ્યું. તેમજ BAPS સંસ્થા અને યુનિવર્સિટી કક્ષાએ પ્રવેશદ્વાર નિર્માણ બાબતે બેઠક કરી શરતો નક્કી કરી આગળની કાર્યવાહી કરવા નિર્ણય કરવામાં આવ્યો. આ સમગ્ર પ્રક્રિયાનું સંકલન કરવાની કામગીરી યુનિવર્સિટી ઈજનેરશ્રી કરશે તેમ નક્કી કરવામાં આવ્યું.

**૩૭.૦૩** સરકારશ્રી દ્વારા યુનિવર્સિટીના મુખ્ય હિસાબી અધિકારીશ્રીનો વધારાનો હવાલો શ્રી એચ.બી.ભટ્ટ, જીલ્લાતીજોરી અધિકારીને સોંપતાં તેઓશ્રીને ફરજ પર હાજર કરવામાં આવ્યા તેની નોંધ લેવામાં આવી. તેમજ યુનિવર્સિટીમાં પોતાના કાયમી મુખ્ય હિસાબી અધિકારીશ્રીની જરૂરિયાત હોઈ જાહેરાત આપી ભરતી પ્રક્રિયા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

**૩૭.૦૪** સરકારશ્રી દ્વારા મંજુર થયેલ જગ્યાઓ પૈકી જાહેરાત તૈયાર કરવામાં આવેલ પરંતુ ચુંટણીને લગતી આચારસંહિતાને કારણે જાહેરાત આપવાનું શકય બન્યુ ન હતું તેની નોંધ લેવામાં આવી. તેમજ હવે જાહેરાત આપતાં પહેલાં સરકારશ્રીના વખતોવખત ના જી.આર.ને ધ્યાને લઈ વર્ગ–૩ ની ભરતીમાં ઈન્ટરવ્યુ પ્રથા રદ કરી લેખીત પરીક્ષા તેમજ કમ્પ્યુટર ટેસ્ટ લઈ મેરીટના ધોરણે શ્રેષ્ઠ ઉમેદવારની પસંદગી કરવાનું નક્કી કરવામાં આવ્યું. સ્ટેનોગ્રાફર બાબતે લેખીત, સ્કીલ ટેસ્ટ(શોર્ટ હેન્ડ) કમ્પ્યુટર સહીત પરીક્ષા લઈ મેરીટના ધોરણે શ્રેષ્ઠ ઉમેદવારી પસંદગી કરવાનું નક્કી કરવામાં આવ્યું.

૩૭.૦૫ ૧૧ માસના કરાર આધારિત પીજીડીસીએ કો–ઓર્ડીનેટર તથા કલાર્ક બાબતે સમિતિની ભલામણને ધ્યાને લઈ વધુ ૧૧ માસ માટે પાંચ કાર્ય દિવસનો બ્રેક આપી નિમણુંક આપવાનું નક્કી કરવામાં આવ્યું. તેમજ પીજીડીસીએ કો–ઓર્ડીનેટરના વર્તમાન પગાર બાબતે ચર્ચા–વિચારણાને અંતે રૂા.૧૦,૦૦૦/–ની જગ્યાએ પગાર વધારો કરી રૂા.૧૫,૦૦૦/– માસીક પગાર આપવાનું નક્કી કરવામાં આવ્યું તેની અમલવારી હવે પછી જે કરાર કરવામાં આવે ત્યારથી કરવી તેમ નક્કી કરવામાં આવ્યું.

૩૭.૦૬ રાજયકક્ષાની આગામી ૨૬ મી જાન્યુઆરી ૨૦૧૫ ના રોજ પ્રજાસત્તાક દિનની ઉજવણી વેરાવળ–સોમનાથ ખાતે થનાર હોઈ યુનિવર્સિટીનાં બંન્ને બાંધકામો માર્ગ–મહાન વિભાગ પૂર્ણ કરી આપે તો કલેકટર કચેરીને જાણ કરી તેનુ લોકાર્પણ માન.મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે કરાવવાનું નક્કી કરવામાં આવ્યું. તેમજ જો લોકાર્પણ કરવાનું થાય તેની સદર કાર્યક્રમ અંર્તગત તેમજ અન્ય કોઈ કલેકટર કચેરી દ્વારા કામગીરી યુનિવર્સિટીને સોંપવામાં આવે તો કાર્યક્રમ સબબમાં થનાર તમામ ખર્ચને મંજુરી આપવામાં આવી.

## ૩૭.૦૭ મહાનુભાવોનાં સુચનો :–

યુનિવર્સિટીના એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રી તથા સંચાલિત સંસ્કૃત કોલેજના પ્રિન્સિપાલશ્રીએ પોતાના નિવાસ સ્થાન માટે, કોલેજની ઓફીસ માટે, તેમજ કાર્યાલય માટે કેટલીક સુવિધાઓની માંગણી કરેલ હતી. જે બાબતે ચર્ચા–વિચારણાને અંતે નિર્ણય કરવામાં આવ્યો કે, યુનિવર્સિટીમાં વિશેષ ગ્રાંન્ટ રાજય સરકાર તરફથી મળે ત્યારે ઉકત બાબતને ઈ.સી.માં મૂકી નિયમોનુસારની કાર્યવાહી કરવી તેમ નક્કી થયુ. તેમજ હાલ યુનિવર્સિટી/કોલેજના ઉપયોગ માટે મોબાઈલના ટેલીફોન બીલ પેટે માસિક રૂા.૩૦૦/–ની મર્યાદામાં વપરાશ મુજબ (૧)પ્રિન્સીપાલશ્રી, યુનિવર્સિટી સંચાલિત સંસ્કૃત કોલેજ, (૨)અધ્યક્ષશ્રી, અનુસ્નાતક વિભાગ (૩)પરીક્ષા નિયામકશ્રી, તથા (૪) કચેરી અધિક્ષકને રૂા.૧૫૦/–ની મર્યાદામાં આપવાનું નક્કી કરવામાં આવ્યું. જેની અમલવારી ડિસેમ્બર–૨૦૧૫ થી કરવાનુ નક્કી કરવામાં આવ્યું.

## ૩૭.૦૮ અધ્યક્ષ સ્થાનેથી :–

૩૭.૦૮.૦૧: તા.૦૨/૧૨/૨૦૧૫ના રોજ મળેલ બાંધકામ સમિતિમાં લેવાયેલા નિર્ણયને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૩૭.૦૮.૦૨: તા.૦૨/૧૨/૨૦૧૫ના રોજ મળેલ ખરીદ સમિતિમાં લેવાયેલા નિર્ણયને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૩૭.૦૮.૦૩: તા.૦૩/૧૨/૨૦૧૫ના રોજ મળેલ ગ્રંથાલય સમિતિમાં લેવાયેલા નિર્ણયની કાર્યનોંધમાં ૦૧.૧૧, ૦૧.૧૨ માં ૦૧.૧૪ માટે યુનિવર્સિટી ગ્રાંન્ટને ધ્યાનમાં રાખી આગામી એફ.સી.માં બાબત મુકવાનું નક્કી કરવામાં આવ્યું. ૦૧.૧૩ બાબતે સરકારશ્રીમાં હાલ ૩(ત્રણ) ભવનો માટે દરખાસ્ત કરેલ હોઈ જે મંજુર થયેથી આગામી નવી દરખાસ્તમાં ગ્રંથાલય બિલ્ડીંગની માંગણી કરવાનું નક્કી કરવામાં આવ્યું. હાલમાં આ બાબત સ્થગિત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો. ૦૧.૧૫ બાબતે અગાઉ ઈ.સી.માં લેવાયેલ નિર્ણય યથાવત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો. બાકીના મુદાઓને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

બેઠકને અંતે કુલસચિવશ્રીએ સર્વે મહાનુભાવોનો આભાર વ્યકત કર્યો હતો.

(ડૉ.દશરથ જાદવ)
કા.કુલસચિવ

## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## નાણાંસમિતિ તથા એકઝીકયુટીવ કાઉન્સિલની સંયુકત બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની નાણાં સમિતિ તથા ૩૮ મી એકઝીકયુટીવ કાઉન્સીલની સંયુકત બેઠકનું ખાસ આયોજન તા.૦૬/૦૨/૨૦૧૬ના રોજ બપોરે ૩:૦૦ કલાકે યુનિવર્સિટી ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે પ્રમાણેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
(૨) ડૉ.કૃષ્ણપ્રસાદ નિરૌલા – એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રી
(૩) શ્રી મેહુલભાઈ ભટ્ટ – એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રી
(૩) ડૉ.નરેન્દ્રકુમાર એલ.પંડયા – એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રી
(૪) ડૉ.રાજેન્દ્રપ્રસાદ શુકલા – એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રી
(૫) શ્રી કે.એન. ખેર – નાણાં સમિતિના સભ્યશ્રી
(૬) ડૉ.આર.પી.ભટ્ટ – નાણાં સમિતિના સભ્યશ્રી
(૬) ડૉ.દશરથ જાદવ – કા.કુલસચિવ
(૭) ઈ.ચા.મુખ્ય હિસાબી અધિકારીશ્રી

**૩૮.૦૧** આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા પદવીદાન સમારોહ તથા આંતરાષ્ટ્રીય કોન્ફરન્સ ખર્ચ પૈકી રૂા.૧૦,૦૦,૦૦૦/– અંકે રૂપિયા દસ લાખ પુરા રાજય સરકાર દ્વારા મંજુર થયેલ ગ્રાંન્ટમાંથી રાજય સરકારના શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક : સસય/૨૭૧૨/૬૧૦૨૦૧૫/ખ–૨ તા.૦૩/૦૨/૨૦૧૬ મુજબ રૂા.૨૦,૦૦,૦૦૦/– અંકે રૂપિયા વીસ લાખ પુરા યુનિવર્સિટીને ફાળવેલ નિભાવ અનુદાનની બચતમાંથી તથા વધારાનો ખર્ચ રજીસ્ટ્રેશનફીની આવક અને તેમ છતાંય વધારે ખર્ચ થાય તો તેને પહોંચી વળવા માટે યુનિવર્સિટીના સ્વ–નિર્ભર ભંડોળમાંથી ખર્ચ કરવાનો ઠરાવ કરવામાં આવે છે.

**૩૮.૦૨ મહાનુભાવોનાં સુચનો :–**

યુનિવર્સિટી દ્વારા પદવીદાન સમારોહ તેમજ આંતરાષ્ટ્રીય કોન્ફરન્સ હાલમાં જે તૈયારી કરવામાં આવી તેને બિરદાવવામાં આવી અને બંન્ને કાર્યક્રમ ગરીમાપૂર્ણ યોજાય તે રીતે કામગીરી કરવાનું ઉપસ્થિત તમામ મહાનુભાવો દ્વારા સુચવવામાં આવ્યું તેમજ શ્રી કૃષ્ણપ્રસાદ નિરૌલાજીને શ્રી ગોપાલકૃષ્ણ ટ્રસ્ટ દ્વારા ગુજરાત રાજયનાં સંસ્કૃત વ્યાકરણનાં વિદ્વાન તરીકે સન્માન મળતાં શુભેચ્છા પાઠવવામાં આવી.

**૩૮.૦૩ અધ્યક્ષ સ્થાનેથી :–**

**(૧)** મુખ્ય હિસાબી અધિકારીશ્રીની પૂર્વ R.R. મુજબ જાહેરાત આપવી અને ૧૦ થી વધુ ઉમેદવારોની અરજી આવે તો લેખિત પરીક્ષાનું આયોજન કરી ઉમેદવારોના ઈન્ટરવ્યુ કરવા.

**(૨)** P.A. માટે પૂર્વવત નિયમોથી જાહેરાત આપવી ટેસ્ટ લેવી. મૌખિક ઈન્ટરવ્યુ ન કરવા.

(૩) કલાર્ક માટે પૂર્વવત નિયમો રાખીને જાહેરાત આપવી ઈન્ટરવ્યુ ન કરવા તથા લેખિત પરીક્ષા લઈ ૦૧ જગ્યા સામે ૧૫ ઉમેદવારોને બોલાવી કમ્પ્યુટર ટેસ્ટ લઈ બંને પરીક્ષાનાં સંયુકત પરીણામને ધ્યાને લઈ મેરીટ તૈયાર કરી પ્રથમ ક્રમાંકે હોય તેની પસંદગી કરવી. કમ્પ્યુટરની ટેસ્ટમાં ચારેય ભાષા(ગુજરાતી,હિન્દી,સંસ્કૃત અને અંગ્રેજી) ટાઈપીંગ કરવાનું રહેશે અને તે ૧૦૦ માર્કસની રહેશે.

બેઠકને અંતે કુલસચિવશ્રીએ સર્વે મહાનુભાવોનો આભાર વ્યકત કર્યો હતો.

**(ડૉ.દશરથ જાદવ)**
**કા.કુલસચિવ**

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

## એકઝીકયુટીવ કાઉન્સિલની બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકઝીકયુટિવ કાઉન્સિલની ૩૯મી બેઠકનું આયોજન તા.૨૨ જૂન, ૨૦૧૬નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી–અધ્યક્ષશ્રી

(૨) ડો.કૃષ્ણપ્રસાદ નિરૌલાજી

(૩) ડો.રાજેન્દ્રપ્રસાદ શુકલાજી

(૪) પ્રો.અર્ચનાબેન દુબેજી

(૫) શ્રી મેહુલભાઈ ભટ્ટ – હાલ વિદેશ હોય ટેલીફોનિક ઉપસ્થિત ન રહી શકવા જણાવેલ હતું.

(૬) ડો.દશરથ જાદવ – કા.કુલસચિવ

સૌ પ્રથમ માનનીય કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું તેમજ ચર્ચા–વિચારણાને અંતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

**39.1** તા.૦૬/૦૨/૨૦૧૬ થી તા.૨૧/૦૬/૨૦૧૬ સુધીનો વિસ્તૃત અહેવાલ રજુ કરાતા કરેલ કામગીરીની નોંધ લેવામાં આવી અને તેની બહાલી આપવામાં આવી.

**39.2** તા.૦૬/૦૨/૨૦૧૬ની ૩૮મી એકઝીકયુટીવ કાઉન્સિલની બેઠક તેમજ નાણાં સમિતિની સંયુકત બેઠકની કાર્યનોંધને બહાલી આપવા આવી.

**39.3** તા.૩૦/૦૪/૨૦૧૬નાં રોજની ૨૩મી એકેડેમીક કાઉન્સીલની બેઠકમાં લેવાયેલ તમામ નિર્ણયોને બહાલી આપવામાં આવી.

**39.4** તા.૧૬/૦૬/૨૦૧૬નાં રોજની ખરીદ સમિતિ તથા બાંધકામ સમિતિની બેઠકમાં લેવાયેલ તમામ નિર્ણયોને બહાલી આપવામાં આવી.

**39.5** તા.૧૭/૦૬/૨૦૧૬નાં રોજની ફાયનાન્સ રેગ્યુલેશન સમિતિ દ્વારા તૈયાર કરવામાં તેમજ ભલામણ કરવામાં આવેલ યુનિર્સિટીનાં રેગ્યુલેશન ૩૮,૩૯અને ૪૦ને માન્ય રાખી મંજૂરી આપવામાં આવી.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

39.6 તા.૧૮/૦૬/૨૦૧૬નાં રોજની નાણાં સમિતિની બેઠકમાં લેવાયેલ તમામ નિર્ણયોને બહાલી આપવામાં આવી.

39.7 માન.કુલપતિશ્રી દ્વારા રોટેશન મુજબ અનુસ્નાતક વિભાગનાં અધ્યક્ષ તરીકે પ્રો.વિનોદકુમાર ઝાની નિમણૂંક કરવામાં આવી તેની નોંધ લેવામાં આવી તેમજ કરેલ કામગીરી/કાર્યપધ્ધતિને બહાલી આપવામાં આવી.

39.8 યુનિવર્સિટીનાં સત્તામંડળ એકઝીકયુટીવ કાઉન્સિલનાં સભ્ય તરીકે ડો.નરેન્દ્રકુમાર પંડયાએ રાજીનામું આપતા માન.કુલપતિશ્રી દ્વારા ગ્રાહય રાખી યુનિવર્સિટી એકટની જોગવાઈ મુજબ તેઓની જગ્યાએ પ્રો.અર્ચનાબેન દુબેને મનોનિત કરતા તે અંગેની નોંધ લીધી. તેમજ નવા વરાયેલા સભ્યશ્રીને સૌ મહાનુભાવો દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી.

39.9 યુનિવર્સિટીનાં નવા નિમાયેલા શૈક્ષણિક તથા વહીવટી અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓની લાંબાગાળાની નિમણૂંક બાબતે ચર્ચા વિચારણાને અંતે સરકારશ્રીમાં પત્ર લખી રજુઆત કરી જવાબ મળ્યેથી આગળની કાર્યવાહી કરવી તેમ નક્કી કરવામાં આવ્યું તેમજ માન.કુલપતિશ્રી દ્વારા તેઓનાં ઈજાફા(ઈન્ક્રીમેન્ટ) આપવા અંગે સરકારશ્રીમાંથી માહિતી મેળવીએ તેમજ યુનિવર્સિટીમાં આવા કેસમાં શું થયેલ છે તેની માહિતી મેળવી આગામી એકઝીકયુટીવ કાઉન્સીલમાં મુકવાનું નકકી કરવામાં આવ્યું.

39.10 યુનિવર્સિટીમાં એસો.પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડો.મહેન્દ્રકુમાર દવેને લાંબા ગાળની નિમણૂંક કર્યાની બાબતે નોંધ લેવામાં આવી.

39.11 યુનિવર્સિટી ખાતે કમ્પ્યુટર પ્રોગ્રામર સહાયક તરીકે ફિકસ પગારથી ફરજ બજાવતાં શ્રી હરેશકુમાર એ.ખેર ન્રો ફિકસ પગારનો સમયગાળો આગામી સપ્ટેમ્બર–૨૦૧૬માં પૂર્ણ થતો હોઈ, પૂર્ણ થયેથી પૂરા પગારમાં સમાવવા તથા લાંબાગાળાની નિમણૂંક કરવા માટે નિયમાનુસારની કાર્યવાહી કરવાની બહાલી આપવામાં આવી.

39.12 યુનિવર્સિટી દ્વારા મુખ્ય હિસાબી અધિકારીશ્રીની કાયમી ભરતી માટેની કરવામાં આવેલ કામગીરીને બહાલી આપવામાં આવી તેમજ માન.કુલપતિશ્રી દ્વારા સદર જગ્યા માટેની ભરતીમાં તેનાં રેગ્યુલેશન બનાવવા સમિતીનું ગઠન કરેલ તેની માન્યતા આપી તેમજ ઝડપથી જગ્યા ભરાય તે માટે ત્વરીત



શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

સમિતિની બેઠક બોલાવી, રેગ્યુલેશન બનાવી એકઝીકયુટીવ કાઉન્સીલમાં મુકી ભરતી પ્રક્રિયાની આગળની કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું.

39.13 યુનિવર્સિટી દ્વારા કાયમી કલાર્ક તથા સ્ટેનોગ્રાફર ભરતી પ્રક્રિયા કરવામાં આવેલી છે. જેમાં કરવામાં આવેલ કામગીરીને બહાલી આપવામાં આવી તેમજ કલાર્કમાં પસંદગી પામેલ ઉમેદવાર શ્રી હિરેન આર. કુબાવતને નિમણુંક પત્ર આપવાનું નક્કી કરવામાં આવ્યું. તેમજ સ્ટેનોગ્રાફરમાં વિષય નિષ્ણાંતના ઓપીનીયનને ધ્યાને લઈ કોઈ ઉમેદવારની પસંદગી થયેલ ન હોઈ તે માટે કરેલ ભરતી પ્રક્રિયાને રદ કરવામાં આવી. તેમજ સ્ટેનોગ્રાફરની ભરતી કરવા માટે અત્રેની યુનિવર્સિટી હાલના ભરતીના નિયમો છે તેમાં સુધારો કરવા માટે અન્ય યુનિવર્સિટી અને ગૌણ સેવા પસંદગી મંડળના જે ભરતી પ્રક્રિયા રુલ્સ એન્ડ રેગ્યુલેશન(વર્તમાનમાં) છે તેને ધ્યાને લઈ નવા નિયમો બનાવવા માટે કમિટિ બનાવવાનું નક્કી થયું. જે કમિટિનું ગઠન કરવા માટેની સત્તા માન.કુલપતિશ્રીને આપવામાં આવી.

39.14 યુનિવર્સિટીનાં ૧૧ મહિનાના કરાર આધારિત જગ્યા માટેનાં ઈન્ટરવ્યુ તા.૦૮/૦૬/૨૦૧૬નાં રોજ આયોજિત કરવામાં આવેલ તે માટે કરેલ ભરતી પ્રક્રિયાને બહાલી આપવામાં આવી. જેમાં પસંદગી પામેલ યોગ પ્રાધ્યાપકમાં દષ્ટ્રિ જે. બારૈયા, પી.જી.ડી.સી.એ. કલાર્કમાં ૧) ચુડાસ્મા વિશાલ ડી. ૨) વાજા નરેન્દ્ર જે., હોસ્ટેલ મેટ્રન(ગૃહમાતા)માં ૧) ગોસાઈ મીનાબેન એસ., ૨) ઓઝા દક્ષાબેન પી. ઉકત જગ્યા પર નિમણુંક પામેલ ઉમેદવારને નિમણુંક પત્ર આપવાનો નિર્ણય કરવામાં આવ્યો અને કમ્પ્યુટર લેકચરરમાં મહેશ જી. ઝાલાની નિમણુંક બાબતે ચર્ચાને અંતે નિર્ણય કરવામાં આવ્યો કે યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લઈ નિમણુંક આપવી. જે માટે પી.જી.ડી.સી.એ.કોર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લઈ કોર્ષ ચલાવવા અંગેનો નિર્ણય માન.કુલપતિશ્રી કરશે તેમ નક્કી કરવામાં આવ્યું. અને કોર્ષ ચલાવવાનો થાય તો જ પસંદગી પામેલ ઉમેદવારને નિમણુંક આપવી તેમ સર્વાનુમતે નક્કી થયું.

39.15 યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગનાં અધ્યક્ષશ્રી તથા યુનિવર્સિટી સંચાલિત કોલેજનાં આચાર્યશ્રીને વેકેશનમાં યુનિવર્સિટી/કોલેજ અને ડિપાર્ટમેન્ટમાં હાજર રહેવા અંગે ચર્ચા વિચારણાને અંતે નિર્ણયે કરવામાં આવ્યો કે યુનિવર્સિટી એ સ્વાયત સંસ્થા છે. સીધી જ સરકાર સાથે સંકળાયેલ હોઈ તેમજ સદર જગ્યાઓ નોન–વેકેશનલ હોઈ આ બાબતે સરકારી કોલેજ તેમજ અન્ય યુનિવર્સિટીની

કન્સ્ટીટયુટ કોલેજના પ્રાધાનાચાર્ય માટે વેકેશનના નિયમો શુ છે ? તેમજ અનુસ્નાતક વિભાગના અધ્યક્ષ માટે અન્ય યુનિવર્સિટીમાંથી નિયમો મંગાવી આગામી એકઝીકયુટીવ કાઉન્સીલમાં મુકી નિર્ણય કરવાનું નક્કી કરવામાં આવ્યું.

39.16 અનુસ્નાતક વિભાગમાં વિદ્યાર્થીઓની સંખ્યા તથા યુનિવર્સિટીનાં અન્ય વહીવટી વિભાગોની કામગીરીના ભારણને ધ્યાને લઈ જે મુજબનાં વર્ગ–૩નાં કર્મચારી માન.કુલપતિશ્રીની મંજુરી મેળવીને જરૂરીયાત મુજબ રોજમદારને ફાળવવા અંગે નિર્ણય કરવામાં આવ્યો. તેમજ તે સબબનો ખર્ચ યુનિવર્સિટીના સ્વનિર્ભર ફંડમાં કરવાનો રહેશે નક્કી કરવામાં આવ્યું.

39.17 યુનિવર્સિટીમાં ભાઈઓ માટે ચાલતી હોસ્ટેલમાં હોસ્ટેલ સમિતિના ગઠન માટે ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવી તથા તેમાં નામો મનોનીત કરવાની સત્તા માન.કુલપતિશ્રીને આપવામાં આવી.

- હોસ્ટેલ ભાઈઓ માટે :– (૧) અનુ.વિભાગના અધ્યક્ષશ્રી, (૨) આચાર્યશ્રી, યુનિવર્સિટી કન્સ્ટીટયુટ સંસ્કૃત કોલેજ (૩) એક પ્રાધ્યાપકશ્રી કોલેજ, (૪) એક પ્રાધ્યાપકશ્રી, અનુ.વિભાગમાંથી (૫) ઈજનેરશ્રી, (૬) હિસાબનીશ, (૭) કચેરી અધિક્ષક, (૮) કોલેજ કલાર્ક

  નોધ : ઉકત સમિતિમાં સમિતિના અધ્યક્ષ સ્થાને યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના અધ્યક્ષશ્રી તેમજ કન્સ્ટીટયુટ કોલેજના આચાર્યશ્રી રોટેશન મુજબ ૧–૧ વર્ષ ફરજ બજાવશે એમ નક્કી કરવામાં આવ્યું.

- હોસ્ટેલ બહેનો માટે :– (૧) પ્રોફેસર, મહિલા(અધ્યક્ષા) (૨) એક પ્રાધ્યાપકશ્રી – મહિલા, (૩) ઈજનેરશ્રી, (૪) હિસાબનીશ, (૫) કચેરી અધિક્ષક, (૬) યુનિવર્સિટી કલાર્ક – મહિલા

હોસ્ટેલ સમિતિ કામગીરી અંગે માન.કુલપતિશ્રી દ્વારા સમિતિ બનાવી નિયમો બનાવવામાં આવશે.

39.18 યુનિવર્સિટીમાં અનુસ્નાતક વિભાગમાં તથા કોલેજમાં આવતા મુલાકાતી વ્યાખ્યાતાઓને પ્રતિ વ્યાખ્યાના દીઠ રૂા.૨૫૦/– વેતન આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

39.19 યુનિવર્સિટીનાં કર્મચારીઓને એન.ઓ.સી.બાબતે પુખ્ત વિચારણાને અંતે અગાઉ થયેલા નિયમ યથાવત રાખવામાં આવ્યો પરંતુ અરજદારની અરજી અને વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ



શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

માન.કુલપતિશ્રીને યોગ્ય જણાય તો જે –તે કર્મચારીને એન.ઓ.સી આપવાની મંજુરી આપી શકશે આમ આ બાબતે માન.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી.

39.20 યુનિવર્સિટીમાં ફરજ બજાવતા સંશોધન અધિકારી તથા ગ્રંથપાલને ડી.એલ.આપવા અંગે સદર જગ્યાઓ વહીવટી ગણાતી હોઈ તેઓને ડી.એલ.આપવાની રહેતી નથી. પરંતુ તેઓની અરજી અને વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ ડી.એલ. અરજીની સમીક્ષા કરી માન.કુલપતિશ્રીને મંજુર કરવાની સત્તા આપવામાં આવી. તેમજ યુનિવર્સિટી ગ્રંથાલયના સ્ટાફને નોન વેકેશનલ સ્ટાફ ગણતા બીજા અને ચોથા શનીવારે કોલેજ ભવન ખુલ્લા હોવાથી આવવુ તેમજ સંપુર્ણ ગ્રથાલય બંધ રાખવુ ઉચિત ન હોઈ ગ્રંથાલય સ્ટાફમાંથી અડધો સ્ટાફ બીજા શનિવારે તથા અડધો સ્ટાફ ચોથા શનિવારે આવે તેમ નક્કી કરવામાં આવ્યું. આથી કોઈપણ એકને રજા આપી શકાય અને ગ્રંથાલય બંધ પણ ન રહે તેમ નક્કી કરવામાં આવ્યું.

39.21 યુનિવર્સિટી પરીક્ષા/પ્રવેશ વિભાગની કામગીરી યુનિવર્સિટી દ્વારા પ્રોગ્રામીંગથી તથા કાર્યાન્વત માટે આઉટ સોર્સીગથી કરવામાં આવેલ હવે ચાલુ વર્ષથી સદર કામગીરી યુનિવર્સિટી દ્વારા કરવામાં આવનાર છે. તેમજ પી.જી.ડી.સી.એ. ઓનલાઈન પરીક્ષાનું પ્રાવધાન કરવામાં આવેલ હોઈ યુનિવર્સિટી કમ્પ્યુટર પ્રોગ્રામરને જરૂરી પ્રોગ્રામીંગ કરવા માટે અને કાર્યાન્વિત કરવા માટે ટેકનીકલ સહાયકની આવશ્યકતા હોઈ સહાયક આપવા અંગે ચર્ચા–વિચારણાને અંતે માસિક રૂા.૧૫,૦૦૦/– પગારથી ૧૧ માસ માટે રાખવા અને સંબંધિત ખર્ચ સ્વનિર્ભર ભંડોળમાંથી કરવાનું નક્કી કરવામાં આવ્યું જેના લાયકાત વગેરે ધોરણો નક્કી કરવા માન.કુલપતિશ્રીને સત્તા આપવાનું ઠરાવવામાં આવ્યું.

39.22 યુનિવર્સિટી ઈજનેર મનિષકુમાર આર.પોપટ યુનિવર્સિટીને જાણ કર્યા બહાર રજા પર રહેલ તે બાબતે ' સંબંધિત ફાઈલનો એકઝીકયુટીવ કાઉન્સીલના સૌ સભ્યશ્રીઓએ અભ્યાસ કરી ચર્ચા–વિચારણાના અંતે યુનિવર્સિટીની શિસ્ત અને અનુશાસન કાયમ રાખવા માટે તેઓની સી.એલ.માન્ય ન રાખતા તેઓની દિન–૨(બે) ની બિનપગારી રજા (LWP) ગણી બે દિવસનો પગાર કાપવાનું નક્કી કરવામાં આવ્યું. તેમજ પુનઃ આવી રીતે ફરજ પ્રત્યે પોતાની બેદરકારી ન દાખવે અને યુનિવર્સિટી/સરકાશ્રીના સુશાનન પ્રમાણે પોતાની ફરજ બજાવે તે પ્રકારની યાદી પાઠવવાનું નક્કી કરવામાં આવ્યું. તેમજ યુનિવર્સિટી સુશાસન જળવાઈ રહે તે માટે કોઈ

સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

અધિકારશ્રી/કર્મચારીશ્રી વહીવટી પ્રક્રિયામાં ગેરશીસ્ત તેમજ પોતાની ફરજ બજાવવામાં બેદરકારી ન દાખવે તે માટે તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓના ધ્યાન દોરવુ એમ નક્કી કરવામાં આવ્યું.

39.23 યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ ટેન્ડર પ્રક્રિયાની કામગીરી અંગે સમિતિને અવગત કરવામાં આવી અને સમિતિએ કરેલ કામગીરીને બહાલી આપવામાં આવી. તેમજ વહીવટી પ્રક્રિયા નિયમનુસાર કરવાનું નક્કી કરવામાં આવ્યું.

39.24 યુનિવર્સિટી ખાતે તા.૨૧/૦૬/૨૦૧૬નાં રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી જેની કમિટિ દ્વારા નોંધ લેવામાં આવી. તેમજ યુનિવર્સિટી કર્મચારીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા.

39.25 મહાનુભાવોના સુચનોમાં – યુનિવર્સિટી આગામી NAAC માં જવાની તૈયારી કરી રહી છે ત્યારે ગ્રંથાલય તેમજ અન્ય સંબંધિત વિભાગો પોતાના વિભાગની અપેક્ષીત તૈયારી કરે તેમ સૂચન કરેલ છે.

39.26 અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે.

– યુજીસી દ્વારા શૈક્ષણિક કર્મચારીઓના વર્કલોડ અંગે થયેલ પરિપત્રનો અમલ કરવા અંગે નિર્ણય કરવામાં આવ્યો.

– હોસ્ટેલના વિદ્યાર્થીઓની નિયમિતતા તથા ભોજન વ્યવસ્થા વગેરેની કામગીરી જોવા માટે હોસ્ટેલમાં ફુલટાઈમ માટે ૧ (એક) વિદ્યાર્થી સહાયક M.PhiL, Ph.D કરનાર વર્તમાન કે પૂર્વ વિદ્યાર્થીને રાખવા તેમજ તેને ભોજન નિવાસની વ્યવસ્થા સાથે માસિક રૂ.૫,૦૦૦/– ની મર્યાદામાં પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવ્યું. ઉમેદવારને પસંદગી કરવા માટે માન.કુલપતિશ્રીને સતા આપવામાં આવી. સદર ખર્ચ યુનિવર્સિટીના સ્વભંડોળમાંથી કરવાનું નક્કી થયું.

બેઠકનાં અંતે કા.કુલસચિવશ્રીએ સર્વે મહાનુભાવોનો આભાર વ્યકત કર્યો.

(ડૉ.દશરથ જાદવ)
કા.કુલસચિવ

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

## એકઝીકયુટીવ કાઉન્સિલની બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકઝીકયુટિવ કાઉન્સિલની ૪૦મી બેઠક તા.૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૬નાં રોજ બપોરે ૨:૩૦ કલાકે યુનિવર્સિટી ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
(૨) શ્રી મેહુલભાઈ ભટ્ટ
(૩) ડૉ.કૃષ્ણપ્રસાદ નિરૌલાજી
(૪) ડૉ.રાજેન્દ્રપ્રસાદ શુકલાજી
(૫) પ્રો.અર્ચનાબેન દુબેજી
(૬) ડૉ.દશરથ જાદવ – કા.કુલસચિવ

સૌ પ્રથમ માનનીય કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું તેમજ ચર્ચા–વિચારણાને અંતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

**૪૦.૦૧** તા.૨૨/૦૬/૨૦૧૬ થી તા.૧૩/૦૯/૨૦૧૬ સુધીનો કામગીરીનો વિસ્તૃત અહેવાલ રજુ કરાતા કરેલ કામગીરીની નોંધ લેવામાં આવી અને તેની બહાલી આપવામાં આવી.

**૪૦.૦૨** તા.૨૨/૦૬/૨૦૧૬ની ૩૯મી એકઝીકયુટીવ કાઉન્સિલની બેઠકની કાર્યનોંધને બહાલી આપવામાં આવી.

**૪૦.૦૩** તા.૧૪/૦૯/૨૦૧૬નાં રોજની નાણાંસમિતિની બેઠકમાં લેવાયેલ તમામ નિર્ણયોને બહાલી આપવામાં આવી.

**૪૦.૦૪** યુનિવર્સિટીના પ્રો.અર્ચના દૂબે(પ્રોફેસર–સાહિત્ય)નો બે વર્ષનો અજમાયશી સમયગાળો પૂર્ણ થતા કરેલ લાંબાગાળાની નિમણૂંકનાં આદેશને બહાલી આપવામાં આવી.

**૪૦.૦૫** યુનિવર્સિટીના કમ્પ્યુટર પોગ્રામરની લાંબાગાળાની નિમણુંકને બહાલી આપવામાં આવી.

**૪૦.૦૬** યુનિવર્સિટી દ્વારા મુખ્ય હિસાબી અધિકારી અને સ્ટેનોગ્રાફર (ગુજરાતી)ની લાયકાત તથા અનુભવના ધોરણોમાં કરેલ આંશિક ફેરફાર બાબતે નિમાયેલ સમિતિની ભલામણોને માન્ય રાખી બહાલી આપવામાં આવી તેમજ મુખ્ય હિસાબી અધિકારીની જગ્યા માટે લાયકાત તથા અનુભવના ધોરણોમાં કરેલ આંશિક ફેરફારની રાજય સરકારમાંથી બહાલી મળ્યેથી મુખ્ય હિસાબી અધિકારી અને સ્ટેનોગ્રાફર (ગુજરાતી)ની જગ્યા માટે જાહેરાત આપીને ભરતી પ્રક્રિયા કરવી એમ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.

**૪૦.૦૭** યુનિવર્સિટી દ્વારા પીજીડીસીએ કો–ઓર્ડીનેટરની કરેલ નિમણુંકને બહાલી આપવામાં આવી.

૪૦.૦૮ સાહિત્ય વિષયના પ્રાધ્યાપકની જગ્યા માટે સરકારશ્રીમાંથી મંજુરી મળેલ પરંતુ સદર ભરતી પ્રક્રિયાના એક ઉમેદવાર દ્વારા નામદાર હાઈકોર્ટમાં કેશ દાખલ કરેલ છે. તે સબબમાં યુનિવર્સિટી દ્વારા વકીલની પેનલ બનાવવામાં આવેલ છે તો યુનિવર્સિટી વતીથી કેશ સંભાળતા વકીલશ્રીનો અભિપ્રાય મેળવીને આગળની કાર્યવહી કરવી તેમ નક્કી કરવામાં આવ્યું.

૪૦.૦૯ શૈક્ષણિક કર્મચારીઓની વેકેશનમાં કરેલ કામગીરીની રજા ઈ.એલ.અંગે નીચે મુજબના નિયમો બનાવવામાં આવ્યા.

– રાજય સરકારશ્રીના વેકેશન ભોગવતા કર્મચારીઓ માટે બનાવેલ નિયમો અનુસાર ૩ દિવસની સામે ૧ ઈ.એલ.જમા કરવાનું નક્કી કરવામાં આવ્યું. પરંતુ જો કોઈ કર્મચારી પ્રસ્તુત રજાના દિવસે સોંપવામાં આવેલ કામગીરીના ભાગરૂપે ટી.એ.ડી.એ.ની માંગણી કરે તો તેને ઈ.એલ.રજા આપવી નહી તેમ નક્કી કરવામાં આવ્યું.

૪૦.૧૦ અગાઉની ઈ.સી. બેઠકમાં ઠરાવ ક્રમાંક.૩૧.૪ થી થયેલ નિર્ણયમાં ફેરવિચારણા કરી જે પરીક્ષાર્થીએ જે–તે કક્ષામાં જેટલા પેપરની ઉત્તરવહી લખેલ હોઈ તે તમામ ઉત્તરવહી બતાવવી તેમ નિર્ણય કરવામાં આવ્યો.

૪૦.૧૧ પીજીડીસીએ અભ્યાક્રમ ચલાવવા સબબનો રાજય સરકારના શિક્ષણ વિભાગ,ગાંધીનગરમાંથી ખુલાસો માંગેલ તે સબબનો યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ ખુલાસા અને મોકલેલ માહિતી માન્ય રાખી બહાલી આપવામાં આવી તેમજ સરકારશ્રીમાંથી આ અંગેનો કોઈ ચોક્કસ આદેશ ન થાય ત્યાં સુધી અગાઉની જેમ પીજીડીસીએ અભ્યાક્રમ ચલાવવો એમ નક્કી કરવામાં આવ્યું વધુમાં સરકારશ્રીમાંથી આદેશ મળ્યેથી યુનિવર્સિટી સત્તામંડળ એકેડેમિક કાઉન્સિલ અને એકઝીકયુટીલ કાઉન્સીલની બેઠકમાં નિર્ણય કરવા માટે બાબત રજુ કરવી અને તેમાં જે નિર્ણય કરવામાં આવે તે મુજબની કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું.

૪૦.૧૨ પીજીડીસીએ અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષઃ૨૦૧૬–૧૭માં નવા કુલ–૦૮ સ્ટડી સેન્ટરને આપલ માન્યતાને બહાલી આપવામાં આવી.

૪૦.૧૩ યુનિવર્સિટી કેમ્પસમાં કરવામાં આવેલ વૃક્ષારોપણના જતન કરવા માટે યુનિવર્સિટી કક્ષાએથી જરૂરી પ્રબંધ કરી પાણીની વ્યવસ્થા પુરી પાડવા સહિતની જરૂરી કામગીરી કરવા જણાવવામાં આવ્યુ તેમજ તે સબબનો થનાર ખર્ચ મંજુર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૪૦.૧૪ યુનિવર્સિટી પરિસરમાં મુકવામાં આવેલ વેદવ્યાસ ભગવાનની મૂર્તિને ગરીમાપૂર્ણ રીતે વુડન ફ્રેમીંગ તથા એક્રેલીક શીટ વડે કવર અંગે નિર્ણય કરવામાં આવ્યો.

૪૦.૧૫ ભારતવાણી Project (MHRD, GOI, New Delhi) અંતર્ગત આપણી યુનિવર્સિટીએ Central Institute of Indian Languages , Mysuru સાથે Assignment of Copyright (100 Rs.નાં ફ્રેન્કિંગ સ્ટેમ્પ પર) કરેલ છે અને તે અંતર્ગત જાહેર જનતાના હિતમાં યુનિવર્સિટીના ચોવીસ (24) જેટલાં પ્રકાશનો ભારતવાણી Online Portal પર મૂકવાની બહાલી આપવામાં આવી.

૪૦.૧૬ યુનિવર્સિટી દ્વારા નવા તૈયાર કરેલ પી.એચડી.ના નિયમ અનુસાર કરેલ કામગીરીને બહાલી આપવામાં આવી.

૪૦.૧૭ યુનિવર્સિટીના વર્તમાન એમ.ફીલ/પી.એચડી.ના નિયમોમાં યુ.જી.સી.ના નવા–૨૦૧૬ના નિયમો અનુસાર જરૂરી સુધારા–વધારા કરી તે મુજબની આગળની કાર્યવાહી કરવી તેમ નક્કી કરવામાં આવ્યું.

૪૦.૧૮ યુનિવર્સિટીની તમામ વિગતોનો સમાવેશ થાય અને યોગ્ય પ્રચાર/પ્રસાર થાય તેને ધ્યાનમાં લઈ પરિચય ડોકયુમેન્ટરી ફિલ્મ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું તેમજ પ્રસ્તુત કામગીરી માટે પ્રોફેશનલ એજન્સીઓની મદદ લઈ કામગીરી કરાવવી તેમ નક્કી કરવામાં આવ્યું.

૪૦.૧૯ પી.એમ.સી.માટે નાણાં સમિતિમાં લેવાયેલ નિર્ણયને માન્ય રાખી જરૂરી સુધારા–વધારા સાથે રી–ઈટેન્ડર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

**૪૦.૨૦ મહાનુભાવોના સુચનોમાં –**

**૪૦.૨૦.૦૧** – ગુજરાત રાજયમાં સંસ્કૃત સંબંધિત હસ્તપત્રો કે અલગ ગ્રંથો કોઈની પાસે હોય તો યુનિવર્સિટી દ્વારા મેળવીને તેનું યોગ્ય જતન કરવું અને લોકઉપયોગી બને તે પ્રકારની કાર્યવાહી કરવી તેમ નક્કી કરવામાં આવ્યું અને તે માટે બહોળી પ્રસિધ્ધિ ધરાવતા વર્તમાન પત્રમાં જાહેરાત આપવાનું નક્કી કરવામાં આવ્યું.

**૪૦.૨૦.૦૨** – યુનિવર્સિટી નવા બાંધકામ માટે R & B વિભાગે ના પાડતા યુનિવર્સિટી કક્ષાએથી સદર કામગીરી કરાવવાની થનાર છે. યુનિવર્સિટી બાંધકામ સમિતિની નવી રચના કરવા માટે કુલસચિવ દ્વારા પ્રસ્તાવ મુકતા નીચે મુજબની સમિતિની રચના કરવામાંઆવી.

(૧) માન.કુલપતિશ્રી, અધ્યક્ષ સ્થાને (૨) એકઝીકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રી (૩) એકેડેમિક કાઉન્સીલના સભ્યશ્રી (૪) નાણાં સમિતિના સભ્યશ્રી (૫) કુલસચિવશ્રી (૬) મુખ્ય હિસાબી અધિકારીશ્રી (૭) ટેકનીકલ નિષ્ણાંત – ૨(બે), જેમાં ૧(એક) R & B વિભાગના કાર્યપાલક ઈજનેર/નાયબ કાર્યપાલક ઈજનેર તથા બીજા અન્ય યુનિવર્સિટીના ઈજનેર કે એન્જીનીયરીંગ કોલેજના પ્રાધ્યાપક (૯) યુનિવર્સિટી ઈજનેર– સભ્ય સચિવ. આ સમિતિમાં ૩ ટેકનીકલ મહાનુભાવો રહેશે અને ઓછામાં ઓછા ૨(બે) ટેકનીકલ સભ્યો સદર સમિતિની બેઠકમાં ઉપસ્થિત હોય તો જ બાંધકામ સમિતિની બેઠક થશે એમ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.

**૪૦.૨૧ અધ્યક્ષ સ્થાનેથી રજુ થયેલ બાબતોમાં.**

**૪૦.૨૧.૦૧** – માન.કુલપતિશ્રી દ્વારા યુનિવર્સિટી સત્તામંડળોની બેઠકમાં યુનિવર્સિટીના કર્મચારી/અધિકારી સિવાયના બહારથી આવનાર મહાનુભાવોને બેઠક થાય ત્યારે રૂ.૫૦૦/– સીટીંગ એલાઉન્સ આપવા પ્રસ્તાવ રજુ થતા તેને સર્વસંમતિથી મંજુરી આપવામાં આવી. સદર ખર્ચ સરકારી ગ્રાન્ટમાંથી કરવો. તેમ નક્કી કરવામાં આવ્યું.

**૪૦.૨૧.૦૨** – યુનિવર્સિટીની વર્ષ–૨૦૧૩ માં મંજુર થયેલ શૈક્ષણિક તથા વહીવટી જગ્યાઓ હાલમાં રાજય સરકારશ્રીમાંથી કાયમી ધોરણે મંજુર કરવામાં ન આવે ત્યાં સુધી નિમણુંક પામેલ કર્મચારીઓ જે પધ્ધતિથી ફરજ બજાવે છે તે યથાવત રાખવી. તેમજ ભરતી પ્રક્રિયામાં ખાલી રહેલ જગ્યાઓની રાજય સરકારમાંથી મંજુરી મળ્યેથી તેમજ વિસંગતતા દુર ના થાય ત્યાં સુધી ભરતી પ્રક્રિયા ન કરવી તેમ નક્કી કરવામાં આવ્યું.

બેઠકનાં અંતે માન.કુલપતિશ્રી તથા કા.કુલસચિવશ્રીએ સર્વે મહાનુભાવોનો આભાર વ્યકત કર્યો.

(ડૉ.દશરથ જાદવ)
કા.કુલસચિવ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી
વેરાવળ

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

## એકઝીકયુટીવ કાઉન્સિલની બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકઝીકયુટિવ કાઉન્સિલની ૪૧મી બેઠકનું આયોજન તા.૨૨ ડિસેમ્બર, ૨૦૧૬નાં રોજ બપોરે ૧૫:૦૦ કલાકે યુનિવર્સિટી ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી–અધ્યક્ષશ્રી

(૨) ડૉ.કૃષ્ણપ્રસાદ નિરૌલાજી

(૩) ડૉ.વાચસ્પતિ મિશ્રાજી

(૪) પ્રો.અર્ચનાબેન દુબેજી

(૫) ડૉ.દશરથ જાદવ – કા.કુલસચિવ

સૌ પ્રથમ માનનીય કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું તેમજ નવા સભ્યશ્રી ડૉ.વાચસ્પતિજીનું સૌ મહાનુભાવોએ સ્વાગત કર્યું હતું. ઉપરોકત બેઠકમાં ચર્ચા–વિચારણાને અંતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

૪૧.૦૧ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલા કામગીરીની નોંધ લેવામાં આવી અને તેને બહાલી આપવામાં આવી.

૪૧.૦૨ ગત એકઝીકયુટીવ કાઉન્સિલની તા.૧૪/૦૯/૨૦૧૬નાં રોજની બેઠકની કાર્યનોંધને બહાલી આપવામાં આવી.

૪૧.૦૩ તા.૨૧/૧૨/૨૦૧૬ની ૨૪મી એકેડેમીક કાઉન્સિલની બેઠકની કાર્યનોંધને બહાલી આપવામાં આવી.

૪૧.૦૪ તા.૨૨/૧૨/૨૦૧૬ રોજની નાણાં સમિતિની બેઠકની કાર્યનોંધને બહાલી આપવા આવી તથા જે પાર્ટી સાથે પી.એમ.સી. કરવામાં આવે તેની પાસેથી અગાઉની સત્તામંડળની બેઠકોમાં નિર્ણય થયા મુજબ કોન્ફરન્સ/મીટીંગ હોલ તૈયાર કરાવવાનું નકકી કરવામાં આવ્યું.

૪૧.૦૫ ઈ.સી.નાં સભ્યશ્રી ડૉ.રાજેન્દ્રપ્રસાદ શુકલાજી પ્રધાનાચાર્યનાં પદેથી વય નિવૃતિનાં કારણે નિવૃત થતા યુનિવર્સિટી એકટની જોગવાઈ મુજબ તેઓની નિયુકિતનો અંત લાવી તેઓની જગ્યા પર નવા સભ્ય તરીકે માન.કુલપતિશ્રી દ્વારા ડૉ.વાચસ્પતિ મિશ્રા, પ્રધાનાચાર્યશ્રી, શ્રી સ્વામીનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય, જેતલપુરને નિમણૂંક કરવામાં આવી તે અંગેની સૌ સભ્યશ્રીઓને જાણ કરવામાં આવી.

૪૧.૦૬ યુનિવર્સિટી સંચાલિત સંસ્કૃત કોલેજમાં ખાલી પડેલ જુ.કલાર્કની જગ્યા પર મંજૂરી મેળવી નિમણૂંક કરવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી જેમાં હાલ કોલેજ–અનુસ્નાતક ભવનમાં એક જ કલાર્ક હોઈ તે જગ્યા ખાલી પડતા વહીવટી કામગીરી લાંબાગાળા સુધી રોજમદારથી કરાવવી યોગ્ય ન જણાતા સરકારશ્રીની મંજૂરીની અપેક્ષાએ જાહેરાત આપી અરજીઓ મંગાવવાની કાર્યવાહી કરવી અને ત્યાં સુધીમાં મંજૂરી મેળવી જગ્યા ભરવાનું નકકી કરવામાં આવ્યું જયાં સુધી નિમણૂંક ન થાય ત્યાં સુધી વૈકલ્પીક વ્યવસ્થા રોજમદારથી કરવી તેમ નિર્ણય કરવામાં આવ્યો.

૪૧.૦૭ યુનિવર્સિટીમાં હાલ ખાલી પડેલ મુખ્ય હિસાબી અધિકારીશ્રીની જગ્યા ભરવા અંગે હાલની સ્થિતિને ધ્યાને લઈ ચર્ચા વિચારણા કરવામાં આવી જેમાં હાલ છેલ્લા એક વર્ષ કે તેથી વધુ સમયથી મુખ્ય હિસાબી અધિકારીની જગ્યા ખાલી છે. તેઓનો ચાર્જ એકાઉટન્ટ વર્ગ–૩ને આપેલ છે. જગ્યા ભરવા જાહેરાત આપવામાં આવતા યુનિવર્સિટીનાં નિયત લાયકાત/અનુભવવાળી કોઈ અરજી ન મળતા તેમાં લાયકાત/અનુભવમાં સુધારો કરવા સત્તામંડળે ઠરાવેલ. જે અંગેની માન.કુલપતિશ્રી દ્વારા કમિટિ બનાવી નવા લાયકાત/અનુભવનાં ધોરણો બનાવવામાં આવેલ છે. જેની મંજૂરી રાજય સરકારશ્રી પાસે માંગવામાં આવેલ અને વારંવાર રજૂઆત કરવામાં આવેલ છતાં મળેલ ન હોઈ તથા યુનિવર્સિટીનાં હિસાબી વિભાગમાં ત્વરીત અધિકારીશ્રીની જરૂર હોઈ નવા નિયમો સાથે રાજયસરકારશ્રીની મંજૂરીની અપેક્ષાએ વિજ્ઞાપન આપવી અને ઈન્ટરવ્યું પહેલા રાજય સરકાર પાસેથી મંજૂરી મેળવી ભરતી પ્રક્રિયા કરવી તેમ નકકી કરવામાં આવ્યું. તેમજ જગ્યા ન ભરાય ત્યાં સુધી કોઈ હિસાબી વિભાગમાંથી વર્ગ–૧માં નિવૃત થયેલ અધિકારી પે માઈનસ પેન્સન પર આવતા માંગતા હોઈ તો તેમની અરજી સ્વીકારી સેવા લેવાનું નકકી કરવામાં આવ્યું

૪૧.૦૮ યુનિવર્સિટીનાં પરીક્ષા નિયામકશ્રીનાં પત્રમાં તેઓએ માંગેલ ઈ.એલ.તથા મેડીકલ રજા બાબતે ચર્ચા વિચારણાનાં અંતે નિર્ણય કરવામાં આવ્યો કે જયાં સુધી યુનિવર્સિટીનાં કર્મચારીને કાયમી નોકરીનાં આદેશ કરવામાં ન આવે ત્યાં સુધી ઈ.એલ. કે મેડીકલ રજા આપી શકાય નહી તેથી રજા આપવી નહી તેમ નકકી કરવામાં આવ્યું, તેમજ યુનિવર્સિટીનાં શૈક્ષણિક જગ્યાઓ માટે પણ આ પ્રશ્ન હોઈ માન.કુલપતિશ્રી આ ગંભીર પ્રશ્ન બાબતે અગ્રસચિવશ્રીને અર્ધસરકારી પત્ર લખી કાયમીનાં આદેશ માટે નિર્ણય કરાવે તેમ ઠરાવવામાં આવ્યું.

૪૧.૦૯ યુનિવર્સિટી સંચાલિત સંસ્કૃત કોલેજનાં આચાર્યશ્રીએ માંગેલ મહેકમ અંગે ચર્ચા કરી નિર્ણય કરવામાં આવ્યો કે યુનિવર્સિટી અને યુનિવર્સિટી સંચાલિત કોલેજનું મહેકમ સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવે છે. સરકારમાં યુનિવર્સિટી દ્વારા મહેકમની દરખાસ્ત કરવામાં આવેલ છે. આ વર્ષે મહેકમની દરખાસ્ત થઈ ગઈ હોઈ આગામી બજેટ સમયે આચાર્યશ્રી પ્રસ્તાવ રાખે જેથી તેઓના પ્રસ્તાવ સાથે યુનિવર્સિટી સરકાર પાસે પ્રસ્તાવ રાખી મહેકમની માંગણી મુકી શકે. હાલ મંજૂર થયેલ મહેકમની ખાલી જગ્યા ન ભરાય ત્યાં સુધી રોજમદારથી કામગીરી પૂર્ણ કરવા જણાવીએ તેમ નકકી કરવામાં આવ્યું.

૪૧.૧૦ યુનિવર્સિટી દ્વારા તા.૦૨/૦૨/૨૦૧૬નાં રોજ આયોજિત થનાર નવમો પદવીદાન સમારોહમાં એ.સી.માં નકકી થયેલ મહાનુભાવશ્રીઓને ડી.લીટ.ની ડિગ્રીથી સન્માનિત કરવા તથા યુનિવર્સિટી સત્તામંડળનાં સૌ મહાનુભાવોને યુનિવર્સિટી દ્વારા આમંત્રિત કરવા તેમ નકકી થયું તથા પદવીદાન સમારોહ ગરીમાપૂર્ણ રીતે સંપન્ન થાય તે પ્રકારનું આયોજન કરવું તેમ નકકી કરવામાં આવ્યું.

૪૧.૧૧ યુનિવર્સિટીનાં શૈક્ષણિક કર્મચારીઓને વેકેશનની આગળ પાછળ આપવામાં આવતી રજા અંગે નિર્ણય કરવામાં આવ્યો કે રાજય સરકાર દ્વારા શૈક્ષણિક સ્ટાફ માટે જે નિયમ બનાવેલ હોય તે મુજબ રજાનાં નિયમ રાખવા અને ન હોય તો રાજય સરકારનાં જી.સી.એસ.આર.નાં નિયમો લાગુ પાડવાનું નકકી કરવામાં આવ્યું.

૪૧.૧૨ યુનિવર્સિટી દ્વારા રાજય સરકારશ્રીનાં શિક્ષણ વિભાગમાં આગામી વર્ષ ૨૦૧૭–૧૮નાં નવા બજેટમાં નવી બાબત તરીકે શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક જગ્યાઓની માંગણી કરવામાં આવેલ છે તે અંગે તમામ મહાનુભાવોને જાણ કરવામાં આવી અને તેની બહાલી આપવામાં આવી.

૪૧.૧૩ ગુજરાત રાજય સરકારશ્રી દ્વારા આગામી ૧૦ થી ૧૩ જાન્યુઆરી, ૨૦૧૭ દરમ્યાન વાઈબ્રન્ટ ગુજરાત સમિટનું આયોજન કરવામાં આવેલ હોય અત્રેની યુનિવર્સિટી દ્વારા આ વાઈબ્રન્ટમાં સરકારશ્રીની સુચના મુજબ આ અંગે કાર્યવાહી કરવી તથા ગરીમાપૂર્ણ પ્રદર્શની મુકાય તેવું આયોજન કરવું અને એ અંગે થનાર ખર્ચને બહાલી આપવામાં આવી.

૪૧.૧૪ રાજય સરકારશ્રીનાં શિક્ષણ વિભાગ દ્વારા અત્રેની યુનિવર્સિટીનાં બિન શૈક્ષણિક કર્મચારીઓનાં સાતમાં પગારપંચની માહિતી તૈયાર કરી મંગાવવામાં આવેલ હોય અત્રેથી તે માહિતી શિક્ષણ વિભાગમાં મોકલી આપવામાં આવેલ તે અંગેની સર્વ સભ્યનો જાણ કરવામાં આવી અને તેની બહાલી આપવામાં આવી.

૪૧.૧૫ ૧૧ માસનાં કરાર આધારિત ફિક્ષ પગારથી ભરતી કરવા ચર્ચા કરી નિર્ણય કરવામાં આવ્યો કે નાણાં સમિતિમાં લેવાયેલ નિર્ણય પ્રમાણે પાંચ(૫) કલાર્ક અને એક(૧) સિવીલ સુપરવાઈઝર માટે ઓપન ઈન્ટરવ્યું કરી ૧૧ માસ માટે કરારથી ભરવા. સિવીલ સુપરવાઈઝરની લાયકાત અને ઈન્ટરવ્યું માટે ભરતી કરવાનાં નિયમો માટે માન.કુલપતિશ્રીને સત્તા સોંપવામાં આવી.

૪૧.૧૬ યુનિવર્સિટીની ગ્રંથાલય સમિતિમાં ૩ સભ્યોનાં નામ નકકી કરવાનાં થતા હોય આ અંગેની સત્તા માન.કુલપતિશ્રીને સોંપવામાં આવી.

મહાનુભાવશ્રીનાં સુચનો :–

૪૧.૧૭ પરીક્ષા ખૂબ લાંબા સમય સુધી ચાલતી હોય યુનિવર્સિટીનાં માન.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં યુનિવર્સિટીનાં અધિકારીશ્રી અને મહાવિદ્યાલય/કોલેજનાં આચાર્યશ્રીની બેઠક પરીક્ષાનાં ટાઈમ ટેબલ અને મૂલ્યાંકન બાબતે બોલાવી ચર્ચા પરામર્શ કરવા સુચન શ્રી ડૉ.કૃષ્ણપ્રસાદ નિરૌલાજીએ કરેલ તે અંગે બેઠક બોલાવી યોગ્ય નિર્ણય કરવો તેમ સર્વાનુમતે નકકી થયું.

અધ્યક્ષ સ્થાનેથી :–

૪૧.૧૮ માન.કુલપતિશ્રી દ્વારા પ્રસ્તાવ મુકવામાં આવેલ કે યુનિવર્સિટીના ૯માં પદવીદાન સમારોહમાં જેમને ડી.લીટ.ની ડિગ્રી આપવાની છે તે પ્રો.વશિષ્ઠ ત્રિપાઠીજી ,વારાણસી ન્યાયનાં પંડિત હોવાથી તેમનો લાભ યુનિવર્સિટી શૈક્ષણિક સ્ટાફને અને વિદ્યાર્થીઓને મળે તે માટે સાત દિવસ તેમનું વ્યાખ્યાન ગોઠવવું, જે બાબતે સૌએ સહમતી આપતા સાત દિવસની ન્યાયની વ્યાખ્યાનમાળા ગોઠવવાનું નકકી કરવામાં આવ્યું.

બેઠકનાં અંતે કુલસચિવશ્રીએ સૌ મહાનુભાવશ્રીઓનો આભાર વ્યકત કર્યો હતો.

(ડૉ.દશરથ જાદવ)
કા.કુલસચિવ

આ.કુલસચિવશ્રી
P.A.

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

## એકઝીકયુટીવ કાઉન્સિલની બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકઝીકયુટિવ કાઉન્સિલની ૪૨મી બેઠકનું આયોજન તા.૨૩ ફેબ્રુઆરી, ૨૦૧૭નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, છારોડી, અમદાવાદનાં કોન્ફરન્સ હોલમાં આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી

(૨) ડો.કૃષ્ણપ્રસાદ નિરૌલા

(૩) શ્રી મેહુલભાઈ ભટ્ટ

(૪) ડો.મયુરીબેન ભાટીયા

(૫) ડો.દિપેશ કતિરા

(૬) પ્રો.અર્ચનાબેન દુબેજી

(૭) ડો.દશરથ જાદવ – કા.કુલસચિવ

સૌ પ્રથમ માનનીય કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું તેમજ રાજય સરકારશ્રીમાંથી મનોનિત થયેલા નવા સભ્યશ્રીઓ ડો.મયુરીબેન ભાટીયા તથા ડો.દિપેશ કતિરાજીનું અભિનંદન સાથે સ્વાગત કરવામાં આવ્યું. ઉપરોકત બેઠકમાં ચર્ચા–વિચારણાને અંતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

૪૨.૦૧ તા.૨૨/૧૨/૨૦૧૬ થી તા.૨૨/૦૨/૨૦૧૭ સુધીમાં યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલા કામગીરીની નોંધ લેવામાં આવી અને તેની બહાલી આપવામાં આવી.

૪૨.૦૨ ગત ઈ.સી.ની તા.૨૨/૧૨/૨૦૧૬નાં રોજની કાર્યનોંધને બહાલી આપવામાં આવી.

૪૨.૦૩ તા.૨૧/૦૨/૨૦૧૭નાં રોજની બાંધકામ સમિતિની બેઠકમાં થયેલ નિર્ણયને બહાલી આપવામાં આવી તેમજ પી.એમ.સી.દ્વારા તૈયાર કરેલ ટેન્ડરને ઈ–ટેન્ડર કરીને સત્વરે કામગીરી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો તેમજ વર્લ્ડ કલાસ યુનિવર્સિટીની મળેલ ગ્રાન્ટમાંથી અગાઉ સત્તામંડળમાં લેવાયેલ નિર્ણય મુજબ પી.એમ.સી.દ્વારા કોન્ફરન્સ રૂમ હોલ તૈયાર કરવાની કાર્યવાહી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૪૨.૦૪ તા.૨૨/૦૨/૨૦૧૭નાં રોજની પરીક્ષા સમિતિની બેઠકમાં થયેલ નિર્ણયને બહાલી આપવામાં આવી. તેમજ મહાવિદ્યાલયો ઉપર પરીક્ષાનું મોનીટરીંગ સી.સી.ટી.વી. કેમેરા દ્વારા થાય તે પ્રકારની કાર્યવાહી આગામી સમયમાં થાય તેવો નિર્ણય કરવામાં આવ્યો જે માટે યુનિવર્સિટી દ્વારા કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન અને શાળાઓની કચેરી, ગાંધીનગરને મહાવિદ્યાલયને ગ્રાન્ટ આપવા માટેનો પત્ર પાઠવવો અને તે સબબની મહાવિદ્યાલયનાં ટ્રસ્ટીશ્રીઓને પણ જાણ કરવી તેમ નકકી કરવામાં આવ્યું.

૪૨.૦૫ તા.૦૨/૦૨/૨૦૧૭નાં રોજ આયોજિત નવમા પદવીદાન સમારોહ ગરીમાપૂર્ણ રીતે સંપન્ન થયેલ હોય તેની નોંધ લેવામાં આવી તેમજ તે અંતર્ગત થયેલ ખર્ચને બહાલી આપવામાં આવી.

૪૨.૦૬ યુનિવર્સિટી કેમ્પસ પર ચાલતી હોસ્ટેલમાં ફર્નિચર સબબની મેળલ ગ્રાન્ટને ધ્યાને લઈ તેમજ જરૂરીયાતને ધ્યાને લઈ કરવામાં આવેલ ઓર્ડરનેને બહાલી આપવામાં આવી તેમજ તે સબબ થનાર ખર્ચને મંજૂરી આપવામાં આવી.

૪૨.૦૭ યુનિવર્સિટીની પ્રકાશન સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણયને બહાલી આપવામાં આવી.

૪૨.૦૮ યુનિવર્સિટીની ગ્રંથાલય સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણયને બહાલી આપવામાં આવી.

૪૨.૦૯ યુનિવર્સિટી કેમ્પસ પર ચાલતી કોન્સ્ટીટયુટ સંસ્કૃત કોલેજનાં આચાર્ય અને અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષનાં વેકેશન બાબતે ચર્ચા કરવામાં આવી કે આચાર્યશ્રી અને અધ્યક્ષશ્રીએ વિભાગીય/વહીવટી અધિકારી હોવાનાં કારણે તેમજ રજાઓ દરમ્યાન શૈક્ષણિક અને વહીવટી સ્તરની કામગીરી કરવાની થતી હોય જેમાં પ્રવેશ, પરીક્ષા, અભ્યાસક્રમ યુનિવર્સિટીનાં પ્રચાર–પ્રસાર વગેરે બાબતોને ધ્યાને લઈ તેઓને નોન વેકેશનેબલ પોસ્ટ ગણવી અને નોન વેકેશનેબલ કર્મચારીનાં જે લાભો સરકારશ્રી તથા અન્ય યુનિવર્સિટીઓનાં પ્રિન્સીપાલશ્રી તથા અધ્યક્ષશ્રીને મળે છે તે લાભો આપવા તેમ નકકી કરવામાં આવ્યું. અનુસ્નાતક વિભાગનાં અધ્યક્ષ તરીકે રોટેશનમાં જે અધ્યક્ષ બનશે તેઓને જે તે વર્ષ માટે તે લાભ આપવો તેમ નિર્ણય કરવામાં આવ્યો.

૪૨.૧૦ યુનિવર્સિટી દ્વારા માહિતી ખાતા મારફત જાહેરાત આપી ૧૧ માસ માટે કરાર આધારિત જુ.કલાર્ક માટે લેવાયેલ પરીક્ષા અને કરેલ પસંદગી પ્રક્રિયાને બહાલી આપવામાં આવી. તેમજ પસંદગી પામેલ અને બનાવવામાં આવેલ પ્રતિક્ષા યાદીને ૧૧ માસ સુધી માન્ય રાખી મંજૂરી આપવામાં આવી. તેમજ સિવીલ સુપરવાઈઝર માટે ગોઠવવામાં આવેલ ઈન્ટરવ્યુંમાં કોઈ ઉમેદવાર હાજર ન રહેવાથી પસંદગી થઈ શકેલ નથી માટે યુનિવર્સિટીની કામગીરીને ધ્યાને લઈ ૧૧ માસનાં કરાર આધારિત સિવીલ સુપરવાઈઝરની જગ્યા ભરવા માટે માન.કુલપતિશ્રીને મળેલ સત્તાની રૂએ તેઓ કોઈ નિયત કરેલ લાયકાત વાળા બાયોડેટા મળે તો ચકાસણી કરી સીધી નિમણૂંક કરી તેમની સેવા મેળવે તેમ નિર્ણય કરવામાં આવ્યો.

૧૧ માસ માટે કરાર આધારિત જુ.કલાર્કમાં નીચેનાં ઉમેદવારોની પસંદગી કરવામાં આવેલ છે. જેમાં (૧) વાજા નિતેશ જે.(૨) કાછેલા કેતન આર.(૩) રામ દિવ્યેશ કાલા (૪) પરમાર જયદિપસિંહ કે. (૫) પરમાર ઈલાબેન એન. આમ કુલ પાંચ ઉમેદવારની પસંદગી કરવામાં આવેલ છે તેમજ ૧ થી ૧૦ ઉમેદવારનાં નામની પ્રતિક્ષા યાદી બનાવવામાં આવેલ છે પસંદગી પામેલ ઉમેદવાર જો હાજર ન થાય તો પ્રતિક્ષા યાદીમાંથી ક્રમાનુંસાર ઉમેદવારો પાસેથી સેવા લેવાનું નકકી કરવામાં આવ્યું.

૪૨.૧૧ યુનિવર્સિટીમાં રાજય સરકારશ્રીમાંથી મંજૂર થયેલ કાયમી જગ્યાઓ પૈકી મુખ્ય હિસાબી અધિકારી, સ્ટેનોગ્રાફર તથા જુ.કલાર્કની જગ્યાઓ ભરવા માટે માહિતી ખાતા મારફત ગુજરાત રાજયની તમામ આવૃતિમાં જાહેરાત આપી અરજીઓ મંગાવેલ છે જે અંગેની સર્વે સભ્યોને જાણ કરવામાં આવી તેમજ મંગાવેલ અરજીઓની સત્વરે સ્ક્રુટીની કરી નિયત પ્રક્રિયા કરી જગ્યા ભરવા માટેનો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.

૪૨.૧૨ અનુસ્નાતક ભવનનાં અધ્યાપકશ્રી ડૉ.અમૃતલાલ ભોગાયતા શ્રી બ્રહ્મર્ષિ સંસ્કૃત મહાવિદ્યાલયમાં પ્રધાનાચાર્ય તરીકે પસંદગી પામતા અત્રેથી તેઓને તા.૦૮/૦૨/૨૦૧૭નાં રોજ ફરજ મુકત કરેલ છે તે અંગેની સર્વે સભ્યોને જાણ કરવામાં આવી.

૪૨.૧૩ યુનિવર્સિટીમાં રાજય સરકારશ્રીનાં લોકલ ફંડ, જૂનાગઢ દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫નું ઓડિટ હાથ ધરેલ છે જે અંતર્ગત યુનિવર્સિટીનાં પારા માટેની વિશેષ ચર્ચા કરવા માટે શ્રી વિનોદકુમાર ગુપ્તા, નિરીક્ષકશ્રી, લોકલ ફંડ, ગુજરાત રાજય યુનિવર્સિટી આવ્યા હતા ચર્ચાને અંતે તેઓએ યુનિવર્સિટીની નાણાંકીય બાબતો અને અન્ય બાબતો વિશે સંતોષ વ્યકત કરેલ હતો.

૪૨.૧૪ ઓલ ઈન્ડિયા ઓરીએન્ટલની ૪૯મી કોન્ફરન્સ યુનિવર્સિટી ખાતે આયોજિત કરવા માટે ચર્ચા વિચારણા કરવામાં આવી જે માટે સૌ મહાનુભાવોએ નાણાંકીય જોગવાઈ તેમજ આ અંગે મળતી સહાયને ધ્યાને લઈ માન.કુલપતિશ્રી દ્વારા આ અંગે નિર્ણય કરવામાં આવે તેમ નકકી કરવામાં આવ્યું. તેમજ આ અંગે રાજય સરકાર પાસેથી વિશેષ ગ્રાન્ટની માંગણી માટેની દરખાસ્ત તૈયાર કરી રજૂઆત કરવાનું નકકી કરવામાં આવ્યું.

૪૨.૧૫ યુનિવર્સિટી સંચાલિત સંસ્કૃત કોલેજમાં આસી.પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ.લલિતભાઈ એ.પટેલની જન્મ તારીખમાં સુધારવા માટે સરકારશ્રીનાં જે નિયમો હોય તે મુજબ આગળની કાર્યવાહી કરવાનું નકકી કરવામાં આવ્યું.

૪૨.૧૬ યુનિવર્સિટી સંચાલિત સંસ્કૃત કોલેજનાં આચાર્યશ્રી ડૉ.નરેન્દ્રકુમાર એલ.પંડયાનાં પેન્શન બાબતે તેઓએ યુનિવર્સિટીને લખેલ પત્રનાં અનુસંધાને નિર્ણય કરવામાં આવ્યો કે સર્વિસ જોડાણ અને પેન્શન બાબતે

કમિશનરશ્રીની કચેરીને પત્ર પાઠવેલ હોય ત્યાંથી જે માર્ગદર્શન મળે તે મુજબ કાર્યવાહી કરવી તેમજ ત્યાંથી કોઈ પ્રત્યુતર ન મળે તો છ મહિના બાદ નાણાં સમિતિ તથા ઈ.સી.માં સદર બાબત મૂકી નિર્ણય કરવામાં આવે તેમ નકકી કરવામાં આવ્યું.

મહાનુભાવશ્રીનાં સુચનો :–

૪૨.૧૭ (૧) યુનિવર્સિટી દ્વારા યુ.જી.સી.ની ગ્રાન્ટ મળે તે હેતુથી NAAC ની કામગીરી માન.કુલપતિશ્રીનાં માર્ગદર્શનમાં સત્વરે પૂર્ણ કરવામાં આવે તેવું સુચન ડો.કૃષ્ણપ્રસાદ નિરૌલાજીએ કરેલ હતું.

(૨) ડો.દિપેશ કતિરાજી દ્વારા યુનિવર્સિટીનો પ્રચાર–પ્રસાર તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિનાં પ્રચાર–પ્રસાર માટે સોશીયલ મીડીયાનો ઉપયોગ થવો જોઈએ તેવું સુચન કરવામાં આવેલ હતું જેનું સૌ મહાનુભાવોએ અનુમોદન કરેલ.

(૩) યુનિવર્સિટીનો પદવીદાન સમારોહ સંસ્કૃત યુનિવર્સિટી હોવાને કારણે પરંપરાગત પોશાક અને પાઘડી સાથે પદવીદાન યોજવામાં આવે તેવું સુચન ડો.મયુરીબેન ભાટીયા અને ડો.દિપેશ કતિરા દ્વારા કરવામાં આવ્યું હતું જેની સૌ મહાનુભાવોએ સહમતી આપી હતી અને આગામી પદવીદાન તે પ્રકારે યોજાય તેવુ આયોજન કરવા નિર્ણય કરવામાં આવ્યો હતો.

અધ્યક્ષ સ્થાનેથી :–

૪૨.૧૮ માન.કુલપતિશ્રી દ્વારા .અધ્યક્ષ સ્થાને પ્રસ્તાવ મુકવામાં આવ્યો કે યુનિવર્સિટી તેમજ સંલગ્ન કોલેજો મહાવિદ્યાલયોએ NAAC કરાવવું અનિવાર્ય હોય તે માટે વિષય નિષ્ણાંતશ્રીઓને બોલાવી યુનિવર્સિટી ખાતે વર્કશોપ ગોઠવવો જરૂરી છે તે પ્રસ્તાવને સૌ મહાનુભાવોએ માન્ય રાખી સત્વરે વર્કશોપ કરવા નિર્ણય કરવાનું નકકી થયું.

બેઠકને અંતે કુલસચિવ દ્વારા સૌ મહાનુભાવોનો આભાર માનવામાં આવ્યો હતો.

(ડો.દશરથ જાદવ)
કા.કુલસચિવ

Shree Somnath Sanskrit University
VERAVAL

## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકઝીકયુટીવ કાઉન્સિલની બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકઝીક્યુટિવ કાઉન્સિલની ૪૩મી બેઠકનું આયોજન તા.૦૧ એપ્રિલ, ૨૦૧૭નાં રોજ સાંજે ૦૪:૦૦ કલાકે યુનિવર્સિટીનાં કોન્ફરન્સ હોલમાં આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી

(૨) શ્રી મેહુલભાઈ ભટ્ટ

(૩) ડૉ.મયુરીબેન ભાટીયા

(૪) ડૉ.દિપેશ કતિરા

(૫) પ્રો.અર્ચનાબેન દુબે

(૬) પ્રિ.ડૉ.વાચસ્પતિ મિશ્રા

(૭) ડૉ.દશરથ જાદવ – કા.કુલસચિવ

સૌ પ્રથમ માનનીય કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. તેમજ યુનિવર્સિટીના નિયત એજન્ડા મુજબ ચર્ચા–વિચારણાના અંતે નીચે મુજબનાં નિર્ણયો લેવામાં આવેલ.

૪૩.૦૧ તા.૨૩/૦૨/૨૦૧૭ થી તા.૩૧/૦૩/૨૦૧૭ સુધીમાં યુનિવર્સિટી દ્વારા કરેલ કામગીરીની નોંધ લેવામાં આવી અને તેને બહાલી આપવામાં આવી.

૪૩.૦૨ ગત ઈ.સી.ની તા.૨૩/૦૨/૨૦૧૭ ના રોજની કાર્યનોંધને બહાલી આપવામાં આવી.

૪૩.૦૩ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સંચાલીત કોલેજ માટેના જુ.કલાર્કની યુનિવર્સિટી દ્વારા ભરતી પ્રક્રિયા માટે કરવામાં આવેલ કામગીરીને માન્ય રાખવામાં આવી તેમજ તે અંગેના રોજકામને બહાલી આપવામાં આવી. તેમજ પસંદગી પામેલ ઉમેદવાર પરમાર જયદિપસિંહ કાનજીભાઈને જુ.કલાર્કની નિમણૂંક આપવાનો નિર્ણય કરવામાં આવ્યો. તેમજ રોજકામમાં તૈયાર કરેલ પ્રતિક્ષા યાદીને આજથી આગામી ૧૨ માસ સુધી માન્ય રાખવી તેમજ ઠરાવવામાં આવ્યો.

૪૩.૦૪ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી માટે સ્ટેનોગ્રાફર(ગુજરાતી)ની ભરતી પ્રક્રિયા માટે કરવામાં આવેલ કામગીરીને માન્ય રાખવામાં આવી તેમજ તે અંગેના રોજકામને બહાલી આપવામાં

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

આવી. જેમાં પ્રતિક્ષાયાદીમાં સરખા મેરીટ વાળા બંને ઉમેદવારોમાં યુનિવર્સિટીએ જે જગ્યા માટે શૈક્ષણિક લાયકાત માંગેલ છે (સ્નાતક કક્ષા) તેમાં જેનું મેરીટ(ટકા)વધુ હોય તેને ક્રમ ૧ (એક) અને ઓછુ હોય તેને ૨(બે) ક્રમે રાખવાનો નિર્ણય થયો. તેમજ પસંદગી પામેલ ઉમેદવાર પંડયા અનીરુધ્ધકુમાર મુકુંદરાયને સ્ટેનોગ્રાફર(ગુજરાતી)ની નિમણૂંક આપવાનો નિર્ણય કરવામાં આવ્યો. તેમજ રોજકામમાં તૈયાર કરેલ પ્રતિક્ષા યાદીને આજથી આગામી ૧૨ માસ સુધી માન્ય રાખવી તેમ ઠરાવવામાં આવ્યો.

૪૩.૦૫ મુખ્ય હિસાબી અધિકારીશ્રીની ભરતી સબબમાં મંગાવવામાં આવેલ અરજીઓની સમિતિ દ્વારા કરવામાં આવેલ સ્ક્રુટી રીપોર્ટને માન્ય રાખવામાં આવ્યો અને તેના આધારે રાજય સરકારમાંથી યુનિવર્સિટી દ્વારા તૈયાર કરેલ ભરતીના નિયમોની મંજૂરી મળ્યેથી ઈન્ટરવ્યુ કરી જગ્યા ભરી લેવાનું ઠરાવવામાં આવ્યું.

૪૩.૦૬ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના મુખ્ય વહીવટી ભવનના રીનોવેશનની કામગીરી માટે નિયત થયેલ પી.એમ.સી. દ્વારા યુનિવર્સિટીને મળેલા અંદાજોને R&B ગુજરાત દ્વારા જરૂરી એપ્રુવલ મળ્યેથી ઈ–ટેન્ડરીંગ કરવાનું તેમજ જરૂરી આગળની કામગીરી કરાવવાનું નકકી કરવામાં આવ્યું.

૪૩.૦૭ યુનિવર્સિટીમાં સ્વર્નિભર ધોરણે પી.જી.ડી.સી.એ. કો–ઓર્ડીનેટર તરીકે ફરજ બજાવતા શ્રી અમીત સાધવાણીના રાજીનામાને બહાલી આપવામાં આવી તેમજ સદર જગ્યા ઉપર યોગ્ય વ્યકિત મળે તો ભરવા અંગે માનનીય કુલપતિશ્રીને ૧૧ માસ માટે ભરવાની સત્તા આપવામાં આવી તેમજ ન મળે તો જાહેરાત આપી જગ્યા ભરવાનું નકકી કરવામાં આવ્યું.

૪૩.૦૮ યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગના અધ્યાપક તેમજ યુનિવર્સિટી સંસ્કૃત કોલેજના પ્રાધ્યાપકોને કેરીયર એડવાન્સ સ્કીમ હેઠળ ઉચ્ચત્તર પગાર આપવા માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીમાં કરેલ દરખાસ્તને અનુસંધાને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીમાંથી મળેલ પત્રને ધ્યાને લઈ આગળની કાર્યવાહી કરવી તેમજ નિમય અનુસારના મળવાપાત્ર લાભો આપવા એમ ઠરાવવામાં આવ્યું.

૪૩.૦૯ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની જોડાણ તેમજ વાર્ષિક રીન્યુઅલ ફી માંથી થનાર આવક પર સર્વીસ ટેક્ષ ભરવા અંગે તેમજ તે સબબના પુરા ડોકયુમેન્ટ સાથેની માહિતી મેળવવા માટે Senior Intelligence Officer, Directorate General of Central Exciese Intelligence, Regional Unit, Vapi, દ્વારા તા.૨૦/૦૩/૨૦૧૭ ના રોજ કુલસચિવશ્રીને



સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

રાજકોટ રીજીયોનલ ઓફીસે બોલાવવામાં આવતા અધિકારીશ્રીએ યુનિવર્સિટીની તેમજ આવક અંગેની માહિતી પુછતા આધારો સાથે માહિતી આપી હતી. તેને ધ્યાને લઈ યુનિવર્સિટીએ ઉપરોકત આવક પર ટેક્ષ ભરવાનો થાય છે તેમ જણાવેલ છે. ત્યારે તે બાબતે ચર્ચા–વિચારણાનાં અંતે નિર્ણય કરવામાં આવ્યો કે ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓ ટેક્ષ ભરે તો ટેક્ષ ભરવો અન્યથા આગામી નાણાં સમિતિમાં સદર બાબત મુકી નિર્ણય કરવાનું ઠરાવવામાં આવ્યું. યુનિવર્સિટીએ સર્વિસ ટેક્ષ ભરવાનો થાય તો જે–તે સંસ્થા કેન્દ્રો પાસેથી નિયત કરેલ ફી ઉપર નિયમ અનુસારનો ટેક્ષ વસૂલવો તેમ નકકી કરવામાં આવ્યું.

૪૩.૧૦ યુનિવર્સિટી હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓની હાજરીની અનિયમિતતા, યુનિવર્સિટીના વિશેષ કાર્યક્રમોમાં ગેરહાજરી તેમજ સત્રાંત પરીક્ષામાં ATKT / નાપાસ થવું આવી બાબતો ધ્યાન પર આવી છે. યુનિવર્સિટી જયારે વિના મૂલ્યે ભોજન વ્યવસ્થા કરે છે ત્યારે ઉકત બાબતો યોગ્ય જણાતી નથી. તેમજ કેટલાંક વિદ્યાર્થીઓ વિના મૂલ્યે ભોજન મળતું હોવાથી અભ્યાસમાં ધ્યાન ન આપતા ઈત્તર પ્રવૃત્તિઓ પણ કરે છે અને તેનો ખર્ચ યુનિવર્સિટી ભોગવે છે. આવા સંજોગોમાં વિના મૂલ્યે ભોજનની વ્યવસ્થામાં વિચારણા કરી તે અંગેના નિયમો બનાવવા જરૂરી છે. આ બાબતે નિયમો બનાવવા નીચે મુજબની કમિટિનું ગઠન કરવામાં આવ્યું. (૧) માનનીય કુલપતિશ્રી (૨) મેહુલભાઈ ભટ્ટ (૩) પ્રો.અર્ચનાબેન દુબે (૪) અધ્યક્ષશ્રી અનુસ્નાતક વિભાગ (૫) પ્રિન્સીપાલશ્રી સંસ્કૃત કોલેજ (૬) કુલસચિવશ્રી (૭) મુખ્ય હિસાબી અધિકારીશ્રી જેઓ દ્વારા નિયમો બનાવી આગામી ઈ.સી.માં મંજૂર કરાવી શૈક્ષણિક વર્ષઃ૨૦૧૭–૧૮ થી તેનો અમલ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૪૩.૧૧ યુનિવર્સિટીઓ આપેલ જાહેરાતના અનુસંધાને સિવિલ સુપરવાઈઝરની જગ્યા માટે કોઈ ઉમેદવાર ન મળતા તેમજ યુનિવર્સિટીની કામગીરીને ધ્યાને લઈ માન.કુલપતિશ્રીને મળેલ ખાસ સત્તામાં હંગામી ધોરણે ત્રણ માસ માટે કરેલ સીવીલ સુપરવાઈઝરની કરેલ નિમણુંકને બહાલી આપવામાં આવી તેમજ નિમણૂંક કરેલ કર્મચારીની કામગીરીનું મૂલ્યાંકન કરી યુનિવર્સિટી ૧૧ માસ સુધી અથવા જગ્યા ન ભરાય ત્યાં સુધી જે વહેલા હોય તે મુજબ સેવા લઈ શકશે તેમ ઠરાવવામાં આવ્યું.

મહાનુભાવશ્રીનાં સુચનો :-

૪૩.૧૨ (૧) મા.મેહુલભાઈ ભટ્ટે શૈક્ષણિક જગ્યાઓ યુનિવર્સિટીમાં ભરાય અને તે માટે સરકારમાંથી જરૂરી મંજૂરી પ્રક્રિયા સત્વરે થાય તેમ સૂચન કર્યુ હતું.

(૨) યુનિવર્સિટી ખાતે ડિપ્લોમાં ઈન શાસ્ત્રીય સંગીતનો ૧ વર્ષનો અભ્યાસક્રમ શરૂ થાય તેવું સૂચન કર્યુ હતું. તેમાં સ્વનિર્ભર ધોરણે વિદ્યાર્થીઓ મળી રહે તો શરૂ કરવા અંગે ઠરાવવામાં આવ્યું હતું. અન્ય ડિપ્લોમાં અભ્યાસક્રમની જેમ ૩ પેપરનો ૧૨૦ કલાકનો અભ્યાસક્રમ બનાવવો એમ નક્કી કરવામાં આવ્યું.

અધ્યક્ષ સ્થાનેથી :-

૪૩.૧૩ યુનિવર્સિટીની આગામી શરૂ થતી પરીક્ષામાં સૌ મહાનુભાવો પરીક્ષા કેન્દ્રની મુલાકાત લઈ નિરીક્ષણ કરે તેમજ આ અંગેના જરૂરી સુચનો યુનિવર્સિટીને આપે તેમ માનનીય કુલપતિશ્રીએ સૌ ને કહ્યું હતું.

બેઠકને અંતે કુલસચિવ દ્વારા સૌ મહાનુભાવોનો આભાર માનવામાં આવ્યો હતો.

(ડૉ.દશરથ જાદવ)
કા.કુલસચિવ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

REGISTRAR ( I/c)
Shree Somnath Sanskrit University
'Veraval'

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકઝીકયુટીવ કાઉન્સિલની બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકઝીકયુટિવ કાઉન્સિલની ૪૪મી બેઠકનું આયોજન તા.૨૬ મે, ૨૦૧૭નાં રોજ સવારે ૧૦:૦૦ કલાકે આર્ષ સંશોધન કેન્દ્ર, અક્ષરધામ, ગાંધીનગર ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી

(૨) ડૉ.કૃષ્ણપ્રસાદ નિરૌલા

(૩) શ્રી મેહુલભાઈ ભટ્ટ

(૪) પ્રો.અર્ચનાબેન દુબે

(૫) ડૉ.મયુરીબેન ભાટીયા

(૬) પ્રિ.ડૉ.વાચસ્પતિ મિશ્રા

(૭) ડૉ.દશરથ જાદવ – કા.કુલસચિવ

સૌ પ્રથમ માનનીય કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. તેમજ યુનિવર્સિટીના નિયત એજન્ડા મુજબ ચર્ચા–વિચારણાના અંતે નીચે મુજબનાં નિર્ણયો લેવામાં આવેલ.

૪૪.૦૧ તા.૦૧/૦૪/૨૦૧૭ થી ૨૫/૦૫/૨૦૧૭ સુધીમાં યુનિવર્સિટી દ્વારા કરેલ કામગીરીની નોંધ લેવામાં આવી અને તેને બહાલી આપવામાં આવી.

૪૪.૦૨ એકેડેમીક કાઉન્સીલની તા.૦૨/૦૫/૨૦૧૭ ની બેઠકમાં લેવાયેલ નિર્ણયોની કાર્યનોંધને બહાલી આપવામાં આવી.

૪૪.૦૩ બાંધકામ સમિતિની તા.૧૨/૦૫/૧૭ બેઠકમાં લેવાયેલ નિર્ણયોની બહાલી આપવામાં આવી તેમજ બાંધકામ સમિતિના કાર્યનોંધના મુદા નં.૪.૦૪ બાબતે ચર્ચા કરવામાં આવી. યુનિવર્સિટીના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા બાંધકામ સબબની મળેલ ગ્રાન્ટનો નિયત સમય મર્યાદામાં ઉપયોગ કરવાનો હોય છે. વહીવટી બિલ્ડીંગના રીનોવેશન અંગે જે પાર્ટી P.M.C. ની કામગીરી સોંપવામાં આવી છે તે સમયસર કામગીરી કરવામાં સફળ રહી નથી તેવા સંજોગોમાં યુનિવર્સિટીને મળેલ ગ્રાન્ટ સમયસર વાપરવા અને ભૌતિક સુવિધાનો યુનિવર્સિટીને ઝડપી લાભ થાય તે માટે અન્ય બાંધકામના પ્રોજેકટ (મહિલા હોસ્ટેલ, યોગ ભવન) માટે બાંધકામ સમિતિમાં

લેવાયેલ નિર્ણયને માન્ય રાખવામાં આવી અને કામગીરી સોંપીને સત્વરે કામગીરી થાય તે સબબનો નિર્ણય કરવામાં આવ્યો.

૪૪.૦૪ નાણાં સમિતિની તા.૨૫/૦૫/૧૭ ની બેઠકમાં લેવાયેલ નિર્ણયોની તૈયાર કરવામાં આવેલ કાર્યનોંધને બહાલી આપવામાં આવી.

૪૪.૦૫ યુનિવર્સિટીમાં સ્વનિર્ભર ધોરણે કરાર આધારિત ફરજ બજાવતા કર્મચારીઓને ૧૫ દિવસનો બ્રેક આપી વધુ ૧૧ માસ માટે તથા આગામી શૈક્ષણિક કર્મચારીઓને એપ્રિલ–મેના સત્રાંત સુધી રીન્યુ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૪૪.૦૬ યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનમાં આસી.પ્રોફેસર–જયોતિષ તરીકે ફરજ બજાવતાં શ્રી ઉમાશંકર ઝા ને સ્વ–વિનંતીથી તા.૦૬/૦૫/૨૦૧૭ ના રોજ ફરજ મુકત કરવામાં આવેલ છે તેની તમામ મહાનુભાવોને જાણ કરવામાં આવી.

૪૪.૦૭ યુનિવર્સિટીની શિક્ષાશાસ્ત્રી સંકાયના ડીનશ્રી તરીકે માનનીય કુલપતિશ્રી દ્વારા શ્રીમતી અભિષાબેન દવેને મનોનિત કરવામાં આવ્યા છે તેની તમામ મહાનુભાવોને જાણ કરવામાં આવી.

૪૪.૦૮ યુનિવર્સિટી દ્વારા વિવિધ કામગીરી વાર્ષિક સેવા મેળવવા માટે જે–તે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી છે તેની બહાલી આપવામાં આવી તેમજ ગત વર્ષ મુજબ નિયમાનુસાર પ્રક્રિયા કરી **L-1** પાર્ટી પાસેથી જે–તે સેવા મેળવવી તેમ નિર્ણય કરવામાં આવ્યો.

૪૪.૦૯ યુનિવર્સિટી હોસ્ટેલના સામાન્ય તેમજ ભોજન માટેના નિયમો નિયત સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે (શ્રી મેહુલભાઈ ભટ્ટ દ્વારા સુચવેલ પણ) તેને બહાલી આપવામાં આવી તેમજ તેનો ચુસ્તપણે અમલ થાય તેમ ઠરાવવામાં આવ્યું.

૪૪.૧૦ યુનિવર્સિટીની બોયઝ હોસ્ટેલ માટે ગૃહપતિની સેવા મેળવવા અંગે ચર્ચા–વિચારણા કરવામાં આવી જેમાં તા.૨૫/૦૫/૨૦૧૭ની નાણાં સમિતિની બેઠકમાં ક્રમાંક–૧૦ પર લેવામાં આવેલ નિર્ણય અનુસાર કામગીરી કરવી તેમ ઠરાવવામાં આવ્યું તેમજ ગૃહપતિએ યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલ નિયમ અનુસાર હોસ્ટેલ ચાલાવવાની રહેશે તેમ નિર્ણય કરવામાં આવ્યો.

**મહાનુભાવશ્રીનાં સુચનો :–**

૪૪.૧૧ (૧) યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિટી જર્નલ "શોધ જયોતિ"ની UGC ની માન્યતા સત્વરે મેળવી લેવાનું મહાનુભાવો દ્વારા સુચન કરવામાં આવ્યું હતું.

સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

(૨) યુનિવર્સિટીના સત્તા મંડળની મિટિંગના સાત(૭) દિવસ પહેલા એજન્ડા તેમજ જરૂરી વિગતો માનનીય કુલપતિશ્રી પાસે મંજૂર કરાવીને સત્તા મંડળના તમામ સભ્યશ્રીઓને મોકલી આપવી જેથી મહાનુભાવો તેનો અભ્યાસ કરી મિટિંગમાં ચર્ચા–વિચારણા કરી શકે.

**અધ્યક્ષ સ્થાનેથી :–**

૪૪.૧૨ (૧) માનનીય કુલપતિશ્રી દ્વારા યુનિવર્સિટીની કેટલીક બાબતો અંગે તા.૧૯/૦૫/૨૦૧૭ ના રોજ અગ્રસચિવશ્રી, શિક્ષણ સાથે થયેલ ચર્ચાની વિગતો મહાનુભાવોને આપવામાં આવી હતી જેમાં યુનિવર્સિટીમાં તા.૩૦/૦૪/૨૦૧૩ થી મંજૂર થયેલ જગ્યાઓમાંથી ભરાયેલ જગ્યાઓને નિયમિત નિમણૂંક આપવા અંગેની દરખાસ્ત માનનીય કુલપતિશ્રી દ્વારા રાખવામાં આવતા આ અંગે ચર્ચા–વિચારણા કરવામાં આવી હતી. જેમાં કુલસચિવ દ્વારા જણાવવામાં આવેલ કે ભરાયેલ જગ્યાઓની મંજૂરી પત્રમાં શરત નંબર–૧૦થી મુદત લંબાવવા માટે વખતોવખત દરખાસ્ત કરવા છતાં હજુ સુધી એક પણ વાર સરકારશ્રી દ્વારા મુદત લંબાવી આપવામાં આવી નથી. તેમજ યુનિવર્સિટીના કરેલ પત્ર–વ્યવહારના સંદર્ભમાં શિક્ષણ વિભાગે કમિશ્નર કચેરીને તા.૧૦/૦૫/૨૦૧૭ના પત્રથી વિગતો સાથે દરખાસ્ત મંગાવેલ છે. આવા સંજોગોમાં સરકારનું સમર્થન મેળવી નિયમિત નિમણૂંક આપવી જોઈએ તેમ જણાવેલ. જે બાબતને ધ્યાને લઈ માન.કુલપતિશ્રી દ્વારા સ્પષ્ટ વિગતો સાથે પત્ર લખી સમર્થન મેળવવું અને આ અંગે જુન માસમાં ઈ.સી.ની બેઠકનું આયોજન કરી નિર્ણય કરવો તેમ નકકી કરવામાં આવ્યો.

૪૪.૧૨ (૨) યુનિવર્સિટીની મુખ્ય ગણાતી અને મંજૂર થયેલ બે વહીવટી અધિકારીઓ (કુલસચિવ, મુખ્ય હિસાબી અધિકારી)ની જગ્યાઓ ભરવાની થતી હોય તે માટેના તૈયાર કરેલ નિયમોની મંજૂરી મેળવવા માટે રાજય સરકારશ્રીને મોકલી આપવામાં આવેલ છે જેને ખૂબજ સમય થવા છતાં રાજય સરકારમાંથી મંજૂરી મળેલ નથી તે અંગે સત્વરે મંજૂરી આપી દેવામાં આવશે તેમ અગ્રસચિવશ્રીએ માનનીય કુલપતિશ્રીને જણાવેલ છે. પરંતુ ન મળે તો સત્વરે મંજૂરી મેળવવા માટેનો પત્ર વ્યવહાર કરવો.

બેઠકને અંતે કુલસચિવ દ્વારા સૌ મહાનુભાવોનો આભાર માનવામાં આવ્યો હતો.

(ડૉ.દશરથ જાદવ)
કા.કુલસચિવ
REGISTRAR (I/c)
... Somnath Sanskrit University
Veraval

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકઝીકયુટીવ કાઉન્સિલની ૪૫મી બેઠકની કાર્યનોંધ (તા.૦૬/૦૬/૨૦૧૭)

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકઝીકયુટિવ કાઉન્સિલની ૪૫મી ખાસ બેઠક તા.૦૬ જુન, ૨૦૧૭ નાં રોજ બપોરે ૧૨:૦૦ કલાકે બી.એડ.કોલેજ, સોલા ભાગવત, અમદાવાદ ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
(૨) ડૉ.કૃષ્ણપ્રસાદ નિરૌલાજી
(૩) શ્રી મેહુલભાઈ ભટ્ટ
(૪) ડૉ.મયુરીબેન ભાટીયા
(૫) ડૉ.દિપેશ કતિરા
(૬) પ્રિ.ડૉ.વાચસ્પતિ મિશ્રા
(૭) શ્રી યોગેશ એલ. પટેલ – કા.કુલસચિવ

સૌ પ્રથમ કા.કુલસચિવશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું તેમજ ચર્ચા–વિચારણાને અંતે નીચે મુજબના સર્વાનુમતે નિર્ણયો લેવામાં આવ્યા.

**૪૫.૦૧ યુનિવર્સિટીના કુલસચિવશ્રીના ચાર્જ બાબતે –**

**ઠરાવ :** કુલસચિવશ્રીનો ચાર્જ સંભાળતા ડો.દશરથ જાદવ, નાયબ કુલસચિવશ્રીની કુલસીચવશ્રીના ચાર્જમાંથી મુકિતની રજુઆતને આધારે તા.૩૧/૦૫/૧૭ થી કુલસચિવશ્રીના ચાર્જમાંથી મુકત કરવામાં આવેલ હતા તા.૦૧/૦૬/૧૭ થી શ્રી યોગેશ પટેલ, પરીક્ષા નિયામકશ્રીને કુલસચિવશ્રીનો ચાર્જ સોંપવામાં આવેલ હતો. કુલસચિવશ્રીના ચાર્જ બાબતે યુનિવર્સિટીમાં કાર્યરત પ્રોફેસરોની સિનિયોરીટી ધ્યાને લઈ નામોની ચર્ચા કરવા ઉપરાંત સર્વાનુમતે ડો.મહેન્દ્ર દવે, એસોસીયેટ પ્રોફેસર, સાહિત્ય વિભાગને કુલસચિવશ્રીનો ચાર્જ સોંપવા સભ્યશ્રીઓએ સહમતી દર્શાવી તથા આ બાબતે સરકારશ્રીને પણ કુલસચિવશ્રીની જગ્યા પ્રતિનિયુકતીથી ભરવા માટે પત્ર પાઠવવો તેમ ઠરાવવામાં આવ્યું.

**૪૫.૦૨ મહાનુભાવોના સુચનોમાં :– ————————**

**૪૫.૦૩ અધ્યક્ષ સ્થાનેથી રજુ થયેલ : –**

**૪૫.૦૩.૦૧ – ગ્રાન્ડ એજયુકેશન ફેર–૨૦૧૭ (તા.૧૪ થી ૧૬ જુન ૨૦૧૭, અમદાવાદ) બાબતે.**

**ઠરાવ :** ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના પત્ર તા.૨૦/૦૫/૨૦૧૭ તથા શિક્ષણ મંત્રીની ઉપસ્થિતિમાં તા.૦૩/૦૬/૨૦૧૭ ના રોજ યોજાયેલ માન.કુલપતિશ્રીઓની બેઠકમાં થયેલ ચર્ચા મુજબ અત્રેની યુનિવર્સિટીને ભાગ લેવાનો થતો હોઈ યુનિવર્સિટીનું પ્રદર્શન ગરીમાપૂર્વક થાય તે પ્રકારનું આયોજન કરવા તથા તે અંગે થનાર અંદાજીત ખર્ચ રૂા.૩,૫૦,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ લાખ પચાસ હજાર) મંજુર કરવામાં આવ્યો.

**૪૫.૦૩.૦૨ – યુનિવર્સિટી સંચાલીત કન્સ્ટીટયુટ કોલેજના પ્રિ.નરેન્દ્રકુમાર પંડયાજીના જી.પી.એફ બાબતે.**

**ઠરાવ :** ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના પત્ર તા.૦૬/૦૯/૨૦૦૫ ના પત્ર ક્રમાંક : નપન–૨૦૦૩–જીઓઆઈ–૧૦–પી, ગાંધીનગર ને વંચાણે લઈ ચર્ચા વિચારણાને અંતે સરકારશ્રીને સદર પરીપત્ર મુજબ યુનિવર્સિટી સંચાલિત કન્સ્ટીટયુટ કોલેજના પ્રિ.નરેન્દ્રકુમાર પંડયાજીના જી.પી.એફ બાબતે અનુમતી મેળવવા માટે શિક્ષણ વિભાગને પત્ર પાઠવવા નક્કી કરવામાં આવ્યું.

**૪૫.૦૩.૦૩** – યુનિવર્સિટીની આગામી ૪૬મી એકઝીકયુટીવ કાઉન્સીલની બેઠક તા.૨૮/૦૬/૨૦૧૭ ના રોજ યોજવાનું નક્કી કરવામાં આવ્યું.

બેઠકનાં અંતે કા.કુલસચિવશ્રીએ સર્વે મહાનુભાવોનો આભાર વ્યકત કર્યો.

(સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ — stamp)

કા.કુલસચિવ

## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકઝીકયુટીવ કાઉન્સિલની ૪૬મી બેઠકની કાર્યનોંધ (તા.૨૮/૦૬/૨૦૧૭)

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકઝીકયુટિવ કાઉન્સિલની ૪૬મી બેઠક તા.૨૮ જુન, ૨૦૧૭ નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
(૨) ડૉ.કૃષ્ણપ્રસાદ નિરૌલાજી
(૩) શ્રી મેહુલભાઈ ભટ્ટ
(૪) ડૉ.મયુરીબેન ભાટીયા
(૫) ડૉ.દિપેશ કતિરા
(૬) પ્રિ.ડૉ.વાચસ્પતિ મિશ્રા
(૭) ડો.અર્ચનાબેન દુબે
(૮) ડો. મહેન્દ્રકુમાર એ. દવે – કા.કુલસચિવ

સૌ પ્રથમ કા.કુલસચિવશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું તેમજ ચર્ચા–વિચારણાને અંતે નીચે મુજબના સર્વાનુમતે નિર્ણયો લેવામાં આવ્યા.

**૪૬.૦૧ કરેલ કામગીરીના અહેવાલ બાબતે –**

**ઠરાવ :** યુનિવર્સિટી દ્વારા તા.૨૬/૦૫/૨૦૧૭ના રોજથી તા.૨૭/૦૬/૨૦૧૭ સુધીના કરેલ કામગીરીના અહેવાલને બહાલી આપવામાં આવી.

**૪૬.૦૨ વાર્ષિક કેલેન્ડરની મંજુરી બાબતે –**

**ઠરાવ :** યુનિવર્સિટી દ્વારા રજૂ કરેલ વાર્ષિક કેલેન્ડર શૈક્ષણિક વર્ષ:૨૦૧૭–૧૮ને બહાલી આપવામાં આવી.

**૪૬.૦૩ પી.એમ.સી. અંગે –**

**ઠરાવ :** યુનિવર્સિટી દ્વારા નવા બિલ્ડીંગ બાંધકામ (ગર્લ્સ હોસ્ટેલ અને યોગ પ્રદર્શની ભવન)ની કામગીરી બેન્ચમાર્ક કન્સલ્ટન્ટની પાસે પી.એમ.સી. દ્વારા કરાવવાનું તથા રીનોવેશન ઓફ મુખ્ય ભવનની કામગીરી ટેન્ડર અન્વયે લોએસ્ટ પાર્ટી સોમપુરા માર્બલ ઈન્ડ્રસ્ટ્રીયલને સોંપવાનો નિર્ણય કરવામાં આવ્યો.

**૪૬.૦૪ શૈક્ષણિક કર્મચારીઓને વેકેશન સમયે આગળ–પાછળ સી.એલ રજા જોડવા બાબતે –**

**ઠરાવ :** યુનિવર્સિટીના શૈક્ષણિક કર્મચારીઓને વેકેશનની આગળ અથવા પાછળ કોઈ પણ એક બાજુએ સી.એલ. રજા મંજૂર કરવી તેમ ઠરાવવામાં આવ્યું.

**૪૬.૦૫ મહાનુભાવોના સુચનોમાં:**

**૪૬.૦૫.૦૧–** સભ્યશ્રી મેહુલભાઈ ભટ્ટના ગત ઈ.સી. તા.૦૬/૦૬/૨૦૧૭ની મીટીંગની કાર્યનોંધમાં થયેલ શરતચુક બાબતના પત્ર સંદર્ભે તેઓએ કરેલ ચર્ચામાં કુલસચિવશ્રીની કાયમી જગ્યા ભરવા અથવા પ્રતિનિયુકતિથી જગ્યા ભરવા સબબનો પત્ર સરકારશ્રીને લખવો.

સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

૪૬.૦૫.૦૨– સભ્યશ્રી મેહુલભાઈ ભટ્ટના ગત ઈ.સી. તા.૦૬/૦૬/૨૦૧૭ની મીટીંગની કાર્યનોંધમાં ડો. નરેન્દ્રકુમાર પંડયાના જી.પી.એફ. બાબતે થયેલ નિર્ણય અનુસાર અનુમતિ મેળવવા માટે શિક્ષણ વિભાગને પત્ર પાઠવેલ જે સબબની સરકારમાંથી પ્રત્યુતર મળ્યેથી આગળની કાર્યવાહી કરવી તેમ સૂચવવામાં આવ્યું.

**૪૬.૦૬ અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ : –**

**૪૬.૦૬.૦૧** – તા.૨૬/૦૫/૨૦૧૭ તથા ૦૬/૦૬/૨૦૧૭ ની ઈ.સી.માં કર્મચારીઓને લાંબા ગાળાની નિમણૂંક અંગે.

**ઠરાવ :** સરકારશ્રીમાંથી વર્ષઃ૨૦૧૩ની મંજૂર થયેલ જગ્યાઓ પૈકી ભરાયેલ જગ્યાઓના કર્મચારીઓને નુકશાન ન જાય તે હેતુથી સૌ સભ્યોએ તેઓને લાંબા ગાળાની નિમણૂંક કરવા અંગે કુલપતિશ્રીના સૂચનને સહમતિ આપેલી ત્યારે કાર્યકારી કુલસચિવશ્રી દ્વારા મંજૂર થયેલ જગ્યાઓના ઠરાવની શરત નં.૧૦ મુજબ લાંબાગાળાની નિમણૂંકનો પત્ર તથા ઈજાફા બાબતે સરકારશ્રીની પૂર્વ અનુમતિ લઈને આપી શકાય તેમ જણાવતાં ઈ.સી.ના અધ્યક્ષ સ્થાનેથી કુલપતિશ્રીએ પ્રસ્તાવ રાખ્યો કે,– ૨૦૧૩ના ઠરાવ અન્વયે ૨૦૧૪માં ભરતી થનાર શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓને ૨ (બે) વર્ષનો અજમાયશી સમયગાળો સફળતા પૂર્વક પૂર્ણ કરેલ હોઈ રજાના લાભો પ્રાપ્ત થાય તે માટે લાંબાગાળાની નિમણૂંક આપવામાં આવે. – ઉપર્યુકત લાંબાગાળાની નિમણૂંક પ્રાપ્ત કરનાર શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓની સરકારશ્રીની મંજૂરી બાદ જ ઈન્ક્રીમેન્ટ જેવા આર્થિક લાભો અપાશે. – લાંબાગાળાની નિમણૂંક પ્રાપ્ત કરનાર શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓના આદેશમાં સરકારશ્રીની લાંબાગાળાની મંજુરી મળ્યેથી ઈન્ક્રીમેન્ટ જેવા આર્થિક લાભો અપાશે તેમ ઉલ્લેખ કરી જે–તે કર્મચારીનો લાંબાગાળાની નિમણૂંકનો આદેશ આપવો તેમ ઠરાવવામાં આવ્યું.

**૪૬.૦૬.૦૨– વર્ષ ૨૦૧૩ની મંજૂર થયેલ જગ્યાઓ પૈકી રીડર(એસો.પ્રોફેસર)ની જગ્યા ભરવા અંગે.**

**ઠરાવ :** સરકારશ્રીમાંથી વર્ષઃ૨૦૧૩ની મંજૂર થયેલ જગ્યાઓ પૈકી રીડર(એસો.પ્રોફેસર)ની જગ્યા ભરવા અંગે અધ્યક્ષશ્રી દ્વારા રજૂઆત થતા કા.કુલસચિવ દ્વારા ૨૦૧૩ની મંજૂર થયેલ જગ્યાઓ ૨૦૧૭માં ભરવા માટે ત્રણ વર્ષના સમય બાદ જગ્યા ભરવા માટે સરકારશ્રીની મંજૂરી મેળવવી જરૂરી હોઈ સરકારશ્રીની મંજૂરી લેવાનું જણાવતા અધ્યક્ષશ્રી માન.કુલપતિશ્રીએ તા.૨૧/૦૩/૨૦૧૭ના ઠરાવથી તે મંજૂરી મળી ગયેલ હોવાનું સૂચવેલ તથા શિક્ષણ વિભાગના અગ્રસચિવશ્રી સાથે તેઓશ્રીએ કરેલ રૂબરૂ મુલાકાત દરમ્યાન અગ્રસચિવશ્રીએ સદર જગ્યાઓ ભરવા સૂચવેલ છે તેમ જણાવેલ. આમ બાકી રહેલ રીડર(એસો.પ્રોફેસર)ની જગ્યા ભરવા માટે સભ્યશ્રીઓ દ્વારા વર્તમાન યુ.જી.સી.અને સરકારના ધારા–ધોરણોને ધ્યાને લઈ રીડર(એસો.પ્રોફેસર)ની જગ્યા ભરવી તેમ સુચવવામાં આવ્યું.

**૪૬.૦૬.૦૩– PGDCA ના નામની PGDCA WITH SANSKRIT રાખવા અંગે.**

**ઠરાવ :** યુનિવર્સિટી સંલગ્ન સ્ટડીસેન્ટરમાં ચાલતા સ્વનિર્ભર PGDCA ના અભ્યાસક્રમના નામની જગ્યાએ PGDCA WITH SANSKRIT નામ રાખવા અંગે અધ્યક્ષશ્રી દ્વારા થયેલ પ્રસ્તાવને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

બેઠકના અંતે કુલસચિવ દ્વારા સૌ મહાનુભાવોનો આભાર માનવામાં આવ્યો.

કા.કુલસચિવ
REGISTRAR (I/c)
Shree Somnath Sanskrit University
Rajendra Bhuvan Road -Veraval
Dist:Gir Somnath (Gujarat) 362266

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકઝીકયુટીવ કાઉન્સિલની ૪૭મી બેઠકની કાર્યનોંધ (તા.૨૮/૦૯/૨૦૧૭)

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકઝીકયુટિવ કાઉન્સિલની ૪૭મી બેઠ ક તા.૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૭ નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
(૨) ડૉ.કૃષ્ણપ્રસાદ નિરૌલાજી
(૩) ડૉ.મયુરીબેન ભાટીયા
(૪) ડૉ.દિપેશ કતિરા
(૫) પ્રિ.ડૉ.વાચસ્પતિ મિશ્રા
(૬) ડો.અર્ચનાબેન દુબે
(૭) ડો. મહેન્દ્રકુમાર એ. દવે – કા.કુલસચિવ

સૌ પ્રથમ કા.કુલસચિવશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું તેમજ ચર્ચા–વિચારણાને અંતે નીચે મુજબના સર્વાનુમતે નિર્ણયો લેવામાં આવ્યા.

**૪૭.૦૧** કરેલ કામગીરીનો અહેવાલ બાબત.

**ઠરાવ :** યુનિવર્સિટી દ્વારા .તા.૨૮/૦૬/૨૦૧૭ થી ૨૭/૦૯/૨૦૧૭સુધીના કરેલ કામગીરીના અહેવાલને બહાલી આપવામાં આવી.

**૪૭.૦૨** એકેડેમીક કાઉન્સીલની તા.૨૭/૦૯/૧૭ ની બેઠકની કાર્યનોંધને બહાલી બાબત.

**ઠરાવ :** યુનિવર્સિટી દ્વારા આયોજીત એકેડેમીક કાઉન્સીલની તા.૨૭/૦૯/૧૭ ની બેઠક કોરમ ન થવાને કારણે રદ થયેલ જેની નોંધ લેવામાં આવી.

**૪૭.૦૩** નાણાં સમિતિની તા.૨૮/૦૯/૧૭ ની બેઠકમાં લેવાયેલ નિર્ણયને બહાલી .

**ઠરાવ :** યુનિવર્સિટીની દ્વારા નાણાં સમિતિની તા.૨૮/૦૯/૧૭ ની બેઠકમાં લેવાયેલ નિર્ણયને બહાલી આપવામાં આવી.

**૪૭.૦૪** યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ જાહેરાત બાબતે.

**ઠરાવ :** યુનિવર્સિટીની દ્વારા એસોસિયેટ પ્રોફેસર, આસી.પ્રોફેસર તથા કુલસચિવની તાજેતરમાં આપેલ જાહેરાતને બહાલી આપવામાં આવી.

**૪૭.૦૫** CAS અંતર્ગત એસો.પ્રોફેસરમાંથી પ્રોફેસરમાં થયેલ પ્રમોશન ઈન્ટરવ્યુ પ્રક્રિયાનું ડો.મહેન્દ્રકુમાર દવેનું બંધ કવર ખોલવા બાબત.

**ઠરાવ :** CAS અંતર્ગત એસો.પ્રોફેસરમાંથી પ્રોફેસરમાં થયેલ પ્રમોશન ઈન્ટરવ્યુ પ્રક્રિયાનું ડો.મહેન્દ્રકુમાર દવેનું બંધ કવર બાબતે ડો.મહેન્દ્રકુમાર દવે કા.કુલસચિવશ્રીના ચાર્જમાં હોઈ તેમને ઉકત કવર ખોલતાં પહેલાં મિટિંગમાંથી બહાર મોકલી બેઠકમાં હાજર રહેલ તમામ મહનુભાવોની ઉપસ્થિતિમાં યુનિવર્સિટીના કચેરીઅધિક્ષકને મિટીંગમાં બોલાવી તેમની રૂબરૂ ખોલવામાં આવેલ અને કરેલ કામગીરીને મંજૂરી આપી તથા CAS અંતર્ગત પ્રમોશનને મંજુર કરી સરકારશ્રીમાં મંજૂરી માટે મોકલવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૪૭.૦૬ કુલસચિવશ્રીની ભરતી પ્રક્રિયામાં એકટના નિયમને આધિન ઈ.સી.નોમિનિનું નામ નક્કી થવા બાબત.

ઠરાવ : સદર બાબત આવતાં સર્વ સભ્યશ્રીઓએ હાલના કા.કુલસચિવશ્રી ડો.મહેન્દ્રકુમાર દવે અરજદાર હોવાથી તેઓને બહાર મોકલીને સર્વ સભ્યોશ્રીઓએ સર્વાનુમતે એક નામ નક્કી કરી બંધ કવરમાં માન.કુલપતિશ્રીને સુપરત કરવામાં આવ્યું.

૪૭.૦૭ આગામી તા.૦૫/૧૦/૨૦૧૭ થી તા.૦૭/૧૦/૨૦૧૭ દરમ્યાન યુનિવર્સિટી કેમ્પસ ખાતે થનાર યુવક મહોત્સવના આયોજનને તેમજ થનાર ખર્ચને બહાલી આપવા બાબતે.

ઠરાવ : યુનિવર્સિટીમાં તા.૦૫/૧૦/૨૦૧૭ થી તા.૦૭/૧૦/૨૦૧૭ દરમ્યાન યુનિવર્સિટી કેમ્પસ ખાતે થનાર યુવક મહોત્સવનું ગરીમાપૂર્વક આયોજન કરવા તેમજ આનુષંગિક થનાર તમામ ખર્ચને બહાલી આપવામાં આવી.

૪૭.૦૮ BAPS સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવેલ યુનિવર્સિટીના મુખ્ય પ્રવેશદ્વારનાં લોકાર્પણ બાબત.

ઠરાવ : યુનિવર્સિટીમાં BAPS સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવેલ મુખ્ય પ્રવેશદ્વારનું લોકાર્પણ ગરીમાપૂર્ણક યોજાય તથા તેમાં થનાર મંડપ વગેરે આનુંસંગિક ખર્ચને બહાલી આપવામાં આવી.

૪૭.૦૯ તા.૧૫/૦૭/૨૦૧૭ નાં રોજ યોજાયેલ પ્રકાશન સમિતિની શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ ની પ્રથમ બેઠકની કાર્યનોંધને બહાલી આપવા બાબત.

ઠરાવ : યુનિવર્સિટીની તા.૧૫/૦૭/૨૦૧૭ નાં રોજ યોજાયેલ પ્રકાશન સમિતિની શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ ની પ્રથમ બેઠકની કાર્યનોંધને બહાલી આપવામાં આવી.

**૪૭.૧૦ મહાનુભાવોના સૂચનોમાં :**

**૪૭.૧૦.૦૧** – ડો. કંતિરાજી દ્વારા એક્ષટર્નલ વિદ્યાર્થીને રેગ્યુલરમાં સમાવેશ કરવાની બાબત મુકવામાં આવી.

**ઠરાવ :** સર્વાનુમતે અગાઉ એકેડેમીક કાઉન્સીલની તા.૩૦/૦૪/૨૦૧૬ ની ૨૩ મી બેઠક માં ૨૩.૨૭ થી આ બાબતે નિર્ણય થયેલ જેને ફેર વિચારણા માટે તા.૨૭/૦૯/૨૦૧૭ ની બેઠકમાં એજન્ડા તરીકે મુકેલ પરંતુ કોરમ ન થવાને કારણે બેઠક મળી શકી ન હતી. પરંતુ ઉકત બાબતે ફેરવિચારણા કરી આગમી એકેડેમીક કાઉન્સીલની મંજુરીની અપેક્ષાએ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો કે જે વિદ્યાર્થી રેગ્યુલરમાં અભ્યાસ કરતો હોય અને તેને સરકારી/અર્ધસરકારી/ગ્રાન્ટઈનએઈડસંસ્થામાં નોકરી મળી હોય તો તેવા કેશમાં વિદ્યાર્થીના હિતમાં વિદ્યાર્થીને નુકશાન ન થાય તે હેતુથી તેમને રેગ્યુલર અભ્યાસક્રમમાંથી એક્ષટર્નલ અભ્યાસક્રમમાં પ્રવેશ આપવો. આવા કેશમાં યુનિવર્સિટી ખાતે તૈયાર કરેલ મેન્યુઅલ ફોર્મેટમાં માર્કશીટ આપવાની થાય તથા તેના છેલ્લા સેમેસ્ટરને ધ્યાને લઈ ડીગ્રી એનાયત કરવી.

**૪૭.૧૧ અધ્યક્ષ સ્થાનેથી રજૂ થાય તે. :–**

**૪૭.૧૧.૦૧** – માન.કુલપતિશ્રી દ્વારા સંશોધન અધિકારીશ્રીના પદને શૈક્ષણિક ગણવાની બાબત મુકવામાં આવી.

**ઠરાવ :** આ બાબતે સંશોધન અધિકારીશ્રીની અરજી વંચાણે લઈ નિર્ણય કરવામાં આવ્યો કે આ પદને નોનવેકેશનલ શૈક્ષણિક પદ ગણવું જેમાં ઉપસ્થિત સર્વે મહાનુભાવોએ સ્વીકૃત કર્યો.

**કા.કુલસચિવ**

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી
## એકેડેમિક કાઉન્સીલની ૨૯મી બેઠક તથા એકઝીકયુટીવ કાઉન્સિલની ૪૮મી બેઠકની કાર્યનોંધ
## (તા.૨૬/૧૨/૨૦૧૭)

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સીલની ૨૯મી બેઠક તથા એકઝીકયુટીવ કાઉન્સિલની ૪૮મી બેઠક તા.૨૬ ડિસેમ્બર,૨૦૧૭ નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
(૨) ડૉ.કૃષ્ણપ્રસાદ નિરૌલાજી
(૩) શ્રી મેહુલભાઈ ભટ્ટ
(૪) ડૉ.મયુરીબેન ભાટીયા
(૫) ડૉ.દિપેશ કતિરા
(૬) પ્રિ.ડૉ.વાચસ્પતિ મિશ્રા
(૭) ડૉ.ડાહયાભાઈ પંચાલી (શાસ્ત્રીજી)
(૮) ડૉ.હર્ષદેવ માધવ
(૯) ડૉ.મેહુલભાઈ શાહ
(૧૦) ડૉ.વિજયભાઈ પંડયા
(૧૧) શ્રી ગોવિંદભાઈ પટેલ
(૧૨) ડૉ.ગીરીશભાઈ ઠાકર
(૧૩) ડૉ.કમલેશકુમાર ચોકસી
(૧૪) ડૉ.કાન્તિભાઈ ભટ્ટ
(૧૫) ડૉ.જયપ્રકાશ નારાયણ દ્વિવેદી
(૧૬) ડૉ.શત્રુધ્ન પાણીગ્રહી
(૧૭) ડૉ.ડી.એમ.મોકરીયા
(૧૮) ડૉ.પંકજ રાવલ
(૧૯) ડૉ. મહેન્દ્રકુમાર એ. દવે – કા.કુલસચિવ

સૌ પ્રથમ કા.કુલસચિવશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું તેમજ ચર્ચા–વિચારણાને અંતે નીચે મુજબના સર્વાનુમતે નિર્ણયો લેવામાં આવ્યા.

**૦૧. કરેલ કામગીરીના અહેવાલ બાબતે –**

**ઠરાવ :** યુનિવર્સિટી દ્વારા તા.૨૮/૦૯/૨૦૧૭ થી ૨૨/૧૨/૨૦૧૭ સુધીના કરેલ કામગીરીના અહેવાલને બહાલી આપવામાં આવી તથા ઈ.સી.ની ૪૭મી બેઠક નવરાત્રીનો ઉત્સવ ચાલતો હોવાથી સભ્યોના અનુરોધને કારણે મીટીંગ સ્થગિત કરવામાં આવેલ હતી તેથી તેમાં થયેલ ઠરાવ નં.૪૭.૦૨ માં કોરમ રદ થવાને બદલે 'સ્થગિત' શબ્દનો પ્રયોગ કરવો એમ ઠરાવવામાં આવ્યું.

**૦૨. માન.કુલપતિશ્રીની પસંદગી માટેની સર્ચ કમિટીમાં નામ નકકી થવા બાબતે –**

**ઠરાવ :** માન.કુલપતિશ્રીની પસંદગી સમિતિમાં સત્તામંડળની સંયુકત બેઠકમાં સર્વાનુમતે ડૉ.ગિરીશભાઈ ઠાકરનું નામ મનોનિત કરવામાં આવ્યું.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

૦૩. **ભરતી સબબમાં મંગવવામાં આવેલ અરજીઓમાં આવેલ અરજીઓ બાબતે –**

ઠરાવ : ભરતી સબબની આવેલ અરજીઓની સ્ક્રુટીની કરી નિયમાનુસારની ભરતી પ્રક્રિયા કરવાનું નકકી કરવામાં આવ્યું.

૦૪. **શ્રી ભાવસિંહભાઈ બારડની નિયમિત નિમણૂંક બાબતે –**

ઠરાવ : યુનિવર્સિટીમાં હિસાબનીશ તરીકે ફરજ બજાવતા શ્રી ભાવસિંહભાઈ બારડની ગુજરાત સરકારશ્રીના નિયમાનુસાર પાંચ વર્ષનો ફિકસ પગારનો સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ થયેથી લાંબાગાળાની નિમણૂંક આપવાનું ઠરાવવામાં આવ્યું.

૦૫. **કચેરી સુવિધાના ટેન્ડરનો સમયગાળા બાબતે –**

ઠરાવ : યુનિવર્સિટીમાં કચેરી સુવિધા તથા સફાઈ કામગીરીનો સમયગાળો આગામી તા.૩૧/૧૨/૧૭નાં રોજ પૂર્ણ થતા તૈયાર કરેલ સંયુકત ઈ–ટેન્ડરની પ્રક્રિયાને બહાલી આપવામાં આવી તથા ઈ–ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ કરી પાર્ટી નકકી ન થાય ત્યાં સુધી કાર્યરત પાર્ટીનો સમયગાળો લંબાવવા માટે ઠરાવવામાં આવ્યું.

૦૬. **યુનિવર્સિટીના વિવિધ વિભાગોની જરૂરીયાત મુજબની ખરીદી બાબતે –**

ઠરાવ : સદર બાબતે ખરીદીની પ્રક્રિયા હોઈ ખરીદ સમિતિમાં બાબત મુકી આવેલ ભલામણને નાણાં સમિતિની અનુમતિ લઈ આગામી ઈ.સી.માં મુકી ખરીદી કરવા ઠરાવવામાં આવ્યું.

૦૭. **મોડરેશન પોલીસીમાં પૂર્વ થયેલ નિર્ણયમાં ફેરવિચારણા બાબતે –**

ઠરાવ : મોડરેશન પોલીસીમાં એપ્રિલ–૨૦૧૭નાં સંલગ્ન મોડરેટશ્રીઓ દ્વારા ૧૫ ગુણ સુધી વધારો–ઘટાડો કરવાની સત્તા સર્વાનુમતે આપવામાં આવી.

૦૮. **રેગ્યુલર થી બાહ્યમાં પ્રવેશમાં પૂર્વ થયેલ નિર્ણયમાં ફેરવિચારણા બાબતે –**

ઠરાવ : જો કોઈ રેગ્યુલર વિદ્યાર્થીને સરકારી તથા ગ્રાન્ટેડ સંસ્થામાં નોકરી મળે તો આવા વિદ્યાર્થીઓ પાસેથી નોકરી સબબના જરૂરી આધાર પુરાવા મેળવીને રેગ્યુલરમાંથી બાહ્યમાં પ્રવેશ ટ્રાન્સફર કરી શકાશે. આવા કિસ્સામાં છેલ્લા સેમેસ્ટરમાં રાખેલ મોડ (રેગ્યુલર/બાહ્ય)ની માર્કશીટ તથા ડિગ્રી આપવી. તથા આવા કિસ્સામાં મેન્યુઅલ ફોર્મેટમાં માર્કશીટ તૈયાર કરી આપવાનું ઠરાવવામાં આવ્યું.

૦૯. **પીજીડીસીએ અભ્યાસક્રના ગ્રેસીંગના નિયમમાં ફેરવિચારણા બાબતે –**

ઠરાવ : પીજીડીસીએમાં ૫૦ ગુણની થીયરીમાં ૫ (પાંચ) ગુણ સુધી ગ્રાહય ન રાખવા અને ૫ (પાંચ) ગુણથી વધુ ગુણમાં પરીવર્તન હોય તો ગ્રાહય રાખવો તેમ નિર્ણય કરવામાં આવ્યો.

વેરાવળ

૧૦. National academic depositiory બાબતે –

ઠરાવ : National academic depositiory બાબતે યુ.જી.સી.ના કરારના નમુના મુજબના કરાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

**૧૧. ડિપ્લોમાં અભ્યાસક્રમમાં રીપીટર વિદ્યાર્થીઓને પરીક્ષા લેવા તથા માર્કશીટ ઈસ્યુ કરવા બાબતે –**

ઠરાવ : ડિપ્લોમાં અભ્યાસક્રમમાં રીપીટર વિદ્યાર્થીઓ જે વિષયમાં નાપાસ હોય તેજ વિષયની રીપીટર પરીક્ષા આપી શકશે તથા સદર બાબતે જુલાઈ–૨૦૧૭ની પરીક્ષામાં આવા વિદ્યાર્થીઓને કેરી ફોરવર્ડનો લાભ આપી નવી માર્કશીટ ઈસ્યુ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

**૧૨. એનરોલમેન્ટ લેઈટ ફી નકકી કરવા બાબતે –**

ઠરાવ : એનરોલમેન્ટની છેલ્લી તારીખ ૩૧–જુલાઈ રાખવી ત્યાર બાદ ૧૫ દિવસ લેઈટ ફી સાથે સ્વિકારવા તેમજ લેઈટ ફી નકકી કરવાની સત્તા માન.કુલપતિશ્રીને આપવામાં આવી.

**૧૩. પારિતોષિકના કાયમી દાતાશ્રીઓની પોલીસી નકકી કરવા બાબતે –**

ઠરાવ : યુનિવર્સિટીમાં દાન આપવા માટે કાયમી દાતાને ૮૦જી સર્ટીફિકેટ આપવું જરૂરી હોય તો જ કાયમી દાતા દાન આપી શકે જેથી યુનિવર્સિટી દ્વારા ૮૦જી સર્ટીફિકેટ આપવા માટે કરવાની થતી કાર્યવાહી કરવી તેમ નકકી કરવામાં આવ્યું.

**૧૪. નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઓપન સ્કુલીંગ તથા એચ.એસ.સી.ની પ્રવેશ સમકક્ષતા બાબતે–**

ઠરાવ : નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઓપન સ્કુલીંગ તથા એચ.એસ.સી. (ધો.૧૨)ની સમકક્ષ ગણી પ્રવેશ આપવા માન્યતા આપવામાં આવી.

**૧૫. વિષય નિષ્ણાંતશ્રીઓના માનદ્ પુરસ્કારની રકમમાં વધારો કરવા બાબતે –**

ઠરાવ : વિષય નિષ્ણાંતશ્રીઓને માનદ્ પુરસ્કાર રૂ.૨૫૦/– ની જગ્યાએ રૂ.૫૦૦/– આપવાનું નકકી કરવામાં આવ્યું.

**૧૬. પ્રવેશ તથા પરીક્ષા ફી એડવાન્સમાં ન સ્વિકારવા બાબતે –**

ઠરાવ : પ્રવેશ તથા પરીક્ષા ફી યુનિવર્સિટી દ્વારા નકકી કરાયેલ છેલ્લી તારીખ સુધીમાં ફી તથા ફોર્મ સ્વિકારવા અને એડવાન્સ ફી સ્વિકારવી નહીં તેમ નકકી કરવામાં આવ્યું.

**૧૭. રેગ્યુલર તથા રીપીટર વિદ્યાર્થીના કોલેજ ટ્રાન્સફરમાં ડેટા કેરીફોરવર્ડ કરવા બાબતે –**

ઠરાવ : રેગ્યુલર તથા રીપીટર વિદ્યાર્થીઓને કોલેજ ટ્રાન્સફર કરવા માટે અગાઉના સેમેસ્ટર પાસ કરેલ હોવા જોઈએ. જેથી વિદ્યાર્થીના ડેટા કેરી ફોરવર્ડ કરવામાં મુશ્કેલી રહે નહી.

**૧૮. રીપીટર વિદ્યાર્થીઓમાં જે સત્રની પરીક્ષા આપવાની હોય તે સત્રનું અગાઉ રેગ્યુલર તરીકે પરીક્ષા ફોર્મ ભરેલુ હોવું અન્યથા રેગ્યુલર તરીકે ગણવા બાબતે –**

**ઠરાવ :** વિદ્યાર્થી જે સત્રની રીપીટર પરીક્ષા આપે તે સત્રનું અગાઉ રેગ્યુલર તરીકે પરીક્ષા ફોર્મ ભરેલું હોવું જોઈએ અન્યથા રેગ્યુલર ગણવો. વધુમાં વધુ ત્રણ વર્ષનો જ ગેપ માન્ય ગણવો તેમ નકકી કરવામાં આવ્યું.

**૧૯. ડિપ્લોમાં રંગમંચ અભ્યાસક્રમની નિર્ધારિત ફીને બહાલી આપવા બાબતે –**

**ઠરાવ :** ડિપ્લોમાં અભ્યાસક્રમની ફી રૂા.૪૦૦૦ + ૪૦૦૦ મળી કુલ ફી રૂા. ૮૦૦૦/– નિર્ધારિત કરવામાં આવી જેમાં યુનિવર્સિટીને પ્રતિ વર્ષ રૂા.૧૨૦૦/– આપવાની રહેશે. જયારે બાકીની રકમ સંસ્થાના નિભાવ / સંચાલન ખર્ચ માટે નિર્ધારિત કરવામાં આવી સદર નકકી કરેલ ફી ને બહાલી આપવામાં આવી.

**૨૦. ૧૦માં પદવીદાન સમારોહ આયોજન બાબતે –**

**ઠરાવ :** યુનિવર્સિટીમાં હાલ રીનોવેશનની કામગીરી ચાલુ હોઈ અધ્યક્ષશ્રીના નિર્દેશાનુસાર આગામી માર્ચ–૨૦૧૮માં ૧૦માં પદવીદાન સમારોહનું આયોજન કરવાનું નકકી કરવામાં આવ્યું.

**૨૧. પી.એચ.ડી.નાં માર્ગદર્શકશ્રીની માન્યતા બાબતે –**

**ઠરાવ :** પી.એચ.ડી.નાં માર્ગદર્શકશ્રીને કમિટીની ભલામણને ધ્યાને લઈ યુ.જી.સી. નિયમાનુસાર માન્યતા આપવી એમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૨૨. ડીપ્લોમાં ઈન નાટય શાસ્ત્ર અભ્યાસક્રમ શ્રી વરતંતુ સંસ્કૃત મહાવિદ્યાલયમાં શરૂ કરવા બાબતે –**

**ઠરાવ :** ડીપ્લોમાં ઈન નાટય શાસ્ત્ર અભ્યાસક્રમ શ્રી વરતંતુ સંસ્કૃત મહાવિદ્યાલય, સોલામાં શરૂ કરવાની માન્યતા આપવામાં આવી.

**૨૩. ડિપ્લોમાં ઈન સંગીત અભ્યાસક્રમ કેમ્પસ પર આગામી સત્રથી શરૂ કરવા બાબતે –**

**ઠરાવ :** ડિપ્લોમાં ઈન સંગીત અભ્યાસક્રમ યુનિવર્સિટી પરીસર ખાતે જુન–૨૦૧૮થી શરૂ કરવો એમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૨૪. શ્રી બ્રહ્મર્ષિ સાતવળેકર સંસ્કૃત મહાવિદ્યાલય, કિલ્લા પારડીને મહાવિદ્યાલયની માન્યતા બાબતે –**

**ઠરાવ :** શ્રી બ્રહ્મર્ષિ સાતવળેકર સંસ્કૃત મહાવિદ્યાલય, કિલ્લા પારડીને શાસ્ત્રી પ્રથમ વર્ષની જુન–૨૦૧૭થી મહાવિદ્યાલયની માન્યતા આપવામાં આવેલ છે જેમને બહાલી આપવમાં આવી તેમજ સદર સંસ્થામાં યુ.જી.સી. માન્ય ડિગ્રી વાળાજ અધ્યાપકોની ભરતી કરવી તેમ અધ્યક્ષ સ્થાનેથી નકકી કરવામાં આવ્યું. આ બાબતે સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**૨૫. BAPS સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુરમાં ચાલતા ડિપ્લોમાં એન.આર.આઈ. અભ્યાસક્રમના બદલાવેલ નામની બહાલી બાબતે –**

ઠરાવ : BAPS સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુરમાં ચાલતા ડિપ્લોમાં એન.આર.આઈ. અભ્યાસક્રમના બદલાવેલ નામને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**૨૬. અગાઉની એકેડેમીક કાઉન્સિલની બેઠકમાં નિર્ણય થયા અનુસાર ભાડાથી ચાલતા સ્ટડી સેન્ટર ચલાવવા અંગે નિર્ણય કરવા બાબતે –**

ઠરાવ : ગત એકેડેમીક કાઉન્સિલના ઠરાવ નં.૨૫.૦૩ થી નકકી થયેલ નિર્ણય અનુસાર નિયમોનુસારની કામગીરી કરવી તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૨૭. આગામી શૈ.વર્ષ ૨૦૧૮–૧૯નાં વર્ષ માટે નવી મહાવિદ્યાલય/પી.જી.ડી.સી.એ./ ડિપ્લોમાં કેન્દ્ર શરૂ કરવા માટે જાહેરાત બાબતે –**

ઠરાવ : શૈ.વર્ષ ૨૦૧૮–૧૯ માટે નવા જોડાણની જાહેરાત આપી નિયમાનુસારની કાર્યવાહી કરવા નકકી કરવામાં આવ્યું.

**૨૮. યુનિવર્સિટી દ્વારા આર્ષ સંશોધન કેન્દ્રનાં ડો.ભદ્રેશ સ્વામીને સમ્માન આપેલ તેની મંજૂરી મેળવવા બાબતે –**

ઠરાવ : આ મુદ્દે ચર્ચા ન કરવા સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.

**૨૯. PGDCA અભ્યાસક્રમના નામની નીચે નાના અક્ષરમાં with sanskrit રાખવા માટે શૈ.વર્ષ ૨૦૧૮–૧૯ થી અમલીકરણ કરવા બાબતે –**

ઠરાવ : PGDCA અભ્યાસક્રમના નામની નીચે નાના અક્ષરમાં with sanskrit રાખવું તથા તેની અમલવારી આગામી શૈ.વર્ષ ૨૦૧૮–૧૯ થી કરવી તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

**૩૦. પી.જી.ડી.સી.એ. અભ્યાસક્રમમાં સ્ટડી સેન્ટર દ્વારા ભરાયેલ જોડાણ ફી પરત કરવા નિર્ણય કરવા બાબતે –**

ઠરાવ : પીજીડીસીએ અભ્યાસક્રમમાં સ્ટડી સેન્ટરો દ્વારા ભરાયેલ જોડાણ ફી યુનિવર્સિટી દ્વારા પરત કરવાની રહેતી નથી. તેમજ હવેથી સદર બાબતનો ઉલ્લેખ જોડાણના નિયમોમાં કરવો તેમ ઠરાવવામાં આવ્યું.

**૩૧. પ્રકાશન સમિતિની તા.૧૫–૦૭–૨૦૧૭ની બેઠકની ભલામણો સૈધ્ધાંતિક મંજૂરી બાબતે –**

**ઠરાવ :** યુનિવર્સિટીની પ્રકાશન સમિતિની તા.૧૫/૦૭/૨૦૧૭ની બેઠકની ભલામણો માન્ય રાખવામાં આવી તેમજ મહાવિદ્યાલય / કોલેજ / યુનિવર્સિટીના અધ્યાપકોના પુસ્તક છાપકામની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા સૂચન કરવામાં આવ્યું.

**૩૨. Ph.D. Registration Form મંજૂરી બાબતે –**

**ઠરાવ :** Ph.D. માં યુ.જી.સી.ના વખતો–વખતના નિયમાનુસાર સુધારા–વધારા સાથેનું Ph.D. Registration Form મંજૂર રાખવામાં આવ્યું તેમજ હવેથી સદર ફોર્મનો ઉપયોગ કરવો તેમ ઠરાવવામાં આવ્યુ.

**૩૩. મહાનુભાવોના સૂચનો.**

**ઠરાવ :** અત્રેની યુનિવર્સિટીના માન.કુલપતિશ્રીને સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના આ વર્ષના દિક્ષાંત સમારોહમાં મુખ્યાતિથિ પદે દિક્ષાંત પ્રવચન આપવા નિમંત્રણ મળેલ તે બદલ સૌ મહાનુભાવો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા.

**૩૪. અધ્યક્ષ સ્થાનેથી રજૂ થાય તે –**

**ઠરાવ :** અધ્યક્ષ સ્થાનેથી સૌ મહાનુભાવાનો આભાર માનવામાં આવ્યો.

કા.કુલસચિવ

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી
## તા.૨૬/૧૨/૨૦૧૭ ના રોજ યોજાનાર સંયુકત બેઠક બાદ અલગથી મળેલ એકઝીકયુટીવ કાઉન્સીલની ૪૮મી ખાસ બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકઝીકયુટીવ કાઉન્સિલની ૪૮મી બેઠક તા.૨૬ ડિસેમ્બર,૨૦૧૭ નાં રોજ સાંજે ૦૪:૦૦ કલાકે યુનિવર્સિટી ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી

(૨) ડૉ.કૃષ્ણપ્રસાદ નિરૌલાજી

(૩) શ્રી મેહુલભાઈ ભટ્ટ

(૪) ડૉ.મયુરીબેન ભાટીયા

(૫) ડૉ.દિપેશ કતિરા

(૬) પ્રિ.ડૉ.વાચસ્પતિ મિશ્રા

(૭) ડૉ. મહેન્દ્રકુમાર એ. દવે – કા.કુલસચિવ

સૌ પ્રથમ કા.કુલસચિવશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું તેમજ ચર્ચા–વિચારણાને અંતે નીચે મુજબના સર્વાનુમતે નિર્ણયો લેવામાં આવ્યા.

**૪૮.૦૧ AIOC ની બાબતે –**

ઠરાવ : AIOC ની બાબતે મા.કુલપતિશ્રી દ્વારા સરકારમાં કરેલ ગતિવિધિથી માંડી ધનએકત્રીકરણ માટે કઈ કઈ સંસ્થાઓ પાસે જઈ સહભાગી થવા અનુરોધ કરેલ તેમજ AIOC સંબંધિત સમગ્ર ઘટનાથી વાકેફ કરી તેને સફળ બનાવવા સર્વે મહાનુભાવોને સંમેલિત થવાનું સૂચિત કરાયું અને AIOC નો કાર્યક્રમ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

**૪૮.૦૨ કુલસચિવના પદ માટે લાયકાત બાબતે –**

ઠરાવ : કુલસચિવના પદ માટે યુ.જી.સી. નિયમાનુસાર ૮ (આઠ) વર્ષનો ડેપ્યુટી રજીસ્ટ્રારનો અનુભવ જરૂરી છે.જેને ધ્યાને લઈ ડેપ્યુટી રજીસ્ટ્રારના ગ્રેડ પે તેમજ પગાર ધોરણની બાબત ધ્યાને ન લેતા ડેપ્યુટી રજીસ્ટ્રારના પદને ધ્યાને લઈ ૮ (આઠ) વર્ષનો અનુભવ માન્ય રાખી યોગ્ય ઉમેદવારોને લાયક ગણી ઈન્ટરવ્યુની પ્રક્રિયા હાથ ધરવી તેમ ઠરાવવામાં આવ્યું.

**૪૮.૦૩ CAS સંદર્ભે મંજૂરી બાબતે –**

ઠરાવ : યુનિવર્સિટીમાં CAS સંદર્ભે પદોન્નતિ માટે નિયમાનુસાર કરવી પડતી સઘળી પ્રોસેસપૂર્ણ કરેલ હોવાથી સર્વે ૬૦૦૦ ગ્રેડ પે માંથી ૭૦૦૦ ગ્રેડ પે માં જનાર પ્રાધ્યાપકશ્રીઓને તથા એસો.પ્રોફેસર ૯૦૦૦ ગ્રેડ પે માંથી ૧૦,૦૦૦ ગ્રેડ પે પ્રોફેસર પદોન્નતિ અંગેની જાણ જે–તે લાભાર્થીનો કાર્યાલય આદેશ બહાર પાડયે તથા આર્થિક લાભો સરકારશ્રીની મંજૂરી મળ્યા બાદ આપવા તેમ ઠરાવવામાં આવ્યું.

**૪૮.૦૪ પાઠશાળાનો તા.૨૬/૧૨/૨૦૧૭ના પત્ર બાબતે –**

ઠરાવ : મહાવિદ્યાલયના આઠ ઠરાવના આવેલ પત્ર બાબતે સઘળા મુદાની ચર્ચા નીચે મુજબ કરવામાં આવી.

- ગુજરાતના જ વિદ્વાન જો યોગ્ય હોય તો બે નહીં પણ ચાર ને ડી.લીટ ઉપાધિ આપવી તે માટે માન.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં સ્ટેન્ડિંગ કમિટી બનાવી ઉપાધિ આપવાનો પ્રસ્તાવ રાખવો.
- દરેક પ્રકલ્પ કમિટીમાં યુજીસી નિયમાનુસાર મહાવિદ્યાલયના અધ્યાપકશ્રીઓનો પણ સમાવેશ કરવો.
- ઈ.સી. મેમ્બરના પ્રસ્તાવ બાબતે કોલેજ – અનુ.ભવન સંખ્યા વૃધ્ધિ માટે જાન્યુઆરી/ફેબ્રુઆરીમાં કોલેજ ના પ્રાચાર્ય તથા સંબંધિત સ્ટાફ દ્વારા પ્રચાર પ્રસાર અંગે પ્રવૃતિ કરવી તથા વર્તમાન મા.કુલપતિ આવ્યા બાદ મહાવિદ્યાલય – કોલેજ – અનુ.ભવનના પ્રાચાર્યોને લાભ મળે તે માટે સેમિનાર શાસ્ત્રીય કાર્યશાળા શરૂ કરાઈ છે તે સુચિત કરાયું.
- યુવક મહોત્સવનું યજમાનપદ મહાવિદ્યાલયને આપ્યું.
- ઉચ્ચશિક્ષણમાં મહાવિદ્યાલયના સ્ટાફને જોડવા ઉચ્ચશિક્ષણ શાખામાં પત્ર દ્વારા પ્રયત્નો પણ કર્યો.
- માન.કુલપતિશ્રીને જે સંસ્થા આમંત્રિત કરે છે તે સંસ્થા દ્વારા જ હવાઈ જહાજ કે પૂર્ણ રીતે ટી.એ./ ડી.એ. ચૂકવવામાં આવે છે તથા તે માટે યુનિવર્સિટીની તે સંદર્ભે ગાડીનો અલ્પ ઉપયોગ થવા છતાં લગભગ બે લાખ જેટલી ધનરાશી મા.કુલપતિ દ્વારા યુનિવર્સિટીમાં જમા કરાવાઈ છે.

કા.કુલસચિવ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

## એઝીકયુટીવ કાઉન્સિલની ૫૦મી બેઠકની કાર્યનોંધ (તા.૧૩/૦૩/૨૦૧૮)

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની ૫૦ મી એકઝીકયુટિવ કાઉન્સિલની બેઠક તા.૧૩ માર્ચ, ૨૦૧૮ નાં રોજ બપોરે ૦૩:૦૦ કલાકે યુનિવર્સિટી ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી

(૨) ડૉ.મયુરીબેન ભાટીયા

(૩) ડૉ.દિપેશ કતિરા

(૪) પ્રો. મહેન્દ્રકુમાર એ. દવે – કા.કુલસચિવ

સૌ પ્રથમ કા.કુલસચિવશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું તેમજ ચર્ચા–વિચારણાને અંતે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા સર્વાનુમતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ : હાલમાં એકઝીકયુટીવ કાઉન્સીલની રચનામાં ૧૦(દશ) સભ્યો પૈકી સરકારશ્રીની ૨(બે) સભ્યોની જગ્યા ખાલી છે. જેને ધ્યાને લઈ ૮ (આઠ) સભ્યોમાંથી ઉપર મુજબ ૪(ચાર) સભ્યો હાજર હતા. જે યુનિવર્સિટીના રેગ્યુલેશનના ૪.૨ ના ક્રમ નં.૩(ત્રણ) અનુસાર ઉપસ્થિત સભ્યોની બહુમતીથી નિર્ણયો લઈ શકાયા હોત પરંતુ ઉપસ્થિત સભ્યોશ્રીઓ દ્વારા હાલના એજન્ડામાં નિર્ણય કરવાનું મુલતવી રાખી બહુમતીથી એજન્ડા પર વિચાર કરવા માટે આગામી તા.૦૨/૦૪/૨૦૧૮ ના રોજ બેઠકનું ફરી આયોજન કરવું તેમ ઠરાવવામાં આવ્યું. આ ઠરાવની નકલ ગેરહાજર સભ્યોશ્રીઓને પણ મોકલી આપવી તેમજ આગામી તા.૦૨/૦૪/૨૦૧૮ ના રોજ જેટલા સભ્યો ઉપસ્થિત રહેશે તેમની હાજરીમાં તો એજન્ડાની ચર્ચા કરી બહુમતીથી નિર્ણયો લેવામાં આવશે.

કા.કુલસચિવશ્રી દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવોનો આભાર વ્યકત કરવામાં આવ્યો.

**કા.કુલસચિવ**

## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

## એકેડેમિક તથા એઝીકયુટીવ કાઉન્સિલની સંયુકત બેઠકની કાર્યનોંધ (તા.૧૩/૦૩/૨૦૧૮)

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકેડેમિક તથા એકઝીકયુટિવ કાઉન્સિલની સંયુકત બેઠક તા.૧૩ માર્ચ, ૨૦૧૮ નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
(૨) ડૉ.મયુરીબેન ભાટીયા
(૩) ડૉ.દિપેશ કતિરા
(૪) ડૉ.જે.પી.એન.દ્વીવેદી
(૫) શ્રી જયશંકર રાવલ
(૬) ડૉ.રશ્મિબેન મહેતા
(૭) ડૉ.પંકજકુમાર રાવલ
(૮) ડૉ.ડી.એમ.મોકરીયા
(૯) ડો. મહેન્દ્રકુમાર એ. દવે – કા.કુલસચિવ તથા ડીનશ્રી, સાહીત્ય

સૌ પ્રથમ કા.કુલસચિવશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું તેમજ ચર્ચા–વિચારણાને અંતે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા નીચે મુજબના સર્વાનુમતે નિર્ણયો લેવામાં આવ્યા.

**૦૧.** કરેલ કામગીરીનો અહેવાલ બાબત.

**ઠરાવ :** યુનિવર્સિટી દ્વારા .તા.૨૬/૧૨/૨૦૧૭ થી ૧૨/૦૩/૨૦૧૮ સુધીના કરેલ કામગીરીના અહેવાલને બહાલી આપવામાં આવી.

**૦૨.** ડીગ્રી બાબત તથા ૧૦માં પદવીદાન સમારોહમાં સ્ટેન્ડીંગ કમિટિનો રિપોર્ટ ધ્યાને લઈ સંસ્કૃતનાં ૪(ચાર) વિદ્વાનશ્રીઓને ડી.લીટની પદવી આપવા માટેની સ્વીકૃતિ લેવા અંગે.

**ઠરાવ :** યુનિવર્સિટી દ્વારા આગામી આયોજીત ૧૦માં પદવીદાન સમારોહમાં સ્ટેન્ડીંગ કમિટિનો રિપોર્ટ તથા રાજભવનમાંથી આવેલ સ્વીકૃતિને ધ્યાને લઈ અધ્યક્ષશ્રીના વિશેષ અધિકારથી સંસ્કૃતનાં ૪(ચાર) વિદ્વાનશ્રીઓને ડી.લીટની પદવી આપવા માટેનો નિર્ણય કરવામાં આવ્યો અને ડીગ્રી ધારકોને ડીગ્રી એનાયત કરવી, કાર્યક્રમ ગરીમાપૂર્ણ કરવાનો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો અને થનાર તમામ ખર્ચને બહાલી પણ આપવામાં આવી.

ક્રમ નં. ૦૩ થી તમામ એજન્ડા આગામી એકેડેમિક કાઉન્સીલની મીટીંગમાં રાખવાનું નક્કી કરવામાં આવ્યું.

કા.કુલસચિવશ્રી દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવોનો આભાર વ્યકત કરવામાં આવ્યો.

કા.કુલસચિવ

(સિક્કો: શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ)

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકઝીકયુટીવ કાઉન્સિલની ૫૧મી બેઠકની કાર્યનોંધ (તા.૦૨/૦૪/૨૦૧૮)

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકઝીકયુટિવ કાઉન્સિલની ૫૧મી બેઠક તા.૦૨ એપ્રીલ, ૨૦૧૮ નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
(૨) ડૉ. મયુરીબેન ભાટીયા
(૩) ડૉ. દિપેશ કતિરા
(૪) ડૉ. વાચસ્પતિ મિશ્રા
(૫) ડૉ. મહેન્દ્રકુમાર એ. દવે – કા.કુલસચિવ

સૌ પ્રથમ કા.કુલસચિવશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું તેમજ ચર્ચા–વિચારણાને અંતે નીચે મુજબના સર્વાનુમતે નિર્ણયો લેવામાં આવ્યા.

**૫૧.૦૧** કરેલ કામગીરીનો અહેવાલ બાબત.

**ઠરાવ :** યુનિવર્સિટી દ્વારા તા.૨૬/૧૨/૨૦૧૭ થી તા.૩૧/૦૩/૨૦૧૮ સુધીના કરેલ કામગીરીના અહેવાલને બહાલી આપવામાં આવી.

**૫૧.૦૨** આસી.પ્રોફેસર જયોતિષના ઈન્ટરવ્યુમાં બંધ કવર ખોલવા અંગે.

**ઠરાવ :** યુનિવર્સિટીમાં તા.૧૫/૦૨/૨૦૧૮ ના રોજ યોજનાર આસી.પ્રોફેસર જયોતિષ યોજાનાર ઈન્ટરવ્યુ પ્રક્રિયાનું બંધ કવર ખોલવામાં આવ્યું જેમાં પસંદગી પામેલ ઉમેદવાર ઓઝા નિત્યાનન્દને જાહેરાતની વિગતોને ધ્યાને લઈ નિયમાનુસાર નિમણુંક ઓડર આપવાનો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.

**૫૧.૦૩** આસી.પ્રોફેસર સાહિત્ય – આસી.પ્રોફેસર પુરાણની ભરતી પ્રક્રિયા અંગે.

**ઠરાવ :** આસી.પ્રોફેસર સાહિત્યની જગ્યા મહિલા અનામત કરી ફરીથી જાહેરાત આપવી તથા આસી.પ્રોફેસર પુરાણ જગ્યા માટે કોર્ટના આદેશને ધ્યાને લઈ ફરીથી જાહેરાત આપી ભરતી પ્રક્રિયા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

**૫૧.૦૪** ગ્રંથાલય સમિતિની તા.૧૯/૦૧/૨૦૧૮ ના રોજની કાર્યનોંધને મંજુર કરવા તથા કાર્યનોંધની ૦૩.૦૭, ૦૩.૦૯, ૦૩.૧૦ માં થયેલા ઠરાવ અંગે.

**ઠરાવ :** ગ્રંથાલય સમિતિની તા.૧૯/૦૧/૨૦૧૮ ના રોજની કાર્યનોંધમાં (૧) ૦૩.૦૯ ની બાબતે એક સમિતિનું ગઠન કરવામાં આવ્યું તેમાં પ્રો.દેવેન્દ્રનાથ પાંડેય, પ્રો.મયુરીબેન ભાટીયા તથા ડો.કતિરાજીને સભ્ય તરીકે મનોનીત કરવામાં આવ્યા. (૨) ૦૩.૧૦ ની ગ્રંથાલય માટે અલગથી અલાયદુ બિલ્ડીગ બનાવવાની બાબતે યુનિવર્સિટી ઈજનેરશ્રીને લગત હોઈ સદર બાબતે નિયમાનુસારની આગળની પ્રક્રિયા કરવા માટે જણાવવું તેમ નક્કી કરવામાં આવ્યું. ઉકત બાબતો સિવાયની બાબતોમાં થયેલા નિર્ણયને બહાલી આપવામાં આવી.

**૫૧.૦૫ મહાનુભાવોના સૂચનોમાં :**

**૫૧.૦૫.૦૧** સભ્યશ્રી મયુરીબેન ભાટીયા દ્વારા યુનિવર્સિટીમાં અલાયદું ગેસ્ટહાઉસ બનાવવા માટેનું સુચન કરવામાં આવતા જે અંગે આગળની પ્રક્રિયા હાથ ધરવા યુનિવર્સિટી ઈજનેરશ્રીને જણાવવું એમ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.

**૫૧.૦૫.૦૨** સભ્યશ્રી વાચસ્પતિ મિશ્રા દ્વારા શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાં ડી.લીટની ડીગ્રી આપવા અંગે અત્રેની યુનિવર્સિટી સાથે જોડાયેલ મહાવિદ્યાલયમાંથી પણ કોઈ વિદ્વાનને ડી.લીટની ડીગ્રી આપવી એવુ સુચન થતા આ અંગે આગામી એકેડેમિક કાઉન્સીલમાં બાબત મુકી જે નિર્ણય થાય તેને માન્ય રાખવો એમ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.

**૫૧.૦૬ અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ બાબત :-**

**૫૧.૦૬.૦૧** – બાંધકામ વિભાગના પત્ર ક્રમાંક : સસયુ/બાંધકામ/૭૧/૯૭૮/૨૦૧૮ તા.૬/૦૩/૧૮ અંતર્ગત આવેલા એજન્ડાના ક્રમ નં.૧તથા ક્રમ નં.૬ ને બહાલી આપવામાં આવી જયારે ક્રમ નં.૨ થી ૫ ની બાબતે અંદાજીત ખર્ચ નક્કી કરી આગામી બાંધકામ સમિતિમાં રાખી ને આગામી નાણાંસમિતિમાં રજુ કરવું બજેટને લક્ષમાં રાખી જો બાંધકામ સમિતિ અને નાણાંસમિતિમાં કામગીરી કરાવવાની મંજુરી મળેતો આગળની કાર્યવાહી કરવી જો કોઈ આઈટમમાં પૂર્વવત મંજુરી મેળવેલ હોયતો તે મુજબની કામગીરી કરવી તેમ નિર્ણય કરવામાં આવ્યો.

બાંધકામ વિભાગના તા.૧૨/૦૩/૧૮ થી આવેલા પત્ર અનુસંધાને નવા બાંધકામ માટે થર્ડ પાર્ટી ઈવેલ્યુશન માટે ઈ-ટેન્ડરીંગની પ્રક્રિયા હાથ ધરી ઝડપથી નિયમાનુસારની કાર્યવાહી કરવા ઈજનેરશ્રીને જણાવવું એમ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.

**૫૧.૦૬.૦૨** – અત્રેની યુનિવર્સિટીમાં નાયબ કુલસચિવ તરીકે ફરજ બજાવતાં ડો.દશરથ જાદવે કુલસચિવ પદ માટે લીયન પર ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં કરેલ અરજીને યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ મંજુરીને બહાલી આપવામાં આવી અને સરકારશ્રીના નિયમાનુસાર કાર્યવાહી કરવાનું સર્વાનુમતે ગ્રાહય રાખવામાં આવ્યું.

**૫૧.૦૬.૦૩** – અત્રેની યુનિવર્સિટીમાં આગામી મે મહિનામાં થનાર AIOC ના કાર્યક્રમ સંદર્ભે થનાર ખર્ચની બાબત અધ્યક્ષ સ્થાનેથી રજુ થતા સદર બાબતે યુનિવર્સિટી તેમજ સરકારશ્રીની પ્રતિષ્ઠાને ધ્યાને રાખીને જરૂરીયાત ઉભી થતા માન.કુલપતિશ્રીને મળેલ સત્તાની રૂએ યુનિવર્સિટીના પોતાના ભંડોળમાંથી ખર્ચ કરવા માટે નાણાં સમિતિની મીટીંગ બોલાવી મંજુરી પ્રાપ્ત કરવી તથા બહારથી આવેલ દાનની રકમ જો ખર્ચ કરતાં બચત થાય તો તેને યુનિવર્સિટીના છાત્રકલ્યાણફંડમાં જમા કરાવવાના રહેશે તેમ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.

બેઠકને અંતે કા.કુલસચિવશ્રી દ્વારા સૌ મહાનુભાવોનો આભાર વ્યકત કરવામાં આવ્યો.

**કા.કુલસચિવ**

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકઝીક્યુટીવ કાઉન્સિલની ૫૨ મી બેઠકની કાર્યનોંધ (તા.૨૯/૦૬/૨૦૧૮)

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકઝીક્યુટિવ કાઉન્સિલની ૫૨ મી બેઠક તા.૨૯ જુન, ૨૦૧૮ નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
(૨) ડૉ. મયુરીબેન ભાટીયા
(૩) ડૉ. દિપેશ કતિરા
(૪) ડૉ. વાચસ્પતિ મિશ્રા
(૫) શ્રી અર્જુનકુમાર શામલ
(૬) ડૉ. મહેન્દ્રકુમાર એ. દવે – કા.કુલસચિવ

સૌ પ્રથમ કા.કુલસચિવશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું તેમજ ચર્ચા–વિચારણાને અંતે નીચે મુજબના સર્વાનુમતે નિર્ણયો લેવામાં આવ્યા.

**૫૨.૦૧** કરેલ કામગીરીનો અહેવાલ બાબત.
**ઠરાવ :** યુનિવર્સિટી દ્વારા .તા.૦૨/૦૪/૧૮ થી ૨૮/૦૬/૧૮ સુધી કરેલ કામગીરીના અહેવાલને બહાલી આપવામાં આવી.

**૫૨.૦૨** એકેડેમીક કાઉન્સીલની તા.૨૬/૦૬/૨૦૧૮ ની બેઠકમાં લેવાયેલ નિર્ણયને બહાલી આપવા અંગે.
**ઠરાવ :** એકેડેમિક કાઉન્સીલની તા.૨૬/૦૬/૨૦૧૮ ની બેઠકમાં લેવાયેલા નિર્ણયને બહાલી આપવામાં આવી.

**૫૨.૦૩** કુલસચિવશ્રીની જગ્યા માટે સરકારશ્રી તરફથી મળેલ અસ્વિકૃતિ બાબત.
**ઠરાવ :** કુલસચિવશ્રીની ભરતી પ્રક્રિયા બાબતે સરકારશ્રી તરફથી ઈન્ટરવ્યુ પ્રક્રિયા રદ કરેલ હોઈ સરકારશ્રીના શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંકઃ સસય/૧૨૧૮/૨૧૯/ખ–૨, તા.૦૪/૦૪/૨૦૧૮ માં સુચવ્યા મુજબ નિયમાનુસાર આગળની કાર્યવાહી કરવી તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૫૨.૦૪** વહીવટી કર્મચારીઓને સરકારશ્રી તરફથી મંજુર થઈને આવેલ સાતમાપગારપંચની બહાલી આપવા બાબત.
**ઠરાવ :** યુનિવર્સિટીના વહીવટી કર્મચારીઓને સરકારશ્રી તરફથી મળેલ મંજુરીને સાતમાપગારપંચનો લાભ આપવાની બાબતને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**૫૨.૦૫** સ્ટોર્સ વિભાગ દ્વારા વર્ષ દરમ્યાનની સેવા લેવા માટે બહાર પાડવામાં આવેલ ટેન્ડરની પ્રક્રિયાને બહાલી અંગે.
**ઠરાવ :** યુનિવર્સિટીના સ્ટોર્સ વિભાગમાં વર્ષ દરમ્યાન લેવાની થતી સેવા માટે ટેન્ડરની પ્રક્રિયા માટે કરેલ કામગીરીને બહાલી આપવામાં આવી.

**૫૨.૦૬** એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્યો પૈકી કોઈ એક સભ્યશ્રી યુનિવર્સિટી અધિનિયમની કલમ નં.45(7)(IX) અન્વયે પરીક્ષા સમિતિના સભ્ય તરીકે મનોનીત કરવા બાબત.

**ઠરાવ :** એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્યો પૈકી કોઈ એક સભ્યશ્રી યુનિવર્સિટી અધિનિયમની કલમ નં.45(7)(IX) અન્વયે પરીક્ષા સમિતિના સભ્ય તરીકે ડો.દીપેશ કતિરાને સર્વાનુમતે મનોનીત કરવા બાબત.

**૫૨.૦૭** પરીક્ષા નિયામકની ફરજો, સત્તા, કાર્ય નકકી કરી REGULATION માં સમાવેશ કરવા બાબત.

**ઠરાવ :** પરીક્ષા નિયામકની ફરજો, સત્તા, કાર્ય નકકી કરી REGULATION માં સમાવેશ કરવા બાબતે સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો કે અત્રેની યુનિવર્સિટીના એકટમાં ફેરફાર કરવાની સત્તા યુનિવર્સિટી પાસે નથી એકટમાં પરીક્ષા નિયામકનો ઉલ્લેખ ન હોઈ કુલસચિવશ્રીની સત્તા મુજબ જ કામગીરી કરવી તેમજ રાજય સરકાર હસ્તકના શિક્ષણ વિભાગ હસ્તકની યુનિવર્સિટીઓમાંથી પરીક્ષા નિયામકની ફરજો, સત્તા અને કાર્ય મંગાવવાનો ઠરાવ કરવામાં આવ્યો.

**૫૨.૦૮** પ્રકાશન સમિતિની તા.૧૦–૦૪–૨૦૧૮ ની બેઠકની ભલામણો(ખાસ કરીને મુદા નં.૬ ઈન્ટરનેશનલ એમ.ઓ.યુ.)નિર્ણયોને સૈધ્ધાતિક બહાલી આપવા અંગે.

**ઠરાવ :** પ્રકાશન સમિતિની તા.૧૦–૦૪–૨૦૧૮ ની બેઠકની ભલામણોને બહાલી આપવામાં આવી.

**૫૨.૦૯** ૨૦૧૩ના ઠરાવથી ભરાયેલ જગ્યાઓના કર્મચારીઓને ઈજાફા તેમજ અન્ય નાણાંકીય લાભો આપવા અંગે.

**ઠરાવ :** અત્રેની યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૧૩ ના ઠરાવથી મંજુર થઈને આવેલી જગ્યાઓથી નિમણુંક પામેલા કર્મચારીઓને ઈજાફા તથા અન્ય નાણાંકીય લાભો આપવા માટે ચર્ચા કરવામાં આવતા કા.કુલસચિવશ્રીએ પોતાનો મત રજુ કરતા કહ્યુ કે અગાઉ એકઝીકયુટીવ કાઉન્સીલની ૪૬ મી બેઠકમાં ૪૬.૦૬.૦૧ થી થયેલ નિર્ણય મુજબ સરકારશ્રીની પૂર્વ મંજુરી લેવી જરૂરી છે જે બાબતે હાલ સરકારશ્રીમાં પ્રક્રિયા ચાલી રહેલ છે અને ટૂંક સમયમાં મંજુરી મળી જશે ત્યારબાદ જ તમામ લાભો આપી શકાય. પરંતુ ત્યાર બાદ માન.કુલપતિશ્રીએ જણાવ્યુ કે આજદિન સુધિ વારંવાર સરકારમાં લેખીત તથા મૌખિક રજુઆત કરવા છતાંય સરકારશ્રીમાંથી કોઈ પ્રત્યુતર ન આવતા ૨૦૧૩ના ઠરાવ અન્વયે ૨૦૧૪માં ભરતી થયેલ શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓનો અજમાયશી સમયગાળો સફળતા પૂર્વક પૂર્ણ કરેલ હોઈ કર્મચારીઓ કોઈ જગ્યાએ કસુરવાર જણાયા ન હોઈ તથા આ કર્મચારીઓને ઈજાફા આપવા બાબતે લેખિત તથા મૌખિક આવેલ રજુઆતને ધ્યાને લઈ રૂા.૧૦૦/– ના સ્ટેમ્પપેપર પર સરકારશ્રી દ્વારા કોઈ વાંધો લેવામાં આવે અથવા ઓડીટમાં કોઈ વાંધો આવે તો ઈજાફા ભરપાઈ કરવામાં આવશે એ સબબની કર્મચારીઓ પાસેથી બાંહેધરી લઈને લાંબાગાળાના કર્મચારીઓને મળવાપાત્ર આર્થિક લાભો સહિતના તમામ લાભો આપવા માન.કુલપતિશ્રીની આ રજુઆતને સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યું

**૫૨.૧૦** શૈક્ષણિક કર્મચારીઓ, સંશોધન અધિકારી, તથા ગ્રંથપાલશ્રીને રીફ્રેશર કોર્ષ તથા ઓરીએન્ટલ કોર્ષ માટે ટી.એ./ડી.એ. ચુકવવા તથા ઓન ડયુટી ગણવા અંગે.

**ઠરાવ :** શૈક્ષણિક કર્મચારીઓ, સંશોધન અધિકારી, તથા ગ્રંથપાલશ્રીને રીફ્રેશર કોર્ષ તથા ઓરીએન્ટલ કોર્ષ માટે ON DUTY ગણવી તેમજ યુનિવર્સિટીને યુજીસી તરફથી 12B મળેલ ન હોઈ ટી.એ/ડી.એ આપવાનું થતું નથી તેમ સર્વાનુમતે ઠરાવવવામાં આવ્યું.

સંસ્કૃત યુનિવર્સિટી

**૫૨.૧૧** દરેક સેમેસ્ટરની શરૂઆતમાં તમામ યુનિવર્સિટીના અધ્યાપકશ્રીઓને A-4 SIZE કાગળના રીમ ફાળવવા અંગે.

**ઠરાવ :** યુનિવસિટી તેમજ કન્સ્ટીટયુટ કોલેજના તમામ શૈક્ષણિક કર્મચારીઓને વાર્ષિક ૧ નંગ A-4 SIZE કાગળના રીમ ફાળવવા એમ નક્કી કરવામાં આવ્યું. જરૂરીયાત મુજબ અન્ય કાગળો પણ આપવા.

**૫૨.૧૨** યુનિવર્સિટી કન્સ્ટીટયુટ કોલેજના આચાર્ય તથા અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીને મળવા આવતા મહેમાનો માટે રૂા.૫૦૦/– ની મર્યાદામાં ખર્ચ કરવા બાબત.

**ઠરાવ :** યુનિવર્સિટી કન્સ્ટીટયુટ કોલેજના આચાર્ય તથા અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીને રૂા.૫૦૦/– ની મર્યાદામાં મહેમાનો માટે જે–તે નાણાંકીય વર્ષ દરમ્યાન ખર્ચ કરવાની સર્વાનુમતે મંજુરી આપવામાં આવી.

**૫૨.૧૩** યુનિવર્સિટીમાં શિક્ષાશાસ્ત્રી વિભાગ શરૂ કરવા બાબત.

**ઠરાવ :** યુનિવર્સિટીમાં શિક્ષાશાસ્ત્રી વિભાગ શરૂ કરવા કરવા માટે માન.કુલપતિશ્રીની શિક્ષણમંત્રીશ્રીની સાથે થયેલ વાતચીત મુજબ યુનિવર્સિટીમાં શિક્ષાશાસ્ત્રી વિભાગ શરૂ કરવા કરવા માટે સરકારશ્રીને પત્ર લખી મંડળને તેની જાણ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૫૨.૧૪** AIOC અંતર્ગત થયેલ ખર્ચની બહાલી મેળવવા અંગે.

**ઠરાવ :** AIOC અંતર્ગત થયેલ ખર્ચને બહાલી આપવામાં આવી તેમજ અંદાજીત રૂા.૨૭,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા સતાવીસ લાખ પુરા) જેટલી માતબર રકમ છાત્ર કલ્યાણ ફંડમાં આપવાનો માન.કુલપતિશ્રીએ કરેલ નિર્ણયને સર્વાનુમતે આભાર સહ સ્વીકાર કરવામાં આવ્યો.

**૫૨.૧૫ મહાનુભાવોના સૂચનોમાં :**

**૫૨.૧૫.૦૧ :** મહાનુભાવો દ્વારા કોઈ સુચન કરવામાં આવેલ નથી.

**૫૨.૧૬ અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ બાબત :–**

**૫૨.૦૬.૦૧:–** અધ્યક્ષ સ્થાનેથી એસોસીયેટ પ્રોફેસર ડો. મહેન્દ્રકુમાર દવે દ્વારા માન.કુલપતિશ્રીને આપેલ પત્રના અનુસંધાને પ્રમોશનની બાબત મુકતાં યુજીસીના નિયમાનુસાર પ્રો.દવેને CAS પ્રમોશનનો લાભ અંગે ઈન્ટરવ્યુ સમિતિ દ્વારા થયેલ તારીખની વિસંગતતા દુર કરી યુ.જી.સી નવેમ્બર–૧૪ F.NO.-I-1/2012(PS) પત્રાંક અનુસાર DUE DATE 01/03/2017 થી આપવો એમ ઠરાવવામાં આવ્યું.

**૫૨.૦૬.૦૨:–** અધ્યક્ષ સ્થાનેથી વકીલને યુનિવર્સિટી કેસ સંબંધિત ચુકવાયેલ રૂા.૯૦,૦૦૦/– ની ફીની બાબત રાખતા સર્વાનુમતે ચુકવેલ ફી ને બહાલી આપવામાં આવી તથા ચાલુ કેશ માટે ફી બાબતે પત્ર લખી જવાબ માંગવી આગામી ઈ.સી.ની બેઠકમાં રજુ કરવો એમ સુચવવામાં આવ્યું.

**૫૨.૦૬.૦૩:–** અધ્યક્ષ સ્થાને પી.જી.ડી.સી.એ કોર્ડીનેટરની ખાલી પડેલ જગ્યાને પૂર્વવત નિયમો તથા વેતનને આધિન પ્રક્રિયા કરી વર્તમાન પત્રમાં જાહેરાત આપી ભરતી પ્રક્રિયા શરૂ કરવી એમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

બેઠકને અંતે કા.કુલસચિવશ્રી દ્વારા સૌ મહાનુભાવોનો આભાર વ્યકત કરવામાં આવ્યો.

**કા.કુલસચિવ**

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકઝીકયુટીવ કાઉન્સિલની ૫૩મી બેઠકની કાર્યનોંધ (તા.૨૦/૧૦/૨૦૧૮)

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકઝીકયુટિવ કાઉન્સિલની ૫૩ મી બેઠક તા.૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૮ નાં રોજ બપોરે ૧૬:૦૦ કલાકે શ્રી દર્શનમ સંસ્કૃત મહાવિદ્યાલય, છારોડી ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
(૨) પ્રો. મયુરીબેન ભાટીયા
(૩) ડૉ. દિપેશ કતિરા
(૪) ડૉ. કૃષ્ણપ્રસાદ નિરોલા
(૫) ડૉ. લલીતભાઈ પટેલ
(૬) ડૉ. વાચસ્પતિ મિશ્રા
(૭) શ્રી અર્જુનકુમાર શ્યામલ
(૮) પ્રો. મહેન્દ્રકુમાર એ. દવે – કા.કુલસચિવ

સૌ પ્રથમ કા.કુલસચિવશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું તેમજ ચર્ચા–વિચારણાને અંતે નીચે મુજબના સર્વાનુમતે નિર્ણયો લેવામાં આવ્યા.

**૫૩.૦૧** કરેલ કામગીરીનો અહેવાલ કરેલ કામગીરીનો અહેવાલ (ગત ઈ.સી.તા.૨૯/૦૬/૧૮ થી ૧૯/૧૦/૧૮ સુધી)

**ઠરાવ :** યુનિવર્સિટી દ્વારા તા.૨૯/૦૬/૧૮ થી ૧૯/૧૦/૧૮ સુધી કરેલ કામગીરીના અહેવાલને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**૫૩.૦૨** એકેડેમીક કાઉન્સીલની તા.૨૦/૧૦/૨૦૧૮ ની બેઠકમાં લેવાયેલ નિર્ણયને બહાલી આપવા અંગે.

**ઠરાવ :** એકેડેમીક કાઉન્સીલની તા.૨૦/૧૦/૨૦૧૮ ની બેઠકમાં લેવાયેલા નિર્ણયને બહાલી આપવામાં આવી.

**૫૩.૦૩** આગામી જાન્યુ–૧૯ થી એપ્રિલ–૧૯ દરમ્યાન કચેરી અધિક્ષક તથા કલાર્કની વહીવટી જગ્યાઓની પાંચ વર્ષની સંતોષકારક કામગીરી પૂર્ણ થતા લાંબાગાળાની નિમણુંક અંગે.

**ઠરાવ :** યુનિવર્સિટીમાં સરકારશ્રીના ૨૦૧૩ ઠરાવની મળેલ મંજુરી અન્વયે સીધી ભરતી પ્રક્રિયાથી ૨૦૧૪માં ભરાયેલ જગ્યાઓ પૈકી કચેરી અધિક્ષક શ્રી કમલેશકુમાર એન.સગર તથા જુ.કલાર્ક (૧) શ્રી કરશન છાત્રોડીયા (૨) શ્રી વિશાલ જોષી (૩) શ્વેતાબેન જાની ને આગામી જાન્યુ–૧૯ થી સમયાંતરે ગુજરાત સરકારશ્રીના નિયમોનુસાર પાંચ વર્ષની ફીક્ષ પગારની સેવા સંતોષકારક રીતે પૂર્ણ થયેથી નિયમિત પગાર ધોરણમાં લાંબાગાળાની નિમણુંક આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**૫૩.૦૪** સિવિલ વર્કના ટેન્ડર બાબતે.

**ઠરાવ :** સિવિલ વર્ક બાબતે યુનિવર્સિટી દ્વારા ટેન્ડર બહાર પાડવામાં આવેલ પરંતુ એક પણ ટેન્ડર બહાર ન પડતા જરૂરીયાત મુજબ નિયમોનુસાર કામગીરી કરવી જરૂર જણાય ત્યાં કવોટેશનો મંગાવીને કામગીરી શરૂ કરવી એમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૫૩.૦૫** ગાર્ગી મહિલા હોસ્ટેલ માટે ઉપયોગમાં લેવાનાર બીલ્ડીંગમાં જરૂરી ૪ રૂમોનો સ્લેબ ડિસ્મેંટલીંગ કરવા તથા PPGL SHEET/ FABRICATION કામગીરી અંગે.

**ઠરાવ :** યુનિવર્સિટીમાં ગાર્ગી મહિલા હોસ્ટેલ માટે ઉપયોગમાં લેવાનાર બીલ્ડીંગમાં જરૂરી ૪ રૂમોનો સ્લેબ ડિસ્મેંટલીંગ કરવા તથા PPGL SHEET/ FABRICATION કામગીરી અંગે નિયમાનુસાર જરૂરીયાત મુજબની કામગીરી માન.કુલપતિશ્રીના વખતોવખતના આદેશ મેળવી ને કરવાની રહેશે.

**૫૩.૦૬** શૈક્ષણિક ભવનની ઉપર બી.એડ.કોલેજ બનાવવા અંગે સરકારશ્રીમાં વર્ષ ૨૦૧૯–૨૦ માં નવી બાબત તરીકે દરખાસ્ત કરવા અંગે.

**ઠરાવ :** યુનિવર્સિટી પરીસરમાં આવેલ શૈક્ષણિક ભવનની ઉપર બી.એડ કોલેજ બનાવવા માટે રાજય સરકારમાં આગામી વર્ષ ૨૦૧૯–૨૦ માં નવી બાબત તરીકે દરખાસ્ત કરવા અંગે મંજુરી આપવામાં આવી.

**૫૩.૦૭** યુનિવર્સિટીમાં ગ્રંથાલયમાં ફરજ બજાવતા કર્મચારીઓને બીજા તથા ચોથા શનીવારની રજા બાબતે.

**ઠરાવ :** યુનિવર્સિટીમાં ગ્રંથાલય વિભાગમાં ફરજ બજાવતાં ગ્રંથપાલ તથા જુ.કલાર્કને પરસ્પર સમજુતીથી ગ્રંથાલય બંધ ન રહે તે રીતે વ્યવસ્થા ગ્રંથપાલશ્રીએ કરવાની રહેશે. જેથી એક કર્મચારી પ્રથમ અને ત્રીજા શનિવારે બીજા કર્મચારી બીજા અને ચોથા શનિવારે ફરજ બજાવવી એમ બંને કર્મચારીઓને માસીક કોઈપણ બે શનિવારે રજા ભોગવી લેવાની રહેશે. જે મહીનામાં પાંચ શનીવાર આવતા હોય તેવા સંજોગોમાં બંન્ને કર્મચારીઓને ગ્રંથાલયમાં ફરજ બજાવવાની રહેશે એમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો. આ સાથે સંબંધિત કેસમાં પૂર્વવત કરેલા તમામ નિર્ણયને રદ સમજવાના રહેશે.

**૫૩.૦૮ મહાનુભાવોના સૂચનો.**

**૫૩.૦૮.૦૧** ડૉ. લલિત પટેલની CAS Promotion બાબતે સ્ટેજ–૧ માંથી સ્ટેજ–૨ના કેડરમાં જનાર અધ્યાપકોને આર્થિક લાભ આપવા બાબત રજુ થતાં સર્વાનુમતે બાંયેધરી લઈને ૬૦૦૦ માંથી ૭૦૦૦ ગ્રેડ પે માં જનાર કુલ ૫(પાંચ)અધ્યાપકશ્રીઓને લાભ આપવાનું ઠરાવવામાં આવ્યું.

**૫૩.૦૯ અધ્યક્ષ સ્થાનેથી રજૂ થાય તે.**

**૫૩.૦૯.૦૧** યુનિવર્સિટી ભવનમાં ઈલેક્ટ્રીક મરામતના કામ અર્થે સરકારશ્રીમાંથી આવેલ અંદાજે સાડા સાત લાખ જેટલી રકમ ફાળવવામાં આવેલ છે. જેને આધારે પીએમસી મારફત ઈલેક્ટ્રીકની કામગીરી નિયમાનુસાર કરી ઝડપથી પૂર્ણ કરવા ઠરાવવામાં આવ્યું.

**૫૩.૦૯.૦૨** તદન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારિત બોઈઝ હોસ્ટેલ ગૃહપતિ કમ વોર્ડન રાખવા માટે વર્તમાન પત્રમાં જાહેરાત પ્રસિધ્ધ કરી ભરતી પ્રક્રિયા શરૂ કરવી. પગાર ધોરણ, લાયકાત તથા સંબંધિત નિયમો બનાવવા માટે માન.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી. સદર ખર્ચ યુનિવર્સિટીના પોતાના ભંડોળમાં કરવાનો રહેશે. એમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૫૩.૦૯.૦૩** યુનિવર્સિટી પરીસરમાં સ્ટાફ/હોસ્ટેલના વિદ્યાર્થીઓ/હોસ્ટેલની વિદ્યાર્થીનીઓ માટે આઉટસોર્સિંગ કે માનદવેતનથી જેન્ટસ ડોકટર તથા લેડીઝ ડોકટરની સેવા માટે સર્વાનુમતે બહાલી લેવામાં આવી.

**૫૩.૦૯.૦૪** બી.એડ. કોલેજ શરૂ કરવાના મહેકમ, ઈન્ફ્રાસ્ટ્રકચરના સરકારશ્રીને મોકલેલ દરખાસ્તને સર્વાનુ મતે ચર્ચા કરી બહાલી આપવામાં આવી.

**૫૩.૦૯.૦૫** યુનિવર્સિટીમાં રહેલ ખાડો પુરવાની જે તે વિભાગને કરેલ જાણથી અવગત કરી, યુનિવર્સિટીમાં ઈ–સ્ટુડીયો બનાવવા તથા નેકમાં જવા 12B અંગે કરેલ કામગીરીને બહાલી આપવામાં આવી.

કા.કુલસચિવ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી
વેરાવળ

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકઝીક્યુટીવ કાઉન્સિલની ૫૪મી બેઠકની કાર્યનોંધ (તા.૧૧/૧૨/૨૦૧૮)

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકઝીક્યુટિવ કાઉન્સિલની ૫૪ મી બેઠક તા.૧૧ ડીસેમ્બર, ૨૦૧૮ નાં રોજ બપોરે ૧૨:૦૦ કલાકે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
(૨) પ્રો. મયુરીબેન ભાટીયા
(૩) ડૉ. દિપેશ કતિરા
(૪) ડૉ. કૃષ્ણપ્રસાદ નિરોલા
(૫) ડૉ. લલીતભાઈ પટેલ
(૬) શ્રી અર્જુનકુમાર શ્યામલ
(૭) ડૉ. દશરથ જાદવ – કા.કુલસચિવ

સૌ પ્રથમ માન..કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું ત્યારબાદ કા.કુલસચિવશ્રી દ્વારા એજન્ડા અંગે ચર્ચા–વિચારણાને અંતે નીચે મુજબના નિર્ણયો સર્વાનુમતે લેવામાં આવ્યા.

**૫૪.૦૧** કરેલ કામગીરીનો અહેવાલ (ગત ઈ.સી.તા.૨૦/૧૦/૧૮ થી ૧૧/૧૨/૧૮ સુધી)
**ઠરાવ :** યુનિવર્સિટી દ્વારા .તા.૨૦/૧૦/૧૮ થી ૧૧/૧૨/૧૮સુધી કરેલ કામગીરીના અહેવાલને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**૫૪.૦૨** તા.૧૦/૧૨/૨૦૧૮ ના રોજ મળેલ નાણાંસમિતિની બેઠકની કાર્યનોંધને બહાલી આપવા અંગે.
**ઠરાવ :** યુનિવર્સિટી ખાતે તા.૧૦/૧૨/૨૦૧૮ ના રોજ મળેલ નાણાંસમિતિની બેઠકની કાર્યનોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવી તેમજ યુનિવર્સિટીના આર્થિક વ્યવહારોમાં કરવાના થતા ચુકવણામાં ચેક પર સહી કરવા બાબતે માન.કુલપતિશ્રી દ્વારા ક્રમાંક નં.સસયુ/કુલપતિ/૨૩૪/૨૦૧૮ તા.૦૪/૧૨/૨૦૧૮ ની કચેરી નોંધ જે કુલસચિવ અને મુખ્ય હિસાબી અધિકારીને આપવામાં આવેલ છે તેનો અમલ કરવાનો રહેશે એમ નિર્ણય કરવામાં આવ્યો.

**૫૪.૦૩** નાણાં સમિતિમાં ૩ સભ્યો નોમીનેટ કરવા અંગે.
**ઠરાવ :** યુનિવર્સિટીના રેગ્યુલેશનને ધ્યાને લઈને નાણાં સમિતિમાં એકઝીક્યુટીવ કાઉન્સીલ તરફથી ત્રણ સભ્યો નોમીનેટ કરવામાં આવે છે. (૧) પ્રિ.ડો.નિતિનભાઈ પેથાણી, ડી.સી.એમ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વિરમગામ, જી.અમદાવાદ (૨) પ્રિ.ડો.મહેશભાઈ કે. મેત્રા, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માણાવદર, જી.જુનાગઢ (૩) શ્રી બી.જે.મહેતા, જીલ્લા સહાયક નિરિક્ષક, જીલ્લા સહાયક નિરિક્ષકની કચેરી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, જુનાગઢ. ક્રમાંક (૩) પરના અધિકારીશ્રી માટે સરકારશ્રીની મંજુરી લેવી. મંજુરી મળ્યેથી જાહેરનામું બહાર પાડવું હાલ ક્રમ (૧) અને (૨) માં મનોનીત થયેલ મહાનુભાવોનું જાહેરનામું બહાર પાડવું તેમ નિર્ણય કરવામાં આવ્યો.

**૫૪.૦૪** તા.૨૬/૧૧/૨૦૧૮ ના રોજ યોજાયેલ ૧૧ માસના કરાર આધારિત પીજીડીસીએ કો–ઓર્ડીનેટર તથા સીવીલ સુપરવાઈઝરમાં પસંદગી પામેલ ઉમેદવારોના બંધ કવરો ખોલવાની બહાલી આપવા અંગે.
**ઠરાવ :** તા.૨૬/૧૧/૨૦૧૮ ના રોજ યોજાયેલ ૧૧ માસના કરાર આધારિત પીજીડીસીએ કો–ઓર્ડીનેટરમાં પસંદગી સમિતિ દ્વારા પસંદગી પામેલ ઉમેદવાર પરમાર વિપુલકુમાર કે. તથા સીવીલ સુપરવાઈઝરમાં પસંદગી પામેલ ઉમેદવાર મારૂ પરાગ હસમુખભાઈને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. તેમજ પ્રતીક્ષા યાદીને આગામી ૧ (એક) વર્ષ સુધી માન્ય કરવાનું ઠરાવવામાં આવ્યું.

**૫૪.૦૫** ૧૧ માસના કરાર આધારિત જગ્યાઓ ભરવા અંગે.

**ઠરાવ :** યુનિવર્સિટીમાં હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારિત જગ્યાઓ ભરવા બાબતે ચર્ચા વિચારણા કરતાં હાલ જે કર્મચારીઓ કરાર આધારિત છે અને જેના ત્રણ વર્ષની સેવા પૂર્ણ થયેલ હોય તેઓની સેવાઓનો અંત લાવી જે–તે જગ્યાઓ માટે પુનઃજાહેરાત આપી કરાર આધારિત ભરતી પ્રક્રિયા હાથ ધરવી તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૫૪.૦૬** ગત ઈ.સી.ના નિર્ણય અનુસાર ગૃહપતિની ભરતી પ્રક્રિયાના નિયમોની બહાલી અંગે.

**ઠરાવ :** ગત ઈ.સી.ના નિર્ણય અનુસાર ગૃહપતિ માટેના સમિતિ દ્વારા બનાવેલ નિયમોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી તેમજ સત્વરે જાહેરાત આપી જગ્યા ભરવાનું નક્કી કરવામાં આવ્યું.

**૫૪.૦૭** કુલસચિવશ્રીનો ચાર્જ ડૉ.દશરથ જાદવને આપ્યાની જાણ કરવા અંગે.

**ઠરાવ :** કુલસચિવશ્રીનો ચાર્જ નાયબ કુલસચિવ ડૉ.દશરથ જાદવને આપ્યાની જાણ કરવામાં આવી તેમજ તાજેતરમાં રાજ્ય સરકારશ્રી દ્વારા કુલસચિવની જગ્યા ભરવા માટે શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંક : પગર/૧૨૦૮/૩૬૬૨/પાર્ટ ફાઈલ/ખ–૨. તા.૨૨/૧૧/૨૦૧૮ ને ધ્યાને લઈ આગળની કાર્યવાહી કરવા માટે માન.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી.

**૫૪.૦૮** આગામી ફેબ્રુઆરીમાં યોજાનાર પદવીદાન સમારોહ તથા સેમીનાર અંગે.

**ઠરાવ :** આગામી ફેબ્રુઆરીમાં યોજાનાર પદવીદાન સમારોહ તથા સેમીનાર અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી જેમાં યુનિવર્સિટીની પ્રણાલી મુજબ પદવીદાન સમારોહ ગરીમાપૂર્ણ રીતે યોજાય તે માટે તેમજ અગાઉ ઈ.સી.માં લેવાયેલ નિર્ણય મુજબ મહાનુભાવોના/અધિકારીશ્રીઓના/ડીગ્રી અને મેડલ મેળવતા વિદ્યાર્થીઓ માટે નવા ડ્રેસકોડ તેમજ વસ્ત્ર પરિધાન નક્કી કરવા માટે સમિતિની રચના કરવામાં આવી. જે સમિતિની સત્વરે બેઠક બોલાવી ડ્રેસકોડ પરિધાન નક્કી કરવા તેમજ માન.કુલપતિશ્રીની મંજુરી મેળવી કરવાની થતી કાર્યવાહી પદવીદાન પહેલા પુરી થાય તે પ્રકારનું આયોજન કરવું તેમ નક્કી કરવામાં આવ્યું. સમિતિમાં (૧) શ્રી અર્જુનકુમાર શ્યામલ, એકઝીકયુટીવ કાઉન્સીલના પ્રતિનિધિ (૨) ડો.ભાવપ્રકાશ ગાંધી, એકેડેમિક કાઉન્સીલના પ્રતિનિધિ (૩) ડો.પંકજભાઈ રાવલ, એકેડેમિક કાઉન્સીલના પ્રતિનિધિ (૪) પ્રો. અર્ચના દુબે, અધ્યક્ષાશ્રી, અનુ.વિભાગ (૫) ડો. યોગેશભાઈ પટેલ, પરીક્ષા નિયામકશ્રી, સમગ્ર સમિતિનું સંકલન તથા સભ્ય સચિવની કામગીરી પરીક્ષા નિયામકશ્રી કરશે. વધુમાં આગામી પદવીદાન સમારોહમાં કોઈપણ મહાનુભાવને ડી.લીટ.ની ડીગ્રી ન આપવા અંગે સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો. ઉપરાંત અત્રેની યુનિવર્સિટી ખાતે આગામી દિવસોમાં દર્શન ફેકલ્ટી, વ્યાકરણ ફેકલ્ટી, જયોતીષ ફેકલ્ટીના સેમીનાર/વર્કશોપ કરવા તેમજ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, સંસ્કૃત ભારતી તથા સરદાર પટેલ યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે માર્ચ–૨૦૧૯ માં "સંસ્કૃત સાહિત્યમાં નગર રચના" નો સેમીનાર કરવાનું નક્કી કરવામાં આવ્યું.

**૫૪.૦૯ મહાનુભાવોના સૂચનો.**

**૫૪.૦૯.૦૧ :** યુનિવર્સિટી કેમ્પસમાં જયાં જરૂર જણાય ત્યાં પદવીદાન સમારોહ પહેલા સફાઈ અભિયાન હાથ ધરવાનું મહાનુભાવોએ સુચન કર્યુ.

**૫૪.૦૯.૦૨ :** યુનિવર્સિટી ખાતે કોન્ફરન્સ/મીટીંગ હોલ બનાવવામાં આવે તેવું સુચન કર્યુ.

**૫૪.૦૯.૦૩ :** યુનિવર્સિટી દ્વારા નાનામોટા કાર્યક્રમોમાં મહાનુભાવોને મોમેન્ટો આપવામાં આવે છે ત્યારે યુનિવર્સિટીનો પોતાનાં લોગો વાળો કાયમી મોમેન્ટો બનાવી જરૂરી માત્રામાં ખરીદીને યુનિવર્સિટીમાં રાખવાનું સુચન કરવામાં આવ્યું.

**૫૪.૦૯.૦૪ :** યુનિવર્સિટીની પરીક્ષા ૧૫ દિવસથી પણ વધુ સમયગાળા માટે ચાલે છે ત્યારે તેના દિવસોમાં ઘટાડો થઈ શકે તે અંગે વિચારણા કરવા અને શકય હોય તો તેની અમલવારી કરવાનું સુચન કરવામાં આવ્યું. આ અંગે માન.કુલપતિશ્રી દ્વારા સમિતિની રચના કરવાનું પણ સુચવવામાં આવ્યું.

**૫૪.૦૯.૦૫ :** યુનિવર્સિટીના સિનિયર પ્રાધ્યાપકોની શરૂઆતમાં રાજય સરકારશ્રીના નિયમાનુસાર ફીક્ષ વેતનથી નીમણુંક કરવામાં આવી હતી ત્યારબાદ રાજય સરકારશ્રી દ્વારા તેઓને યુ.જી.સી. મુજબના પગાર ધોરણ આપવા અંગેના આદેશ થતા આપવામાં આવેલ છે. પરંતુ સિનિયર અધ્યાપકો જોડાયા ત્યારથી યુજીસી મુજબના જે તે વખતના પગાર ધોરણ લાગુ કરવા માટેની પુનઃ દરખાસ્ત સરકારશ્રીમાં કરવી એમ સુચવવામાં આવ્યું.

**૫૪.૧૦ અધ્યક્ષ સ્થાનેથી રજૂ થાય તે.**

**૫૪.૧૦.૦૧–** સરદાર પટેલના સ્ટેચ્યુ મુકવા માટે સરકારશ્રીમાંથી આવેલ પત્રની બાબત માન.કુલપતિશ્રી દ્વારા મુકતા અત્રેની યુનિવર્સિટી પરીસરમાં માન.કુલપતિશ્રીને યોગ્ય લાગે ત્યાં સરકારશ્રીની સુચના અનુસારની સ્ટેચ્યુ મુકવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૫૪.૧૦.૦૨–** યુનિવર્સિટી દ્વારા હાલ જે રેગ્યુલેશન અમલમાં છે ત્યારબાદ ઘણાબધાં સત્તામંડળમાં ફેરફારો થયેલ છે તેમજ તેને હાલના નિયમોની સાથે ફેરફાર કરવાની જરૂર જણાય છે તથા કેટલાક નિયમોનો ઉમેરો કરવાનો હોઈ જરૂરી સુધારા–વધારા સાથે યુનિવર્સિટીના રેગ્યુલેશન બનાવવાની જરૂર છે તેવો પ્રસ્તાવ રજુ થતાં જે અંગે નિર્ણય કરવામાં આવ્યો કે સીનીયર અનુભવી વ્યકિત/અધિકારી પાસે કન્સલ્ટન્સી સેવા લઈ તૈયાર કરાવવા તેમજ થનાર ખર્ચ અંગે માન.કુલપતિશ્રીને મંજુર કરવાની સત્તા આપવામાં આવી.

**૫૪.૧૦.૦૩–** યુનિવર્સિટીમાં માન.કુલપતિશ્રી દ્વારા પોતાની અનઉપસ્થિતી સમયે પોતાનો ચાર્જ કોને આપવો તે અંગેની બાબત મુકતા ચર્ચા વિચારણા કરી ઠરાવ કરવામાં આવ્યો કે માન.કુલપતિશ્રી જયારે આમંત્રીત મહાનુભાવ તરીકે તથા કચેરી/સરકારી કામકાજથી પ્રવાસમાં હોય ત્યારે યુનિવર્સિટીમાં કોઈને ચાર્જની સોપણી કરવાની જરૂર રહેતી નથી. પરંતુ તે અંગેની જાણ રાજભવનમાં કુલાધિપતીશ્રીને કરવી.

**૫૪.૧૦.૦૪–** યુનિવર્સિટીમાં નિયુકત થયેલ પરીક્ષા નિયામકશ્રીને કાર્યો/ફરજો અને સત્તાઓ નિયત થયેલ ન હોઈ તેમજ માંગણીને ધ્યાને લઈ માન.કુલપતિશ્રીએ ચર્ચા કરતા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીની વિદ્યાર્થીઓની પ્રવેશ અને પરીક્ષાર્થીની સંખ્યા ધ્યાને લઈ તેમજ યુનિવર્સિટીના અધિકારીઓની સંખ્યાને લઈ પ્રવેશ વિભાગને અલગ ન ગણતાં પરીક્ષાની સાથેજ તેનો સમાવેશ કરી બંન્ને કામગીરી પરીક્ષા નિયામકશ્રીના કાર્ય અને ફરજના ભાગ રૂપે ગણવાનું રહેશે. તેમજ વધુમાં તેમના કાર્યો/ફરજો અને સત્તા અંગે માન.કુલપતિશ્રી દ્વારા સમિતિની રચના કરી તૈયાર કરવામાં આવેલ અહેવાલને ઈ.સી.માં મુકી મંજુર થયેથી અમલવારી કરવાની રહેશે.

**૫૪.૧૦.૦૫–** યુનિવર્સિટીમાં કાયમી કર્મચારીઓને જુથ વીમા અંગેનો પ્રસ્તાવ રાખતાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ કે, રાજય સરકારની વર્તમાન જુથ વીમા પોલીસી અંગે જાણકારી મેળવીને યુનિવર્સિટીના કાયમી કર્મચારીઓને આ લાભ મળે તે પ્રકારની પ્રક્રિયા હાથ ધરવી.

**૫૪.૧૦.૦૬–** યુનિવર્સિટીના અધિકારીશ્રીઓને ફાયનાન્સ સમિતિ અને એકઝીકયુટી સમિતિ દ્વારા નાણાંકીય સત્તા આપવામાં આવી છે પરંતુ તેનો ઉપયોગ અધિકારીશ્રીઓ દ્વારા જે–તે વિભાગમાં કરવામાં આવતો ન હોવાની બાબત રજુ કરતાં ઠરાવવામાં આવ્યુ કે દરેક અધિકારીશ્રીઓને મળેલી નાણાંકીય સત્તાનો ઉપયોગ કરે અને જરૂર જણાય નાણાં વિભાગ દ્વારા આ અંગેની બેઠક કરી તમામને માહિતગાર કરવાનું નક્કી કરવામાં આવ્યું.

**૫૪.૧૦.૦૭–** યુનિવર્સિટીમાં માન.કુલપતિશ્રી દ્વારા જરૂરી ખરીદી અંગેની બાબતનો પ્રસ્તાવ રજુ થતાં યુનિવર્સિટીમાં માન.કુલપતિશ્રી દ્વારા ગઠન થયેલી ખરીદ સમિતિની ભલામણોને ધ્યાને લઈ બજેટની જોગવાઈ મુજબ ખરીદ પ્રક્રિયા હાથ ધરવી તેમજ આગામી નાણાંસમિતિ અને એકઝીક્યુટીવ કાઉન્સીલમાં બહાલી મેળવવી એવું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૫૪.૧૦.૦૮–** યુનિવર્સિટીના મુખ્ય પ્રવેશદ્વાર પાસે સીકયુરીટી ઓફીસ બનાવવાનો પ્રસ્તાવ રજુ થતાં સર્વાનુમતે માન.કુલપતિશ્રીને યોગ્ય લાગે તે પ્રકારની સીકયુરીટી ઓફીસ બનાવવાનો ઠરાવ કરવામાં આવે છે.

**૫૪.૧૦.૦૯ :** યુનિવર્સિટી બોયઝ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓ હાલ ખારા પાણીનો ઉપયોગ કરી રહયા હોઈ મીઠાપાણીની સુવીધા મળી રહે તેવો પ્રસ્તાવ રજુ થતાં સર્વાનુમતે હોસ્ટેલમાં મીઠા પાણીની વ્યવસ્થા થઈ શકે તે પ્રકારનું આયોજન કરી મીઠું પાણી પુરૂ પાડવા માટેની કાર્યવાહી કરવા ઠરાવવામાં આવ્યું.

**૫૪.૧૦.૧૦ :** યુનિવર્સિટીના બ્યુટીફીકેશનની જરૂરીયાતને ધ્યાને લઈ માન.કુલપતિશ્રી દ્વારા જે સમિતિ બનાવવામાં આવી છે તેની ચર્ચા કરતા યુનિવર્સિટીમાં સંસ્કૃતમાં સૂત્રો, ભવનોના નામો, ફુલછોડ, પરિસરમાં સાઈન બોર્ડ, તેમજ જરૂરી કામગીરી કરવાનું ઠરાવવામાં આવ્યું.

**૫૪.૧૦.૧૧ :** યુનિવર્સિટીમાં અગાઉના વર્ષોમાં રાજય સરકારની જે તે હેતુ માટે ગ્રાન્ટ આવેલ છે અને બચત છે કે વપરાઈ નથી તેવી બચત ગ્રાન્ટમાંથી જે–તે હેતુ માટે ઉપયોગ કરવાનું નક્કી થયું. તેમજ પગાર ભથ્થા જેવી બચત ગ્રાન્ટનો ઉપયોગ માટે રાજય સરકારની મંજુરી મેળવવી તેમજ યુનિવર્સિટીએ પોતાના આવકના સ્ત્રોતમાંથી જે ભંડોળ ઉભુ કરેલ છે તેને યુનિવર્સિટી ડેવલોપમેન્ટ ફંડ બનાવી યુનિવર્સિટીના વિકાસમાં તેનો ઉપયોગ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૫૪.૧૦.૧૨ :** રાજય સરકારે યુનિવર્સિટીમાં મુખ્ય ભવન માટે રીનોવેશન ગ્રાન્ટ આપેલ છે ત્યારે તેમાં યુનિવર્સિટીના પ્રથમ માળે ટોઈલેટ બ્લોક બનાવવાની જરૂરીયાત હોવા છતાં બનાવેલ નથી. તેમજ બીજા માળે મોટા બે હોલ જેમાં બે વિભાગને બેસાડી શકાય તેટલી જગ્યાનો હાલ સીડી યોગ્ય ન હોવાથી ઉપયોગ થઈ શકતો નથી. તો પ્રસ્તાવ રાખવામાં આવ્યો કે ઉકત બંને બાબતો રીનોવેશનની ગ્રાન્ટમાં જો બચત હોય તો તે બચતમાંથી અને ન હોય તો યુનિવર્સિટીના વિકાસ ફંડમાંથી ખર્ચ કરી સુવિધા ઉભી કરવી જેનો સૌ મહાનુભાવોએ સદર કામગીરી કરાવવા સહમતી આપી.

**૫૪.૧૦.૧૩ :** જર્મન દેશની વિખ્યાત Heidelberg University એ અત્રેની યુનિવર્સિટી સાથે M.O.U કરવા યુનિવર્સિટીને દરખાસ્ત કરેલ હતી જે બાબત રજુ થતાં માન.કુલપતિશ્રીએ થનાર International M.O.U અંતર્ગત બંને યુનિવર્સિટી Cultural/Academic Exachange Programme હેઠળ એકબીજાના પરિસરની મુલાકાત લઈ અભ્યાસ કરશે એવી રજુઆત થતાં સર્વાનુમતે થનાર International M.O.U કરવા અંગે નિર્ણય કરવામાં આવ્યો.

બેઠકને અંતે માન.કુલપતિશ્રી દ્વારા સર્વે મહાનુભાવોનો આભાર વ્યકત કર્યો.

(સહી)

કા.કુલસચિવ

(સિક્કો: ... સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ)

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકેડેમિક કાઉન્સીલ તથા એકઝીકયુટીવ કાઉન્સિલની સંયુકત બેઠકની કાર્યનોંધ
## (તા.૦૮/૦૧/૨૦૧૯)

........................................................................................................................................

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સીલ તથા એકઝીકયુટિવ કાઉન્સિલની સંયુકત બેઠક તા.૦૮ જાન્યુઆરી, ૨૦૧૯ નાં રોજ બપોરે ૧૧:૦૦ કલાકે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
(૨) પ્રો. મયુરીબેન ભાટીયા
(૩) ડૉ. દિપેશ કતિરા
(૪) ડૉ. કૃષ્ણપ્રસાદ નિરોલા
(૫) ડૉ. લલીતભાઈ પટેલ
(૬) ડૉ. વાચસ્પતિ મિશ્રા
(૭) શ્રી અર્જુનકુમાર શ્યામલ
(૮) ડૉ. શ્વેતાબેન જેજુરકર
(૯) ડૉ. યોગેશ ત્રિવેદી
(૧૦) ડૉ. ભાવપ્રકાશ ગાંધી
(૧૧) શ્રી જયશંકર સી. રાવલ
(૧૨) ડૉ. જયપ્રકાશ નારાયણ દ્વિવેદી
(૧૩) ડૉ. મહેન્દ્રકુમાર એ. દવે
(૧૪) ડૉ. પંકજકુમાર એસ. રાવલ
(૧૫) ડૉ. ડી.એમ.મોકરીયા
(૧૬) ડૉ. અમીષાબેન દવે
(૧૭) શ્રી સંજયકુમાર એલ.જોષી
(૧૮) ડૉ. રશ્મીબેન મહેતા
(૧૯) ડૉ. દશરથ જાદવ – કા.કુલસચિવ

સૌ પ્રથમ માન..કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ સૌ પ્રથમ યુનિવર્સિટીના સરકારશ્રીના મનોનીત એકેડેમિક કાઉનસીલના મહાનુભાવશ્રી ડો.બ્રહ્માનંદ ચતુર્વેદીનો સ્વર્ગવાસ થતાં તેઓશ્રીના આત્માની શાંતિ માટે ૨(બે) મિનિટનું મૌન પાડી કા.કુલસચિવશ્રી દ્વારા એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી તેમજ ચર્ચા–વિચારણાને અંતે સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

૫૫.૦૧/૩૦.૦૧– કરેલ કામગીરીનો અહેવાલ (ગત ઈ.સી.તા.૧૧/૧૨/૧૮ થી ૦૭/૦૧/૧૯ સુધી)

**ઠરાવ :** યુનિવર્સિટી દ્વારા તા.૧૧/૧૨/૧૮ થી ૦૭/૦૧/૧૯ સુધી કરેલ કામગીરીના અહેવાલને સર્વાનુમતે બહાલી આપવામાં આવી તેમજ તેમાં મહાનુભાવશ્રીઓ દ્વારા યુનિવર્સિટી ખાતે બી.એડ. અભ્યાક્રમ શરૂ કરવાની કાર્યવાહી ચાલી રહી છે તેમાં એન.સી.ટી.ઈ. બે વર્ષના કોર્ષની માન્યતા આપવાનો વિકલ્પ આપે તો બે વર્ષનો બી.એડ અભ્યાસક્રમ શરૂ કરવો અન્યથા ચાર વર્ષનો બી.એડ.નો અભ્યાસક્રમ શરૂ થાય તે માટેનું યુનિવર્સિટી દ્વારા આયોજન કરવું તેમ નક્કી કરવામાં આવ્યું. તેમજ યુનિવર્સિટી દ્વારા એન.સી.ટી.ઈ.ના ચેરમેનશ્રીને સંસ્કૃત યુનિવર્સિટીમાં બી.એડ.ના કોર્ષને બે વર્ષની માન્યતા આપે તે સબબનો પત્ર લખવાનું ઠરાવવામાં આવ્યું.

૫૫.૦૨/૩૦.૦૨ – ફેકલ્ટી બેઠકમાં લેવાયેલ નિર્ણયને બહાલી આપવા અંગે.

ઠરાવ : ફેકલ્ટી બેઠકમાં લેવાયેલ નિર્ણયને બહાલી આપવમાં આવી તેમજ તમામ ફેકલ્ટીમાં ઉતિર્ણ થયેલ તમામ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને આગામી પદવીદાન સમારોહમાં ડીગ્રી આપવાનું નક્કી કરવામાં આવ્યું. તેમજ એમ.ફીલ./પીએચ.ડી.ના વિદ્યાર્થીઓમાં તા.૨૫/૦૧/૨૦૧૯ સુધિ ઉતિર્ણ થયા અંગેનું નોટીફીકેશન બહાર પાડવામાં આવે તો તેનો સમાવેશ પણ આગામી પદવીદાનમાં કરવો તેમ ઠરાવવામાં આવ્યું.

૫૫.૦૩/૩૦.૦૩ – ઈપ્કોવાલા પી.જી.ડી.સી.એ. સ્ટડી સેન્ટરની ડિપોઝીટ પરત કર્યાની જાણ અંગે.

ઠરાવ : ઈપ્કોવાલા પી.જી.ડી.સી.એ. સ્ટડી સેન્ટરની ડિપોઝીટ પરત કર્યાની જાણ કરવાની બાબતને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૫૫.૦૪/૩૦.૦૪– આગામી શૈ.વર્ષ ૨૦૧૯–૨૦ માટે નવા જોડાણ આપવા અંગેની કાર્યવાહી અંગે.

ઠરાવ : આગામી શૈ.વર્ષ ૨૦૧૯–૨૦ માટે નવા જોડાણ આપવા કરવાની થતી કાર્યવાહીને બહાલી આપવામાં આવી.

૫૫.૦૫/૩૦.૦૫ – ડિપ્લોમાં ઈન નેચરોપેથીનો નવો અભ્યાસક્રમ શરૂ કરવા અંગે.

ઠરાવ : ડિપ્લોમાં ઈન નેચરોપેથીનો નવો અભ્યાસક્રમ શરૂ કરવા અંગેના પ્રસ્તાવ બાબતે હાલ સંબંધિત વિષયની પ્રર્યાપ્ત જાણકારી મેળવી યુનિવર્સિટી કક્ષાએથી શરૂ થઈ શકે કે કેમ ? તે અંગે વિગતોની તપાસ કરી આગામી સમયમાં આ અંગેનો નિર્ણય કરવો તેમ નક્કી કરવામાં આવ્યું.

૫૫.૦૬/૩૦.૦૬ – યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ ડિપ્લોમાં અભ્યાસક્રમોની ફેકલ્ટી નક્કી કરવા અંગે.

ઠરાવ : યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ ડિપ્લોમાં અભ્યાસક્રમોની ફેકલ્ટી નક્કી કરવા અંગે ચર્ચા વિચારણા કરતા નીચે મુજબના અભ્યાસક્રમો સામે દર્શાવેલ ફેકલ્ટી મુજબ નક્કી કરવામાં આવ્યા.

| ક્રમ | અભ્યાસક્રમનું નામ | ફેકલ્ટી |
|---|---|---|
| ૦૧ | ડિપ્લોમા તથા પ્રમાણપત્રીય યોગ | દર્શન સંકાય |
| ૦૨ | ડિપ્લોમા જયોતિષ | વેદ વેદાંગ સંકાય |
| ૦૩ | ડિપ્લોમા વાસ્તુશાસ્ત્ર | વેદ વદાંગ સંકાય |
| ૦૪ | ડિપ્લોમા વૈદિક ગણિત | વેદ વેદાંગ સંકાય |
| ૦૫ | ડિપ્લોમા મંદિર વ્યવસ્થાપન | પુરાણ સંકાય |
| ૦૬ | ડિપ્લોમા કર્મકાંડ | પુરાણ સંકાય |
| ૦૭ | ડિપ્લોમા સંસ્કૃત ટીચીંગ | વ્યાકરણ સંકાય |
| ૦૮ | પોસ્ટ ગ્રેજયુએશન ડિપ્લોમા સંસ્કૃત, ગુજરાતી અને હિન્દુ સ્ટડીઝ | વ્યાકરણ સંકાય |
| ૦૯ | ડિપ્લોમા સંગીત | સાહિત્ય સંકાય |
| ૧૦ | ડિપ્લોમા નાટ્ય શાસ્ત્ર | સાહિત્ય સંકાય |

૫૫.૦૭/૩૦.૦૭ – પીએચ.ડી. નાં વાયવા લેવા માટે પધારતા રેફરીશ્રીને ગાડી ભાડુ આપવા અંગે.

ઠરાવ : પીએચ.ડી. નાં વાયવા લેવા માટે પધારતા રેફરીશ્રીને ગાડી ભાડુ ચુકવવા બાબતે ચર્ચા કરતા અન્ય યુનિવર્સિટીમાં આપવામાં આવતુ હોઈ અત્રેની યુનિવર્સિટીમાં નિયમોનુસાર ગાડી ભાડુ ચુકવવું કરવું તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૫૫.૦૮/૩૦.૦૮ – આગામી શૈ.વર્ષ : ૨૦૧૯–૨૦ માટે મહાવિદ્યાલય/કોલેજ પાસે જરૂરી નોંધણી ફી મંગાવી માન્યતા અંગે.

ઠરાવ : આગામી શૈક્ષણિક વર્ષ : ૨૦૧૯–૨૦ માટે મહાવિદ્યાલય/કોલેજ પાસે જરૂરી નોંધણી ફી મંગાવી માન્યતા અંગે ચર્ચા કરતા નિર્ણય કરવામાં આવ્યો કે, હાલ ગત વર્ષની જેમ કાર્યવાહી શરૂ કરવી આ અંગે ઈ.સી.ના મહાનુભાવ શ્રી અર્જુન શામલજીએ મહાવિદ્યાલયોને કાયમી જોડાણ આપવા અંગેનો પ્રસ્તાવ મુકતા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ કે, મહાવિદ્યાલયોને કાયમી જોડાણ આપવા અંગેના નિયમો બનાવવા માટે એક સમિતિનું ગઠન કરવામાં આવ્યું જેમાં

(૧) પ્રો. મયુરીબેન ભાટીયા, એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રી,

(૨) શ્રી અર્જુન શામલ, એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રી,

(૩) પ્રો. મહેન્દ્રકુમાર એ. દવે, ડીન અને એકેડેમિક કાઉન્સીલના સભ્યશ્રી
(૪) ડો. જયપ્રકાશ નારાયણ દ્વિવેદી, એકેડેમિક કાઉન્સીલના સભ્યશ્રી,
(૫) ડો. ભાવપ્રકાશ ગાંધી, એકેડેમિક કાઉન્સીલના સભ્યશ્રી,
(૬) ડૉ. શ્વેતાબેન જેજુરકર, એકેડેમિક કાઉન્સીલના સભ્યશ્રી,
(૭) ડૉ. કાર્તિકકુમાર પંડયા, સંશોધન અધિકારીશ્રી, સસસયુ, વેરાવળ

ઉપરોકત સમિતિ યુજીસીના તેમજ સરકારશ્રીના ધારાધોરણોને ધ્યાનમાં રાખી કાયમી જોડાણ માટેના નિયમો બનાવીને રીપોર્ટ સત્વરે રજુ કરશે જેમાં સભ્ય સચિવ તરીકે પ્રો મહેન્દ્રકુમાર એ. દવે રહેશે અને તેઓ સમગ્ર કામગીરીનું સંકલન કરશે.

**૫૫.૦૯/૩૦.૦૯ – ૧૧ મા પદવીદાન સમારોહમાં કક્ષા વાઈઝ તથા ફેકલ્ટી વાઈઝ કુલ–૮૭૦ ડિગ્રી એનાયત કરવા અંગે.**

ઠરાવ : ૧૧ મા પદવીદાન સમારોહમાં કક્ષા વાઈઝ તથા ફેકલ્ટી વાઈઝ કુલ–૮૭૦ ડિગ્રી એનાયત કરવાની બાબતને બહાલી આપવમાં આવી તેમજ કાર્યક્રમનું આયોજન ગરીમાપૂર્ણ થાય તે રીતે કરવાની થતી કામગીરીને બહાલી આપવામાં આવી. યુનિવર્સિટીના આગામી પદવીદાનમાં ડ્રેસ કોડમાં થનાર પરિવર્તન અંગેની માહિતી કુલસચિવ દ્વારા આપવામાં આવી જેની સૌ મહનુભાવોએ સહર્ષ સ્વીકાર કરવામાં આવ્યો અને તે અંગે થનાર ખર્ચની પણ બહાલી આપવામાં આવી.

**૫૫.૧૦/૩૦.૧૦ – ૧૧ મા પદવીદાન સમારોહમાં યુનિવર્સિટીની કાયમી મેડલ પોલીસી અંતર્ગત જે વિદ્યાર્થીઓને જે મેડલ પ્રાપ્ત થયેલ છે. તેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અંગે.**

ઠરાવ : ૧૧ મા પદવીદાન સમારોહમાં યુનિવર્સિટીની કાયમી મેડલ પોલીસી અંતર્ગત જે વિદ્યાર્થીઓને જે મેડલ પ્રાપ્ત થયેલ છે તેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું. તેમજ યુનિવર્સિટીમાં ચાલતા યોગ અભ્યાસક્રમમાં કોઈ મેડલના દાતા ન હોઈ આપવામાં આવ્યો નથી. તો કોઈ દાતા ન મળે ત્યાં સુધી યુનિવર્સિટી દ્વારા એક ગોલ્ડ મેડલ આપવો તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૫૫.૧૧/૩૦.૧૧ – ૧૧ મા પદવીદાન સમારોહ દરમિયાન કરવાની થતી કામગીરીની બહાલી તેમજ સમારોહમાં સારસ્વત અતિથિનું નામ નક્કી કરવા અંગે.**

ઠરાવ : ૧૧ મા પદવીદાન સમારોહ દરમિયાન કરવાની થતી કામગીરીની બહાલી આપવામાં આવી તેમજ સમારોહમાં સારસ્વત અતિથિનું નામ માન.કુલપતિશ્રી નક્કી કરશે તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૫૫.૧૨/૩૦.૧૨ – તા.૦૧/૧૧/૨૦૧૮ ના રોજ મળેલ ગ્રંથાલય સમિતિની બેઠકની કાર્યનોંધને બહાલી આપવા અંગે.

ઠરાવ : તા.૦૧/૧૧/૨૦૧૮ ના રોજ મળેલ ગ્રંથાલય સમિતિની બેઠકની કાર્યનોંધને બહાલી આપવા આવી.

૫૫.૧૩/૩૦.૧૩ – યુનિવર્સિટી સંચાલિત કોલેજના વેદ, વ્યાકરણ તથા દર્શનશાસ્ત્ર વિષયના કાર્યભાર અંગે.

ઠરાવ : યુનિવર્સિટી સંચાલિત કોલેજના વેદ, વ્યાકરણ તથા દર્શનશાસ્ત્ર વિષયના કાર્યભાર અંગે ચર્ચા વિચારણા કરતા સરકારશ્રીમાં હાલ ૧૨ બી મેળવવા માટે અધ્યાપકશ્રીઓની માંગણી બાબતે નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મળ્યેથી આ અંગે યોગ્ય કરવામાં આવશે હાલ અનુસ્નાતક વિભાગમાં જે–તે શાસ્ત્રના પ્રાધ્યાપકો છે તે જરૂર મુજબ શાસ્ત્રી કક્ષામાં અધ્યાપન કાર્ય કરાવશે તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. જરૂર જણાશે તો આગામી વર્ષે સરકારશ્રીમાં કોલેજ માટે જરૂરી જગ્યાઓ મેળવવા માટેની દરખાસ્ત કરવામાં આવશે.

૫૫.૧૪/૩૦.૧૪–યુજીસી તા.૩૦/૦૬/૨૦૧૦ના પત્રથી પ્રસિધ્ધ થયેલ ગેઝેટને લાગુ કરવાની મંજુરી અંગે.

૫૫.૧૫/૩૦.૧૫–યુજીસી તા.૧૪/૦૬/૨૦૧૩ના પત્રથી પ્રસિધ્ધ થયેલ ગેઝેટને લાગુ કરવાની મંજુરી અંગે.

૫૫.૧૬/૩૦.૧૬–યુજીસી તા.૧૭/૦૮/૨૦૧૫ના પત્રથી પ્રસિધ્ધ થયેલ ગેઝેટને લાગુ કરવાની મંજુરી અંગે.

૫૫.૧૭/૩૦.૧૭–યુજીસી તા.૧૧/૦૭/૨૦૧૬ના પત્રથી પ્રસિધ્ધ થયેલ ગેઝેટને લાગુ કરવાની મંજુરી અંગે.

ઠરાવ : ઉપરોકત તમામ બાબતો અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, યુનિવર્સિટી એ એકેડેમિક કામગીરી માટે યુજીસીના વખતોવખતના પ્રસિધ્ધ થતા ગેઝેટને યુનિવર્સિટીમાં લાગુ કરવા અંગે માન.કુલપતિશ્રીની વખતોવખત મંજુરી લઈને કાર્યવાહી કરવાની રહેશે. તેમજ માન.કુલપતિશ્રીને જરૂર જણાય તો એકેડેમિક કાઉન્સિલમાં મુકી કાર્યવાહી કરવી.

૫૫.૧૮/૩૦.૧૮–મહાનુભાવોના સૂચનો.

૧. યુનિવર્સિટી ખાતે એમ.એ.યોગ અભ્યાસક્રમમાં અધ્યાપન કરાવતા કરાર આધારિત પ્રાધ્યાપકને માસિક વેતન હાલ જે આપવામાં આવે છે પ્રમાણમાં ઓછુ હોઈ તેમાં વધારો કરવાનું સુચન કરવામાં આવ્યું જેમાં ચર્ચા કરતા એમ.એ.યોગ અભ્યાસક્રમ સ્વનિર્ભર ધોરણે ચાલતો હોઈ વિદ્યાર્થીઓની સંખ્યા તેમજ તેમાંથી થતી આવકની પણ ચર્ચા કરવામાં આવી ચર્ચાને અંતે અધ્યાપકને માસિક રૂા.૨૧,૦૦૦/– વેતન ચુકવવાનું ઠરાવવામાં આવ્યું. જેની

અમલવારી આગામી ફેબ્રઆરી–૨૦૧૯ થી કરવાની રહેશે, વધુમાં એ પણ નિર્ણય કરવામાં આવ્યો કે, રાજય સરકારશ્રી પાસે યોગ અધ્યાપકોની માંગણી કરતી દરખાસ્ત કરવી.

૨. ડો. જયપ્રકાશ નારાયણ દ્વિવેદીજી દ્વારા યુનિવર્સિટીમાં શાસ્ત્રી અને આચાર્ય કક્ષાએ અદ્વૈત વેદાંતનો અભ્યાસક્રમ બનાવવામાં આવે અને આગામી શૈ.વર્ષ : ૨૦૨૦–૨૧ થી લાગુ કરવાની મંજુરી આપવામાં આવે તેમ સૂચન થતાં સર્વે મહાનુભાવોએ સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૩. યુનિવર્સિટી ખાતે વિવિધ વિષય પર શોર્ટ ટર્મ ઈ–કોર્ષ શરૂ કરવા જોઈએ તેવું સૂચન થતા ચર્ચા કરવામાં આવી અને નિર્ણય કરવામાં આવ્યો કે આ શોર્ટ ટર્મ ઈ–કોર્ષનું પ્રારૂપ અને મેથડ તેમજ જરૂરી ડીઝાઈન બનાવવા સમિતિનું ગઠન કરવામાં આવ્યું જેમાં

(૧) ડો. લલીતભાઈ પટેલ, એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રી
(૨) ડો. દિપેશભાઈ કતિરા, એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રી
(૩) ડૉ. શ્વેતાબેન જેજુરકર, એકેડેમિક કાઉન્સીલના સભ્યશ્રી
(૪) ડો. જાનકીશરણ આચાર્ય, આસી.પ્રોફેસર, સસસયુ, વેરાવળ
(૫) ડો. મિહિર ઉપાધ્યાય, અમદાવાદ
(૬) ડો. યોગેશ પંડયા, દર્શનમ, અમદાવાદ

ઉકત સમિતિ પ્રારૂપ અને ડિઝાઈન બનાવી યુનિવર્સિટીને આપશે ત્યારબાદ કયા કયા કોર્ષ કરી શકાય તેની ચર્ચા કરવી તેમ નિર્ણય કરવામાં આવ્યો. આ સમિતિમાં સભ્ય સચિવ તેમજ સંકલનની કામગીરી ડો. કતિરાજી કરશે.

૫૫.૧૯/૩૦.૧૯–અધ્યક્ષ સ્થાનેથી રજૂ થાય તે.

૧. યુનિવર્સિટીમાં ચાલતા કોઈપણ અભ્યાસક્રમોમાં એન.આર.આઈ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે ત્યારે તેની પ્રવેશ પ્રક્રિયામાં વિદ્યાર્થીની માર્કશીટ/ડીગ્રી યુનિવર્સિટીએ પ્રવેશ લાયકાત માટેના ધારાધોરણ મુજબ છે કે કેમ ? તેની ચકાસણી કરવા માટે યુનિવર્સિટી કક્ષાએ કાયમી એક સમિતિનું ગઠન કરવામાં આવ્યું જેમાં (૧) જે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવાનો હોય તે અભ્યાસક્રમ સંકાય ડીનશ્રી (૨) અનુસ્નાતક વિભાગના અધ્યક્ષશ્રી (૩) શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સંચાલીત કોલેજના આચાર્યશ્રી (૪) પ્રવેશ વિભાગના અધિકારીશ્રી, નો સમાવેશ કરવામાં આવ્યો. ઉકત સમિતિની ભલામણને આધારે પ્રવેશનો નિર્ણય કરવો એમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**ઉપરોકત તમામ નિર્ણયો થયા બાદ સંયુકત બેઠકના સૌ મહાનુભાવોનો માન.કુલપતિશ્રી દ્વારા આભાર વ્યકત કરી સંયુકત બેઠક પૂર્ણ જાહેર કરવામાં આવી. અને ત્યારબાદ માત્ર એકઝીકયુટીવ કાઉન્સીલની બેઠકની શરૂઆત કરવામાં આવી. જે બેઠકમાં ચર્ચા વિચારણાને અંતે સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.**

**૫૫.૨૦** તા.૨૭/૧૨/૨૦૧૮ ના રોજ મળેલ ખરીદ સમિતિની બેઠકની કાર્યનોંધને બહાલી આપવા અંગે.

**ઠરાવ :** યુનિવર્સિટી ખાતેતા.૨૭/૧૨/૨૦૧૮ ના રોજ મળેલ ખરીદ સમિતિની બેઠકની કાર્યનોંધને સર્વાનુમતે બહાલી આપવા આવી.

**૫૫.૨૧** તા.૦૭/૦૧/૨૦૧૯ ના રોજ મળેલ બાંધકામ સમિતિની બેઠકની કાર્યનોંધને બહાલી આપવા અંગે.

**ઠરાવ :** યુનિવર્સિટી ખાતે તા.૦૭/૦૧/૨૦૧૯ ના રોજ મળેલ બાંધકામ સમિતિની બેઠકની કાર્યનોંધને બહાલી આપવામાં આવી તેમજ ક્રમ.નં.૨ થી લેવાયેલ નિર્ણય અંગે ચર્ચા કરી નિર્ણય કરવામાં આવ્યો કે, રાજય સરકારે યુનિવર્સિટીના વિકાસ માટે બાંધકામ સબબની ગ્રાંન્ટ આપી છે તેમજ સરકારે સદર કામગીરી યુનિવર્સિટી કક્ષાએથી કરવામાં આવશે તેવી મંજુરી આપેલ છે. યુનિવર્સિટી સ્વાયત્ત હોઈ સદર કામગીરી કરવા માટે પીએમસી નિયુકત કરવામાં આવેલ છે. તેમજ યુનિવર્સિટીમાં ઈજનેરની જગ્યા કાયમી ધોરણે ભરાયેલ હોય અને ઈ.સી. દ્વારા બાંધકામ સમિતિનું ગઠન કરવામાં આવેલ હોય ત્યારે જે તે પ્રોજેકટના પ્લાન એસ્ટીમેન્ટ તેમજ ટી.એસ. મંજુર કરવા માટે બાંધકામ સમિતિ સક્ષમ છે. સરકાર દ્વારા ફાળવવામાં આવેલ બાંધકામની ગ્રાન્ટનો ઉપયોગ કરવા માટે અન્ય યુનિવર્સિટીઓ પણ પ્લાન એસ્ટીમેન્ટ અને ટી.એસ. બાંધકામ સમિતિ જ મંજુર કરતી હોય છે. તેથી અત્રેની યુનિવર્સિટીની બાંધકામ સમિતિને સત્તા આપવામાં આવે છે અને બહુમતીથી લીધેલ નિર્ણયને બહાલી આપવામાં આવે છે. તેમજ વધુમાં પી.એમ.સી. દ્વારા તૈયાર કરેલ પ્લાન એસ્ટીમેન્ટ અને ટી.એસ.ને યુનિવર્સિટીના ઈજનેર દ્વારા ચકાસણી કરી જયાં જરૂર જણાય ત્યાં પી.એમ.સી.ના ઈજનેરની મદદ લઈ માન્ય કરી ઝડપથી તેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરવા યુનિવર્સિટી ઈજનેરશ્રીને સૂચના આપવાનો નિર્ણય કરવામાં આવ્યો.

**૫૫.૨૨** યુનિવર્સિટી ખાતે મેડીકલ ઓફીસરની સેવા બાબત.

**ઠરાવ :** યુનિવર્સિટી ખાતે મેડીકલ ઓફીસરની સેવા બાબતે ચર્ચા વિચારણા કરતા અઠવાડીયામાં બે વાર, એક કલાક યુનિવર્સિટી ખાતે સેવા મેળવવાનું તેમજ જરૂરી સાધન સામગ્રી તેમજ ભૌતિક સુવીધાઓ માટે કરવાની થતી કામગીરી માટે થનાર ખર્ચની વિગતો તૈયાર કરી આગામી નાણાંસમિતિમાં મુકવાનો નિર્ણય કરવામાં આવ્યો.

**મહાનુભાવોના સૂચનો.**

**૧.** જુનાગઢ અને ગીર–સોમનાથ જિલ્લામાં આવેલી હાયર સેકેન્ડરી સ્કુલમાં ફરજ બજાવતા સંસ્કૃતના શિક્ષકો માટે ૧(એક) દિવસીય સેમીનાર કરવાનું સુચન થયેલ જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી તેમજ સદર સેમીનાર સંબંધિત આયોજનની કામગીરી શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સંચાલિત કોલેજના આચાર્યશ્રી, કરશે તેમ નિર્ણય કરવામાં આવ્યો. સદર કામગીરી માટે બંન્ને જીલ્લાના શિક્ષણાધિકારી પાસેથી માર્ગદર્શન તેમજ મંજુરી મેળવવી તેમજ થનાર ખર્ચને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**૨.** યુનિવર્સિટીના કર્મચારીઓનું વર્ષમાં એક વાર તેમની સેવાઓને ધ્યાને લઈ સન્માન થવું જોઈએ તેવો પ્રસ્તાવ મહાનુભાવ તરફથી આવતા સૌ મહાનુભાવોએ પ્રસ્તાવને સ્વીકૃતિ આપી આ વર્ષે યુનિવર્સિટીના સેવક શ્રી ભીમભાઈ ગળચરનું સન્માન કરવું તેમજ આગામી વર્ષથી પસંદગી માટેના જરૂરી માપદંડો નક્કી કરવાનું તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. શકય હોય તો પદવીદાન સમારોહમાં તેનો સન્માન કાર્યક્રમનો સમાવેશ કરવો તેમજ શકય ન બને આગામી મોટા કાર્યક્રમમાં મહાનુભાવ પાસે સન્માન કરવાનું ઠરાવવામાં આવ્યું.

**૩.** કુલસચિવશ્રી દ્વારા માન.કુલપતિશ્રીના ડ્રાઈવર તરીકે હાલ ફરજ બજાવતાં ભીમભાઈ ગળચરના પત્ર તા.૦૫/૦૧/૨૦૧૯ ના ઈનવર્ડ નંબર.૬૧૫૩ પર મળેલ માન.કુલપતિશ્રીના મળેલ આદેશ અન્વયે મહાનુભાવોએ ચર્ચા કરતાં તેઓશ્રીને હાલ માસિક રૂ.૩૦૦૦/– આપવામાં આવે તેની જગ્યાએ માસિક રૂ.૪૫૦૦/– આપવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**અધ્યક્ષ સ્થાનેથી રજૂ થાય તે.**

**૧.** યુનિવર્સિટીના સરકારશ્રી દ્વારા મનોનીત સભ્યશ્રી ડો. દિપેશ કતિરાજી દ્વારા માન.કુલપતિશ્રીને તા.૦૮/૦૧/૨૦૧૯ ના રોજ ઈનવર્ડ નં.૫૮૭ થી આપેલ પત્ર બાબતે માન.કુલપતિશ્રીએ ચર્ચા વિચારણા કરતાં મુખ્ય હિસાબી અધિકારીશ્રીની કામગીરી અંગે અસંતોષ વ્યકત કરીને તેમની કાર્યપ્રણાલી વિશે સૌ મહાનુભાવોને અવગત કરવામાં આવેલ જેમાં જણાવ્યું કે યુનિવર્સિટી એકટ, માન.કુલપતિશ્રીની સત્તા અને એકઝીકયુટીવ કાઉન્સિલ સત્તાની સતત અવગણના કરવી, યુનિવર્સિટીના દિન–પ્રતિદિનના વિકાસના કામમાં સહકાર ન આપવો, યુનિવર્સિટીની સ્વાયતત્તાને સમજયા વિના સરકારના નિયમો સામે ધરી કામમાં રૂકાવટ લાવવી, વર્ષ દરમિયાનની સતત ગેરહાજરી, વર્ષ દરમિયાન થયેલ યુનિવર્સિટીના આર્થિક વ્યવહારોમાં ચેકોમાં સહી ન કરવી, યુનિવર્સિટીની સમિતિઓ દ્વારા યોજાતી મીંટીંગોમાં

અશોભનીય વર્તન કરવું વગેરે બાબતોથી વાકેફ કરવામાં આવ્યા તેમજ પૂર્વ ઈ.ચા.કુલપતિશ્રીએ સરકારશ્રીમાં તેઓની સેવા સમાપ્ત કરવા અંગે કરવામાં આવેલ પત્ર વ્યવહાર અંગે અવગત કર્યા. ઉપરોકત તમામ બાબતોની એકઝીકયુટીવ કાઉન્સીલના મહાનુભાવોએ ગંભીરતાથી નોંધ લઈ નિર્ણય કરવામાં આવ્યો કે, હાલ સરકારશ્રીમાંથી પ્રતિનિયુકતીના ધોરણે આવેલ મુખ્ય હિસાબી અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રી એલ.વી.દેવડાને તેમની માતૃસંસ્થામાં યુનિવર્સિટી પક્ષથી છુટા કરી પરત મોકલી આપવા તેમજ તે અંગેની જાણ તેમની માતૃસંસ્થાને કરવી તેમ ઠરાવવામાં આવ્યું. શ્રી એલ.વી.દેવડાને તા.૧૧/૦૧/૨૦૧૯ ના રોજ કચેરી સમય બાદ છુટા કરવા તેમ ઠરાવવામાં આવ્યું. તેમજ યુનિવર્સિટી દ્વારા મંજુર થયેલ સદર જગ્યા યુજીસીના નિયમોનુસાર ભરવા માટે આગળની પ્રક્રિયા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૨. માન.કુલપતિશ્રી દ્વારા હોસ્ટેલ તેમજ યોગ પ્રદર્શની માટે આવેલ ગ્રાન્ટનો સમયસર ઉપયોગ કેમ ન થયો ? તેમજ વિલંબ થવા પાછળનું કારણ શુ છે ? તેની તપાસ કરવા માટે તેમજ વહીવટી બીલ્ડીંગના રીનોવેશનમાં કામગીરીમાં થયેલ વિલંબ તેમજ થયેલ કામગીરીની ગુણવતા ચકાસવા માટે સમિતિની રચના કરવાનો પ્રસ્તાવ મુકતા સર્વે મહાનુભાવોએ સ્વીકાર કરી સમિતિની રચના કરવામાં આવી જેમાં (૧) ડો. લલીતભાઈ પટેલ, ઈ.સી. સભ્યશ્રી, (૨) ડો. નિતિનભાઈ પેથાણી, નાણાં સમિતિના સભ્યશ્રી, (૩) ડો. નવીનભાઈ ઓઝા, બાંધકામ સમિતિના સભ્યશ્રીને મનોનીત કરવામાં આવ્યા.

૩. યુનિવર્સિટીના આગામી બાંધકામની કરવાની થતી કામગીરીને ધ્યાને રાખીને યુનિવર્સિટી ઈજનેર હાલ કેશોદથી અપડાઉન કરે છે તેઓને સરકારશ્રીના નિયમોનુસાર આગામી ૧ ફેબ્રુઆર, ૨૦૧૯ થી વેરાવળ ખાતે રહેવા માટે આદેશ કરવા ઠરાવવામાં આવ્યું.

૪. યુનિવર્સિટી દ્વારા અગાઉની ઈ.સી.માં લેવાયેલ નિર્ણય મુજબ યુનિવર્સિટીના રેગયુલેશન બનાવવા માટે અમદાવાદ સ્થિત અનુભવી શ્રી આર.એમ.મહેતા પાસેથી સેવા મેળવવાનો નિર્ણય કરવામાં આવ્યો. જે અંગે જરૂરી કાર્યવાહી કરી થનાર ખર્ચની મંજુરી માટે નાણાં સમિતિમાં મુકી આગળની કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું.

૫. યુનિવર્સિટીના સતામંડળના કે માન.કુલપતિશ્રી દ્વારા બનાવવામાં આવતી સમિતિની બેઠકમાં પધારતા મહાનુભાવો જો મોટરકાર(ગાડી) લઈને આવે તો તેઓને સરકારશ્રીના નિયમોનુસારનું ગાડી ભાડુ ચુકવવાનું નક્કી કરવામાં આવ્યું. તેમજ તેઓની નિવાસની વ્યવસ્થા બાબતે યુનિવર્સિટીમાં ગેસ્ટહાઉસ ન હોવાથી યુનિવર્સિટી કક્ષાએથી હોટેલ/ગેસ્ટ હાઉસમાં કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

બેઠકને અંતે માન.કુલપતિશ્રી દ્વારા સર્વે મહાનુભાવોનો આભાર વ્યકત કર્યો.

**કા.કુલસચિવ**

## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

## એકઝીકયુટીવ કાઉન્સિલની સંયુકત બેઠકની કાર્યનોંધ

## (તા.૦૭–૦૬–૨૦૧૯)

.........................................................................................................................

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકઝીકયુટીવ કાઉન્સિલની બેઠક તા.૦૭ જુન, ૨૦૧૯ના રોજ બપોરે ૧૫:૩૦ કલાકે સરકીટ હાઉસ, ગાંધીનગર ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબના મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન. કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી

(૨) પ્રો. મયુરીબેન ભાટીયા

(૩) ડો. દિપેશ કતિરા

(૪) ડો. કૃષ્ણપ્રસાદ નિરોલા

(૫) ડો. લલીતભાઈ પટેલ

(૬) ડો. વાચસ્પતિ મિશ્રા

(૭) પ્રિ. અર્જુનકુમાર શામલ

(૮) ડો. દશરથ જાદવ – કા.કુલસચિવ

(૯) શ્રી એ.જે.રાઠવા– મુખ્ય હિસાબી અધિકારી

સૌ પ્રથમ માનનીય કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું તેમજ લોકસભા–૨૦૧૯ના ઈલેકશનને કારણે આચારસંહિતા લાગુ પડેલ હોઈ ઈ.સી.ની બેઠક બોલાવવાની થતી હતી પણ બોલાવી શકાઈ નથી તેમ જણાવ્યું હતું. આચારસંહિતા પૂર્ણ થતા જ બેઠકનું આયોજન કરેલ છે તેમ જણાવી માન.કુલપતિશ્રીની સૂચના અન્વયે કા.કુલસચિવ દ્વારા એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી તેમજ ચર્ચા–વિચારણાને અંતે સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

૫૬.૦૧ તા.૦૮–૦૧–૨૦૧૯ થી કરેલ કામગીરીનો અહેવાલ

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા તા.૦૮–૦૧–૨૦૧૯થી તા.૦૬–૦૬–૨૦૧૯ સુધી કરેલ કામગીરીનો મહાનુભાવોને લેખિતમાં અહેવાલ આપવામાં આવ્યો તેમજ ચર્ચા કરવામાં આવી અને કરેલ કામગીરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૫૬.૦૨ તા.૦૪–૦૬–૨૦૧૯ બાંધકામ સમિતિની બેઠકની કાર્યનોંધને બહાલી આપવા અંગે

ઠરાવ : યુનિવર્સિટી ખાતે તા.૦૪–૦૬–૨૦૧૯ના રોજ બાંધકામ સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણયને બહાલી આપવામાં આવી તેમજ જયાં સુધી ઈજનેરની ખાલી જગ્યા છે ત્યાં સુધી માન.કુલપતિશ્રી અનુભવી ઈજનેરની આઉટસોર્સિંગથી સેવા મેળવી વિભાગની કામગીરી કરાવે તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું તેમજ આ બાબતે માન. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી.

૫૬.૦૩ તા.૦૬–૦૬–૨૦૧૯ની નાણાં સમિતિની બેઠકની કાર્યનોંધને બહાલી આપવા અંગે.

ઠરાવઃ તા.૦૬–૦૬–૨૦૧૯ના રોજ રાજયની તમામ યુનિવર્સિટીના માન. કુલપતિશ્રીઓની માન. શિક્ષણમંત્રીશ્રી અને માન. રાજયપાલશ્રીએ ગાંધીનગર ખાતે બેઠકમાં બોલાવતાં નાણા સમિતિની બેઠક મુલત્વી રાખવામાં આવેલ હોય તે બાબતને આગામી સમયમાં મિટિંગ થયા બાદ આગામી ઈ.સી.ની બેઠકમાં તેની કાર્યનોંધ મૂકવામાં આવશે.

૫૬.૦૪ ૨૦૧૩ના ઠરાવથી મંજૂર થયેલ જગ્યાઓની મુદત ફેબ્રુઆરી–૨૦૨૦ સુધી મંજુરી મળ્યાની જાણ અંગે.

ઠરાવઃ ૨૦૧૩ના ઠરાવથી મંજૂર થયેલી જગ્યાઓની સરકારશ્રી દ્વારા ફેબ્રુઆરી–૨૦૨૦ સુધીની મુદત વધારી મંજૂરી આપવામાં આવેલ છે. જેમાં મંજૂર થયેલ અને ન ભરાયેલ જગ્યાઓને સ્થગિત કરવામાં આવેલ છે. જેને ભરવા માટેની મંજૂરી મેળવવાની થતી હોય મંજૂરી મેળવવા સરકારમાં પત્ર પાઠવેલ છે. જે જગ્યાઓની મંજૂરી મળ્યેથી તમામ જગ્યાઓ ભરવાની પ્રક્રિયા કરવા માટેનું ઠરાવવામાં આવ્યું.

૫૬.૦૫ ૨૦૧૩ના ઠરાવથી મંજુર થયેલ જગ્યા જયોતિષમાં નિત્યાનંદ ઓઝાની નિમણૂંક અંગે.

ઠરાવઃ જયોતિષ વિષયમાં નિત્યાનંદ ઓઝાની નિમણૂંક એક વર્ષ માટે થઈ હતી, પરંતુ તે જગ્યા ૨૦૧૩માં મંજૂર થયેલ હોય તેની શરતો મુજબ મંજૂર થયેલ જગ્યાઓ ૨૦૨૦ સુધી મુદત લંબાઈ આપેલ હોય વધુ એક વર્ષ માટે નિત્યાનંદ ઓઝાને નિમણૂંક પત્ર આપેલ છે તેને માન્ય રાખી આ અંગે કરવામાં આવેલ કાર્યવાહીને બહાલી આપવામાં આવી.

૫૬.૦૬ કુલસચિવની ભરતી પ્રક્રિયામાં ઈન્ટરવ્યુંમાં એકઝીકયુટીવ કાઉન્સિલના પ્રતિનિધિ નકકી કરવા અંગે.

ઠરાવઃ કુલસચિવના ઈન્ટરવ્યુમાં એકઝીકયુટીવ કાઉન્સિલના પ્રતિનિધિના નામની ચર્ચા વિચારણા કરતી વખતે ડો. દશરથ જાદવે (ઈ.ચા. કુલસચિવ) રજીસ્ટ્રારની જગ્યા માટે અરજી કરેલ હોય તેઓને બેઠકમાંથી બહાર મોકલી તેમની અનુપસ્થિતિમાં સર્વે સભ્યશ્રીઓએ ચર્ચા વિચારણા કરી સર્વાનુમતે ઈન્ટરવ્યું માટે નામ નકકી કરી બંધ કવરમાં માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવ્યું તેમજ માનનીય કુલપતિશ્રી દ્વારા રજીસ્ટ્રારની ભરતી અંગે કરેલ કામગીરીથી સૌ મહાનુભાવોને અવગત કરવામાં આવ્યા, તેમજ કુલ આવેલ ૮ અરજીઓમાંથી ૫ અરજીઓ સ્ક્રુટિની કમિટિ દ્વારા માન્ય થયેલ છે તેની યાદી મૂકવામાં આવી તેમજ માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ કામગીરીની સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી અને માન્ય અરજીઓને ધ્યાને લઈ રજીસ્ટ્રારના ઈન્ટરવ્યું કરવાનું ઠરાવવામાં આવ્યું.

૫૬.૦૭ મુખ્ય હિસાબી અધિકારીશ્રીની ભરતીના નિયમોની મંજુરી તથા જગ્યા ભરવા અંગે.

ઠરાવઃ યુનિવર્સિટીની મંજૂર થયેલ મુખ્ય હિસાબી અધિકારીની જગ્યા માટે બનાવવામાં આવેલ R.R. ને તા.૧૪–૦૯–૨૦૧૬ની ઈ.સી.માં બહાલી આપવામાં આવી હતી તેમજ તેને સરકારશ્રીમાં મંજૂરી માટે મોકલી આપવામાં આવેલ હતા. પરંતુ શિક્ષણ વિભાગમાં પડતર પ્રશ્નોની ચર્ચા દરમિયાન જણાવવામાં આવેલ કે, R.R. બનાવવાનું અને મંજૂર કરવાનું કામ એકટની જોગવાઈ પ્રમાણે યુનિવર્સિટી અને એકઝીકયુટીવ કાઉન્સિલનું હોઈ એકટ મુજબની કાર્યવાહી કરવાની થાય છે. તે અંગે ચર્ચા વિચારણા કરતા મુખ્ય હિસાબી અધિકારી પદ માટેના યુજીસીના પગારધોરણ રાજય સરકારે સ્વીકારેલ ન હોય હાલ જે પગારધોરણ છે તેને ધ્યાને લઈ ઈ.સી.માં માન્ય કરેલ ભરતીના નિયમોને માન્ય રાખી તે મુજબ અગાઉ આપેલ જાહેરાતને રદ કરી યુનિવર્સિટી દ્વારા નવી જાહેરાત આપી મુખ્ય હિસાબી અધિકારીની જગ્યા ભરવા માટેનો સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો.

૫૬.૦૮ કરાર આધારિત ભરતી પ્રક્રિયા અંગે.

ઠરાવઃ યુનિવર્સિટીના કાર્યભારણને ધ્યાનમાં રાખી સ્વનિર્ભર ધોરણે ૩ કલાર્ક, ગૃહપતિ–૧, ગૃહમાતા–૨, વ્યાખ્યાતા યોગ–૧ની આપવામાં આવેલ જાહેરાત માન્ય રાખી માન્ય ઉમેદવારોની નિયત પસંદગી પ્રક્રિયા કરવા તથા પસંદગી પામેલ ઉમેદવારોને નિમણૂંક કરી સેવા મેળવવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવી તેમજ તે અંગેની કરેલ કામગીરીથી અવગત આગામી ઈ.સી.ની બેઠકમાં કરવાનું ઠરાવવામાં આવ્યું.

૫૬.૦૯ આઉટસોર્સિંગથી સેવા બાબત.

ઠરાવઃ યુનિવર્સિટી દ્વારા ટેન્ડરીંગ કરી આઉટસોર્સિંગથી સેવા મેળવવામાં આવે છે પરંતુ સેવા પૂરી પાડતી એજન્સીની મુદત પૂર્ણ થતાં અને લોકસભા ચૂંટણીની આચારસંહિતાને કારણે નવી પાર્ટીને કામગીરી સોંપવા અંગેનો આદેશ ન કરી શકતા વચગાળામાં યુનિવર્સિટીએ સીધી જ રોજમદાર તરીકે સેવા મેળવેલ તેને બહાલી આપવામાં આવી તેમજ હાલ ઈ ટેન્ડરથી જે L1 પાર્ટીને કામગીરી સોંપવામાં આવેલ છે તેને પણ બહાલી આપવામાં આવી તેમજ આઉટસોર્સિંગ સેવા સબબની સરકારમાંથી મળતી ગ્રાન્ટમાં બચત રહેતી હોય તો યુનિવર્સિટીના કાર્યના ભારણને ધ્યાને લઈ નિયત થયેલ પાર્ટી પાસેથી વધુ ૨ માળી, ૩ પ્યુન અને પરિસરની સારસંભાળ રાખવા માટે ૧ વ્યકિત એમ કુલ–૬ કર્મચારીની સેવા વધારવા ઠરાવવામાં આવ્યું તેમજ ગ્રાન્ટને ધ્યાને લઈ આઉટસોર્સિંગથી વર્ગ–૩ની જરૂરિયાત મુજબ સેવા લેવાનું નકકી કરવામાં આવ્યું. આ અંગે જરૂરી નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સર્વાનુમતે આપવામાં આવી.

૫૬.૧૦ યુનિવર્સિટીના રેગ્યુલેશન બનાવવા અંગે.

ઠરાવઃ યુનિવર્સિટીના રેગ્યુલેશન બનાવવા જરૂરી હોય શ્રી આર.એમ.મહેતાની દરખાસ્તને ધ્યાને લઈ યુનિવર્સિટી રેગ્યુલેશન બનાવવા અંગેનો સૈધાંતિક નિર્ણય લેવામાં આવ્યો. સદર બાબત નાણાકીય હોઈ આગામી નાણા સમિતિમાં મંજૂરી મેળવી એકઝીકયુટીવ કાઉન્સિલમાં બાબત મૂકવી તેમ નકકી કરવામાં આવ્યું.

૫૬.૧૧ ઈ–ટેન્ડર પ્રક્રિયાની બહાલી અંગે.

ઠરાવઃ યુનિવર્સિટી દ્વારા ભોજન, હોસ્ટેલ ભોજન, આઉટ સોર્સિંગ, ઈ–ટેન્ડરીંગ કરવામાં આવેલ તે નિયમાનુસાર ઓપન કરવામાં આવેલ. જે પ્રક્રિયાને બહાલી આપવામાં આવી અને L1 પાર્ટી પાસેથી સેવા મેળવવાનું ઠરાવવામાં આવ્યું.

૫૬.૧૨ ઝેરોક્ષ મશીનના એ.એમ.સી. અંગે.

ઠરાવઃ યુનિવર્સિટી ખાતેના રેગ્યુલર સેવા મેળવવામાં આવતાં ૩ ઝેરોક્ષ મશીનની સર્વિસ માટેના એ.એમ.સી. કરવામાં આવેલ છે તેને બહાલી આપવામાં આવી.

૫૬.૧૩ આગામી સમયમાં મુદત પૂર્ણ થતાં ટેન્ડરો બહાર પાડવાની મંજૂરી અંગે.

ઠરાવઃ યુનિવર્સિટી દ્વારા વર્ષ દરમિયાન વિવિધ સેવાઓ મેળવવાની થાય છે તેના ટેન્ડરો બહાર પાડી પાર્ટી/એજન્સી ૧ વર્ષ માટે નિયત કરે છે. જે બાબતે યુનિવર્સિટી દ્વારા જરૂરી સેવાઓ મેળવવા ટેન્ડર બહાર પાડી L1 પાર્ટી પાસેથી સેવા મેળવવાનું ઠરાવવામાં આવ્યું.

૫૬.૧૪ સરકારમાંથી નાણાંકીય વર્ષ:૨૦૧૯–૨૦ માટે ફાળવેલ ગ્રાંટની જાણ કરવા માટે.

ઠરાવ: રાજ્ય સરકારશ્રી દ્વારા ચાલું વર્ષ યુનિવર્સિટી નિભાવ ગ્રાંટ રૂા.૭,૩૮,૧૭,૦૦૦/– મંજૂર કરેલ છે તેમજ રીનોવેશન, નવીનીકરણ માટે રૂા.૧,૪૦,૪૦,૦૦૦/– અને નવા ગ્રંથાલય અને ગેસ્ટ હાઉસ માટે રૂા.૧૩,૭૮,૧૪,૦૦૦/– ની સૈધાંતિક મંજૂરી તેમજ રૂા.૪,૨૦,૦૦,૦૦૦/– ની ગ્રાંટ મળેલ છે તેની જાણ કરવામાં આવી.

૫૬.૧૫ યુનિવર્સિટીમાં ખાલી પડેલ જગ્યાઓની ભરતી પ્રક્રિયા અંગે.

ઠરાવ: યુનિવર્સિટીમાં મુખ્ય હિસાબી અધિકારી, ઈજનેર, સ્ટેનોગ્રાફર અને શૈક્ષણિક પદોની જગ્યાઓ જે ખાલી છે તેની સરકારમાંથી જરૂરી મંજૂરી મળ્યેથી ભરવા માટેની કાર્યવાહી કરવા માટે ઠરાવવામાં આવ્યું.

૫૬.૧૬ નગરપાલિકામાં પાણીની માંગણી કરવા અંગે.

ઠરાવ: યુનિવર્સિટીમાં તમામ જગ્યાએ અને ખાસ કરીને હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને મીઠું પાણી મળે તે માટે નગરપાલિકામાં નવા નળ કનેકશનની માંગણી કરવી અને કનેકશન મળે તો તે અંગે જરૂરી કામગીરી કરાવવા થનાર ખર્ચને મંજૂરી આપવામાં આવી.

૫૬.૧૭ નાણાંસમિતિનાં સભ્ય અંગે

ઠરાવ: તા.૦૭–૦૧–૧૯ની એકઝીકયુટીવ કાઉન્સિલની શ્રી બ્રિજેશ મહેતાને નાણાં સમિતિમાં નોમિનેટ કરવામાં આવ્યા હતા પરંતુ સરકારમાંથી તેની મંજૂરી ન મળતા તેઓની જગ્યાએ અન્ય નામ નકકી કરવાનું થાય છે. ચર્ચાને અંતે નાણાં સમિતિમાં સભ્ય તરીકે શ્રી ડી.જે.શેઠ, મુખ્ય હિસાબી અધિકારીશ્રી, મહારાજા કૃષ્ણકુમારસિંહજી, ભાવનગર યુનિવર્સિટીને સર્વાનુમતે મનોનિત કરવામાં આવ્યાં. જેઓની સમિતિના સભ્ય તરીકેની મુદત સમિતિના અન્ય સભ્યશ્રીઓનાં જાહેરનામામાં દર્શાવેલ તારીખ રહેશે.

૫૬.૧૮ કર્મચારી સન્માનના નિયત થયેલ માપદંડોની બહાલી અંગે.

ઠરાવ: ઈ.સી.માં લેવાયેલ નિર્ણય મુજબ યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિટીના કર્મચારીઓમાંથી વર્ષમાં એક વાર સન્માન કરવા અંગે માન.કુલપતિશ્રી દ્વારા કમિટિ બનાવવામાં આવેલી. જે કમિટિના રીપોર્ટ/ ભલામણને સર્વાનુમતે માન્ય રાખવામાં આવી તેમજ ચાલુ વર્ષથી તે મુજબ પસંદગી કરી યુનિવર્સિટીના કર્મચારીઓને ગરીમાપૂર્ણ કાર્યક્રમમાં સન્માનિત કરવાનું ઠરાવવામાં આવ્યું.

૫૬.૧૯ નાયબ કુલસચિવશ્રીની અત્રેની યુનિવર્સિટીમાં કુલસચિવની અરજી માટે લીઅન મંજુર કરવા અંગે.

ઠરાવ: નાયબ કુલસચિવશ્રીને શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાં કુલસચિવની જગ્યા માટે લીયન માંગી અરજી કરેલ છે તેને માન્ય રાખી તેમજ માન. કુલપતિશ્રીને કરેલ કાર્યવાહીને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી.

૫૬.૨૦ પરીક્ષા નિયામકશ્રીની ડેપ્યુટેશનમાં અરજી કરવા અંગે.

ઠરાવ: પરીક્ષા નિયામકશ્રીને નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઓપન સ્કુલીંગ, દિલ્હી ખાતે ડેપ્યુટી ડાયરેકટરની જગ્યા પર ડેપ્યુટેશનથી જવા અરજી કરેલ જેમાં માન. કુલપતિશ્રીએ આપેલ એક વર્ષની મંજૂરીને બહાલી આપવામાં આવી.

૫૬.૨૧ મહાનુભાવોના સૂચનો :–

૫૬.૨૧.૧ યુનિવર્સિટીના એકઝીકયુટીવ કાઉન્સિલના સિનિયર સભ્ય અને ગુજરાત પ્રદેશ સંસ્કૃત ભારતીના અધ્યક્ષશ્રી ડો.કૃષ્ણપ્રસાદ નિરૌલાજી દ્વારા યુનિવર્સિટીમાં સંસ્કૃત સંવર્ધન અને શિક્ષણ પ્રશિક્ષણ કેન્દ્રની શરૂઆત કરવામાં આવે તે પ્રકારની લેખિતમાં રજૂઆત આપવામાં આવી હતી. જે મળેલ રજૂઆત બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી અને આવશ્યકતાને ધ્યાનમાં લઈ સ્વીકૃતિ આપવામાં આવી તેમજ જે કેન્દ્ર શરૂ કરવાનું થાય છે તે માટેનો પ્રોજેકટ અહેવાલ બનાવવા માટે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં એક કમિટિનું ગઠન કરવામાં આવ્યું. જેમાં નીચે મુજબના મહાનુભાવોની કમિટિ બનાવવામાં આવી.

(૧) માનનીય કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી

(૨) શ્રી ચાંદકીરણ સલુજાજી – સભ્યશ્રી

(૩) ડો. દિપેશભાઈ કતિરાજી– સભ્યશ્રી

(૪) ડો. લલિતભાઈ પટેલ – સભ્યશ્રી

(૫) ડો. મિહિર ઉપાધ્યાય– સભ્યશ્રી

(૬) શ્રી ભાવિનભાઈ પાઠક – સભ્યશ્રી

(૭) શ્રી માધવ કેલકરજી – સભ્યશ્રી

જે કમિટિ સંસ્કૃત સંવર્ધન અને શિક્ષણ–પ્રશિક્ષણ કેન્દ્રની તબકકાવાર કામગીરી, રોડમેપ, વાર્ષિક બજેટ તેમજ આનુસાંગિક બાબતોનો અહેવાલ તૈયાર કરી યુનિવર્સિટીને જમા કરાવશે. જે અહેવાલને યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલમાં બહાલી મેળવી એકઝીકયુટીવ કાઉન્સિલમાં મંજૂરી અર્થે મૂકવાનું ઠરાવવામાં આવ્યું ત્યારબાદ સરકારમાં આ અંગે યુનિવર્સિટી તરફથી દરખાસ્ત કરવાનું નકકી કરવામાં આવ્યું.

૫૬.૨૧.૨ કુલસચિવ દ્વારા યુનિવર્સિટી કર્મચારીઓની ડુપ્લીકેટ સર્વિસબુક બનાવવા અંગે પ્રસ્તાવ મૂકવામાં આવ્યો જે અંગે ચર્ચા કરવામાં આવી જેમાં ઓરીજનલ સર્વિસબુક જાળવવાની અને અપડેટ કરવાની કામગીરી યુનિવર્સિટી કરી રહી છે તેથી ડુપ્લીકેટની આવશ્યકતા જણાતી નથી. આમ છતાં અન્ય યુનિવર્સિટીમાં ડુપ્લીકેટ સર્વિસ બુક બનાવવા અંગે નિર્ણય થયેલ હોય તો તેની વિગતો સાથે પુનઃ એકઝીકયુટીવ કાઉન્સિલમાં બાબત મૂકી નિર્ણય કરવાનું ઠરાવવામાં આવ્યું.

૫૬.૨૧.૩ શૈક્ષણિક કર્મચારીઓની ઈ.એલ. અને ડી.એલ. બાબત

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના શૈક્ષણિક કર્મચારીઓની ઈ.એલ. અને ડી.એલ. બાબતે એકઝીકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રી ડો.દિપેશભાઈ કતિરાએ બાબત મૂકતાં નિર્ણય કરવામાં આવ્યો કે રાજય સરકાર હસ્તકની અન્ય યુનિવર્સિટીઓમાં શૈક્ષણિક કર્મચારીઓની રજા બાબતે વિગતો મેળવવી અને મળ્યા બાદ નીચે મુજબની કમિટિ યુનિવર્સિટીના શૈક્ષણિક કર્મચારીઓની રજા માટેની ભલામણ કરશે. જે આગામી એકેડેમિક કાઉન્સિલ/એકઝીકયુટીવ કાઉન્સિલમાં મંજૂરી અર્થે મૂકવું તેમ નકકી કરવામાં આવ્યું.

કમિટિ

| | | |
|---|---|---|
| (૧) | પ્રો.મયુરીબેન ભાટીયા | એકઝીકયુટીવ કાઉન્સિલ સભ્ય |
| (૨) | ડો. દિપેશભાઈ કતિરા | એકઝીકયુટીવ કાઉન્સિલ સભ્ય |
| (૩) | ડો.ભાવપ્રકાશ ગાંધી | એકેડેમિક કાઉન્સિલ સભ્ય |
| (૪) | ડો. યોગેશભાઈ ત્રિવેદી | એકેડેમિક કાઉન્સિલ સભ્ય |
| (૫) | રજીસ્ટ્રાર | શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ |

ઉપરોકત કમિટિ અન્ય યુનિવર્સિટીના રજાના નિયમોનો અભ્યાસ કરી ભલામણ કરશે.

૫૬.૨૧.૪ ઈજનેરશ્રીના રાજીનામા અંગેની જાણ કરવા અંગે

યુનિવર્સિટી ઈજનેરશ્રી મનીષકુમાર પોપટ દ્વારા તા.૦૪-૦૪-૨૦૧૯ ના રોજ સ્વેચ્છાએ રાજીનામું આપેલ છે. માનનીય કુલપતિશ્રી દ્વારા તેને મંજૂર કરવામાં આવેલ છે તેમજ તેઓને ૧ માસની નોટીસ-પે માંથી મુકિત આપી છુટા કરેલ છે તેને બહાલી આપવામાં આવી તેમજ સદર જગ્યાની કામગીરીના ભારણને ધ્યાને લઈ સરકારની પુનઃ ભરવાની મંજૂરી મળ્યેથી ત્વરિત ભરવા માટે નિર્ણય કરવામાં આવ્યો.

૫૬.૨૧.૫ યુનિવર્સિટીના પ્રકાશનોનું વેચાણ વધારવા માટે તેનો પ્રચાર પ્રસાર કરવો જરૂરી છે તેમ ડો.લલિતભાઈ પટેલે રજૂઆત કરી જે અંગે ચર્ચા કરવામાં આવી તેમજ નિર્ણય કરવામાં આવ્યો કે, યુનિવર્સિટી પ્રકાશનની વિગતો યુનિવર્સિટીની વેબસાઈટ પર બ્રીફ નોટ સાથે મૂકવી તેમજ કલરમાં તેની બુકલેટ બનાવી કાર્યક્રમો/સમારંભોમાં તેનું વિવરણ કરવું તેમ નકકી કરવામાં આવ્યું.

૫૬.૨૨.૧ બોયઝ હોસ્ટેલમાં સીસીટીવી કેમેરા બાબત.

યુનિવર્સિટી બોયઝ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓ વચ્ચે અણબનાવ, ઝગડા, ચોરી અને અન્ય પ્રશ્નો ઉભા થાય છે ત્યારે તેમજ ભોજન અને વિદ્યાર્થીની સમયસર હોસ્ટેલમાં હાજરી પર નિયંત્રણ રાખવા માટે સીસીટીવી કેમેરા રાખવા અંગે માન.કુલપતિશ્રીએ સૂચન કરેલ છે જે સર્વે મહાનુભાવોએ માન્ય રાખી સર્વાનુમતે હોસ્ટેલમાં સીસીટીવી કેમેરા મૂકવા નિર્ણય લેવામાં આવ્યો તેમજ તે બાબતે થનાર ખર્ચની મંજૂરી આપવામાં આવી.

૫૬.૨૨.૨ કરાર ભરતીના ઈન્ટરવ્યું તથા પરીક્ષા અંગે.

યુનિવર્સિટીના સ્વભંડોળમાંથી કરાર આધારિત જગ્યાઓ માટે અગાઉના નિયમો મુજબ આગામી દિવસોમાં ઈન્ટરવ્યું કરી/પરીક્ષા લઈ પસંદગી પામેલ ઉમેદવારોને નિમણૂંકો આપવા માટે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી તેમજ કરેલ કામગીરીનો રીપોર્ટ અગાઉની ઈ.સી.માં જાણ અર્થે મૂકવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૫૬.૨૨.૩ યુનિવર્સિટીની હોસ્ટેલમાં ભોજન બીલ તથા પેનલ્ટી બાબતે માન.કુલપતિશ્રી દ્વારા કમિટિની રચના કરવામાં આવી હતી. જે કમિટિની તા.૨૯–૦૫–૨૦૧૯ ના રોજ મળેલ બેઠકમાં લેવાયેલ નિર્ણયને અને કાર્યનોંધને બહાલી આપવામાં આવી.

૫૬.૨૨.૪ યુનિવર્સિટી દ્વારા સ્વનિર્ભર ધોરણે જોડાણ આપવામાં આવે છે તેની લેવામાં આવતી એફીલેશન ફી પર કેન્દ્ર સરકારના સંબંધિત વિભાગમાંથી સર્વિસટેક્ષ રૂા.૧૮,૬૮,૩૬૫/– ભરવાના પત્ર આવેલ છે તે અંગે ચર્ચા કરવામાં આવી જેમાં માનનીય કુલપતિશ્રીને જરૂરી કાર્યવાહી કરવાની સત્તા આપવામાં આવી.

૫૬.૨૨.૫ યુનિવર્સિટી સંશોધન અધિકારીની નોન વેકેશનલ શૈક્ષણિક જગ્યા હોઈ તેઓની કામગીરી માટે માનનીય કુલપતિશ્રી દ્વારા કમિટિની રચના કરવામાં આવેલ. જે કમિટિની તા.૦૭–૦૬–૨૦૧૯ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે બેઠક થયેલ. જેમાં જે ભલામણો કરવામાં આવી તેને સર્વાનુમતે માન્ય રાખવામાં આવી તેમજ તે મુજબનો કાર્યાલય આદેશ બહાર પાડી સંશોધન અધિકારીને તથા અનુસ્નાતક

વિભાગના અધ્યક્ષને જાણ કરી તે મુજબની સંશોધન અધિકારી પાસેથી સેવા મેળવવાનું ઠરાવવામાં આવ્યું.

૫૬.૨૨.૬ યુનિવર્સિટી ખાતે મલ્ટીમીડીયા રૂમ બનાવવા બાબતે

માનનીય કુલપતિશ્રી દ્વારા પ્રસ્તાવ મૂકવામાં આવતા સર્વાનુમતે માન્ય રાખવામાં આવ્યો તેમજ તે બાબતને થનાર ખર્ચની વિગતો આગામી નાણા સમિતિમાં મૂકી આગામી ઈ.સી.માં મૂકવા નિર્ણય થયો.

૫૬.૨૨.૭ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી ભાષાના પ્રશિક્ષણ આપવા અંગે

યુનિવર્સિટી ખાતે પ્રવેશ મેળવનાર તમામ વિદ્યાર્થી અંગ્રેજીમાં નબળા ન રહે તે માટે યુનિવર્સિટી તરફથી એક મહિનો તેઓને દરરોજ ૧ કલાક અંગ્રેજીનું પ્રશિક્ષણ આપવું જોઈએ તેમ માનનીય કુલપતિશ્રીએ બાબત મુકતા સૌ મહાનુભાવોએ તેને અનુમોદન આપી ચાલુ વર્ષથી તેનો અમલ કરવાનું ઠરાવવામાં આવ્યું.

૫૬.૨૨.૮ યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલયોમાં પ્રવેશોત્સવ કરાવી યુનિવર્સિટીના અધિકારીશ્રી, ડીનશ્રી, એકઝીકયુટીવ કાઉન્સિલ/ એકેડેમિક કાઉન્સિલના મહાનુભાવો તમામ મહાવિદ્યાલયો/કોલેજોની મુલાકાત લે તેમ નકકી કરવામાં આવ્યું.

કા.કુલસચિવશ્રીએ બેઠકને અંતે સૌ મહાનુભાવોનો આભાર માન્યો હતો.

REGISTRAR ( I/c)
Shree Somnath Sanskrit University
Veraval

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
# એકઝીકયુટીવ કાઉન્સિલની સંયુકત બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકઝીકયુટીવ કાઉન્સિલની બેઠક તા.૧૫ જુલાઈ, ૨૦૧૯ના રોજ બપોરે ૧૫:૦૦ કલાકે શ્રી વરતંતુ સંસ્કૃત મહાવિદ્યાલય, સોલા, અમદાવાદ ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબના મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન. કુલપતિશ્રી

(૨) પ્રો. મયુરીબેન ભાટીયા

(૩) ડો. લલીતભાઈ પટેલ

(૪) ડો. વાચસ્પતિ મિશ્રા

(૫) પ્રિ. અર્જુનકુમાર શામલ

(૬) ડો.દશરથ જાદવ, કા.કુલસચિવ

(૭) શ્રી એ.જે.રાઠવા, મુખ્ય હિસાબી અધિકારી

સૌ પ્રથમ માનનીય કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. માન.કુલપતિશ્રીની સૂચના અન્વયે કા.કુલસચિવ દ્વારા એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી હતી તેમજ ચર્ચા–વિચારણાને અંતે સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

૫૮.૦૧ બાંધકામ સબબની PMC ની રીન્યુઅલ બાબત.

ઠરાવ : યુનિવર્સિટીમાં હાલ બેંચમાર્ક કન્સલટન્સ કંપની, અમદાવાદ PMC તરીકે કામગીરી કરી રહી છે. જેની મુદત ૨૪/૦૭/૨૦૧૯નાં રોજ પૂર્ણ થઈ રહી છે. ત્યારે તેમને સોંપેલ કામગીરી, સરકારશ્રી દ્વારા મંજૂર થયેલ નવા કામો, PMC નિયત કરવા માટે કરવી પડેલ બે વખતની પ્રક્રિયા તેમજ યુનિવર્સિટીની ભૌતિક સુવિધાની આવશ્કયતા વગેરે બાબતોને ધ્યાને લઈ તેમજ સરકારશ્રી દ્વારા મળેલ ગ્રાંટનો સમયસર ઉપયોગ અને યુનિવર્સિટીને સમયસર સુવિધા મળે તે હેતુથી બેંચમાર્ક કન્સલટન્સ કંપની, અમદાવાદની સાથે વધુ એક વર્ષ માટે ચાલુ કરારની શરતો અને કન્સલટન્સ ચાર્જ મુજબ કરાર કરવાનું નકકી કરવામાં આવ્યું. સરકારમાંથી મંજૂર થયેલ કામો અને યુનિવર્સિટી દ્વારા કરાવવાની થતી કામગીરીમાં જયાં PMC ની આવશ્યકતા છે તે કામગીરીની સેવા તેમની પાસેથી લેવાનું નકકી કરવામાં આવ્યું. તેમજ જે પ્રોજેકટ બેંચમાર્ક કંપની, અમદાવાદને સોંપવામાં આવે તે કામગીરી સંપૂર્ણ પુરી ન થાય ત્યાં સુધી પ્રોજેકટનાં ભાગ રૂપે તેમની પાસેથી સેવા લેવાનું નકકી કરવામાં આવ્યું.

૫૮.૦૨ યુનિવર્સિટી હોસ્ટેલમાં પીએચ.ડી./એમ.ફિલ.નાં છાત્રોને નિવાસ/ભોજન અંગે.

ઠરાવ : યુનિવર્સિટી હોસ્ટેલમાં પીએચ.ડી./એમ.ફિલ.નાં છાત્રોને નિવાસ/ભોજન અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી જેમાં યુનિવર્સિટીમાં હોસ્ટેલમાં છાત્રોને રાખવાની ક્ષમતા ચાલુ વર્ષમાં થયેલ પ્રવેશ સંખ્યામાં વધારાને ધ્યાને લઈ તેમજ આગામી સમયનો વિચાર કરીને સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો કે નિવાસ/ભોજન બાબતે શાસ્ત્રી, આચાર્યનાં વિદ્યાર્થીઓને પ્રાધાન્ય આપવું તેમજ હોસ્ટેલમાં ખાલી જગ્યાને ધ્યાને લઈ એમ.ફિલ.નાં વિદ્યાર્થીઓને નિવાસની વ્યવસ્થા આપવી. ચાલુ વર્ષે

અગાઉથી એમ.ફિલ.કક્ષાનાં વિદ્યાર્થીઓને ભોજન નિશુલ્ક આપવામાં આવશે તેવી જાહેરાત થયેલ હોવાથી માત્ર ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ પુરતું એમ.ફિલ.નાં વિદ્યાર્થીઓને ભોજન નિઃશુલ્ક આપવાનું નકકી કરવામાં આવ્યું. જયારે ૨૦૨૦–૨૧ થી એમ.ફિલ.નાં વિદ્યાર્થીઓએ ભોજન સ્વખર્ચે કરવાનું રહેશે તેમ નકકી થયું. તેમજ પીએચ.ડી.નાં વિદ્યાર્થીઓને હાલની સ્થિતિને ધ્યાને લઈ હોસ્ટેલમાં પ્રવેશ ન આપવો તેમ નકકી થયું. વધુમાં નિર્ણય કરવામાં આવ્યો કે વિદ્યાર્થીની સંખ્યા વધી રહી છે ત્યારે તમામને હોસ્ટેલમાં પ્રવેશ આપી શકાય તે માટે સરકારશ્રીમાં હયાત હોસ્ટેલ પર એક માળ બનાવવા માટે ગ્રાન્ટ માંગવા માટેની દરખાસ્ત કરવી તેમ ઠરાવવામાં આવ્યું.

૫૮.૦૩ મહાનુભાવોનાં સૂચનો :–

૫૮.૦૩.૧ ૧૧ માસનાં કરારના ધોરણે જે જગ્યાઓ ભરેલી છે તેવી જગ્યાઓને કાયમી કરવા માટે દરખાસ્ત કરવા અંગેનું સુચન તા.૦૩/૦૭/૨૦૧૯નાં રોજની ૫૭મી ઈ.સી.ની ૫૭.૦૫–૧ની નોંધમાં લખાયેલ હતું જેમાં સુધારો કરવા બાબત.

ઠરાવ : તા.૦૩/૦૭/૨૦૧૯નાં રોજ ૫૭મી ઈ.સી.ની બેઠકમાં ૫૭.૦૫.૦૧થી કરવામાં આવેલ નિર્ણયને આ બેઠકમાં ચર્ચા વિચારણાને અંતે ગત બેઠકની કાર્યનોંધમાં જે ઠરાવાયેલ છે તેમાં સુધારો કરવાનું નકકી કરવામાં આવ્યું જે સુધારો નીચે મુજબનો રહેશે.

હાલ યુનિવર્સિટીમાં સ્વનિર્ભર ધોરણે જેટલી જગ્યાઓ ભરાયેલ છે તેટલી જગ્યાઓ યુનિવર્સિટીને ખરેખર જરૂરી હોઈ તેટલી માત્રામાં જગ્યાઓ માંગવા સરકારશ્રીમાં દરખાસ્ત કરવાનું નકકી કરવામાં આવેલ.

૫૮.૦૩.૦૨ શિક્ષણ સંકાય માટે સેમીનાર/વર્કશોપનાં આયોજન અંગે.

ઠરાવ યુનિવર્સિટીનાં શિક્ષણ સંકાયમાં માત્ર એક સંલગ્ન સ્વનિર્ભર કોલેજ શ્રી ભાગવત વિદ્યાપીઠ બી.એડ્.કોલેજ ચાલે છે. જેમાં તેઓની કોલેજનાં આચાર્યશ્રી તરફથી સેમીનાર/વર્કશોપનું આયોજન કરવા તેમજ તે અંગેની ગ્રાન્ટ યુનિવર્સિટીમાંથી આપવામાં આવે તેવી રજૂઆત કરેલ છે. આ રજૂઆત પર ચર્ચા વિચારણા કરતા હાલ યુનિવર્સિટીનાં શિક્ષણ સંકાયનાં શૈક્ષણિક સ્ટાફની સંખ્યાને ધ્યાને લઈ વર્કશોપનું આયોજન શકય નથી પરંતુ જો યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર બી.એડ્.કોલેજ યુનિવર્સિટીની સાથે શૈક્ષણિક સ્ટાફ અને વિદ્યાર્થીઓનાં હીતમાં સંયુકત રીતે એક દિવસનાં સેમીનારનું આયોજન કરવા માંગતી હોય તો બંનેનાં સંયુકત ઉપક્રમે એક દિવસીય સેમીનારનું આયોજન કરી શકાય આ અંગે થનાર ખર્ચ બંને સંસ્થા સરખા ભાગે ભોગવે તેમ નકકી કરવામાં આવ્યું.

૫૮.૦૩–૩ ઈજનેરની ભરતી પ્રક્રિયાનાં આયોજન બાબત.

ઠરાવ : યુનિવર્સિટીમાં હાલ ખાડી પડેલ ઈજનેરની જગ્યા માટે આગામી સમયમાં યુનિવર્સિટી દ્વારા જાહેરાત આપી જગ્યા ભરતી કરવા માટેની પ્રક્રિયા હાથ ધરાનાર છે. આ માટે જો જાહેરાત અનુસંધાને યુનિવર્સિટીને મળેલ અરજીઓમાં ૧૦ થી વધુ ઉમેદવારોની અરજી માન્ય રહેશે તો લેખીત પરીક્ષાનું આયોજન કરવું તેમ નકકી કરવામાં આવ્યું. અને પરીક્ષાનાં મેરીટનાં ધોરણે ૧૦ ઉમેદવારોને ઈન્ટરવ્યુમાં બોલાવવામાં આવશે. ઈન્ટરવ્યુની પસંદગી પ્રક્રિયામાં લેખીત પરીક્ષાનાં ગુણને ધ્યાને

વેરાવળ

લેવામાં આવશે નહીં પરંતુ ઉમેદવારનું પર્ફોમન્સ ધ્યાનમાં લેવામાં આવશે તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.

૫૮.૦૩.૦૪ યુનિવર્સિટીની વેબસાઈટ અપગ્રેડ કરવા VPS લેવા તથા સીકયુરીટી માટે ફાયર વોલ ખરીદ કરવા અંગે.

ઠરાવ : યુનિવર્સિટીનાં કોમ્પ્યુટર પ્રોગ્રામર તરફથી મળેલ દરખાસ્ત અનુસંધાને યુનિવર્સિટીની હાલમાં કાર્યરત વેબ સાઈટ ત્રણ જી.બી.ની સ્પેસ ધરાવતી હોય અને આગામી સમયમાં NAAC ની કામગીરીને ધ્યાને લઈ સ્પેસની વધુ જરૂર હોય તેમજ અનઓથોરાઈઝ એકસેસ રોકવા માટે સીકયુરીટી માટે ફાયર વોલની જરૂરીયાત હોય આ બંને બાબતો અંગે ચર્ચા વિચારણાને અંતે નકકી કરવામાં આવ્યું કે આ બંને બાબતોની ખાસ જરૂરીયાત હોય અને કોમ્પ્યુટર પ્રોગ્રામરે આ બંને અંગે અંદાજિત ખર્ચ રૂા.૧,૦૦,૦૦૦/–એક લાખ થનાર છે તેમ જણાવેલ છે જે ધ્યાને લઈ આ બાબતને સર્વાનુમતે સ્વીકારી આ બંને વસ્તુઓ ખરીદ કરવાની મંજૂરી આપવામાં આવી તેમજ તે સબબ થનાર ખર્ચને બહાલ રાખવા ઠરાવવામાં આવ્યું.

૫૮.૦૩.૦૫ શૈક્ષણિક કર્મચારીઓ માટેની પસંદગીનાં નિયમો બાબત.

યુનિવર્સિટીમાં હાલ ખાલી પડેલ શૈક્ષણિક જગ્યાઓની જાહેરાત ટૂંક સમયમાં આપી જગ્યાઓ ભરવાની પ્રક્રિયા હાથ ધરાનાર છે. આ અંગે કમિટિનાં તમામ સભ્યશ્રીઓએ ચર્ચા વિચારણા કરી સર્વાનુમતે નીચે મુજબનાં ત્રણ નિર્ણયો કરવામાં આવ્યા.

(૧) શૈક્ષણિક પદોની ભરતી માટે યુ.જી.સી.ની વર્તમાન ગાઈડલાઈન પ્રમાણે જાહેરાત આપવી. તેમજ ભરતી પ્રક્રિયા યુ.જી.સી.ની ગાઈડ લાઈન પ્રમાણે કરવી તેમ ઠરાવવામાં આવ્યું.

(૨) યુનિવર્સિટીમાં ૧૨–બી મેળવવા માટે મંજૂર થયેલ જે પદો ભરવાના થાય છે. તેમાં અનુસ્નાતક વિભાગનાં વિવિધ વિભાગોમાં વિદ્યાર્થીની સંખ્યાને ધ્યાને લઈ જરૂરીયાત મુજબ શૈક્ષણિક પદ ફાળવવા તથા રોસ્ટર નકકી કરવા માટે માન.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી.

(૩) યુનિવર્સિટીમાં અધ્યયન, અધ્યાપનનું માધ્યમ સંસ્કૃત ભાષા છે. જેથી તમામ શૈક્ષણિક જગ્યાઓનાં ઈન્ટરવ્યુંમાં આવનાર તમામ ઉમેદવારો સંસ્કૃત ભાષામાં જ પોતાનું પ્રેઝન્ટેશન આપે અને સંસ્કૃત ભાષામાં જ ઈન્ટરવ્યું લેવું તેવો નિર્ણય સર્વાનુમતે કરવામાં આવ્યો. તેમજ આ અંગે માન.કુલપતિશ્રીને યોગ્ય નિર્ણય લેવાની સત્તા આપવામાં આવી.

બેઠકને અંતે કા.કુલસચિવશ્રી ધ્વારા સૌ મહાનુભાવોનો આભાર વ્યકત કર્યો હતો.

(ડો.દશરથ જાદવ)
કા.કુલસચિવ

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકઝીકયુટીવ કાઉન્સિલની ૫૯ મી બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકઝીકયુટીવ કાઉન્સિલની ૫૯ મી બેઠક તા.૨૬ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ બપોરે ૧૫:૦૦ કલાકે યુનિવર્સિટી ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબના મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન. કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
(૨) પ્રો. મયુરીબેન ભાટીયા
(૩) ડો. દિપેશ કતિરા
(૪) ડો. કૃષ્ણપ્રસાદ નિરોલા (ગેરહાજર)
(૫) ડો. લલીતભાઈ પટેલ
(૬) ડો. વાચસ્પતિ મિશ્રા
(૭) પ્રિ. અર્જુનકુમાર શામલ (ગેરહાજર)
(૮) ડો. દશરથ જાદવ – સભ્યસચિવ
(૯) મુખ્ય હિસાબી અધિકારી – આમંત્રીત

સૌ પ્રથમ માનનીય કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. માન.કુલપતિશ્રીની સૂચના અન્વયે સભ્યસચિવ દ્વારા એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી હતી તેમજ ચર્ચા–વિચારણાને અંતે સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

**૫૯.૦૧** કરેલ કામગીરીનો અહેવાલ

**ઠરાવ :** યુનિવર્સિટી દ્વારા તા.૧૫/૦૭/૨૦૧૯ થી કરેલ કામગીરીથી મહાનુભાવોને અગવત કરવામાં આવ્યા ચર્ચાને અંતે કરેલ કામગીરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**૫૯.૦૨** તા.૦૭/૦૮/૨૦૧૯ ની ખરીદ સમિતિની બેઠકની કાર્યનોંધને બહાલી અંગે.

**ઠરાવ :** યુનિવર્સિટી દ્વારા તા.૦૭/૦૮/૨૦૧૯ થી મળેલ ખરીદ સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણયોને બહાલી આપવામાં આવી.

**૫૯.૦૩** તા.૦૯/૦૮/૨૦૧૯ ની એકેડેમિક કાઉન્સીલની બેઠકની કાર્યનોંધને બહાલી અંગે.

**ઠરાવ :** યુનિવર્સિટી દ્વારા તા.૦૯/૦૮/૨૦૧૯ થી મળેલ એકેડેમિક કાઉન્સીલની બેઠકમાં લેવાયેલ નિર્ણયોને બહાલી આપવામાં આવી.

**૫૯.૦૪** તા.૨૬/૦૮/૨૦૧૯ ની બાંધકામ સમિતિની બેઠકની કાર્યનોંધને બહાલી અંગે.

**ઠરાવ :** યુનિવર્સિટી દ્વારા તા.૨૬/૦૮/૨૦૧૯ થી મળેલ બાંધકામ સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણયોને બહાલી આપવામાં આવી. તેમજ બાંધકામ સબબની કામગીરીમાં જે પાર્ટીને કામગીરી સોંપવાની થતી હોય તેને સત્વરે કામગીરી સોંપવી ભુમીપુજનનો કાર્યક્રમ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

**૫૯.૦૫** કુલસચિવની જગ્યા પરની નિમણુંકની જાણ તેમજ હાજર થયાની જાણ અંગે.

**ઠરાવ :** સરકારશ્રીની મંજુરી અન્વયે કુલસચિવશ્રીની જગ્યા ભરવામાં આવી કુલસચિવ પદે ડો.દશરથ જાદવને નિયુકતી પત્ર આપી હાજર કરવામાં આવ્યા. જે અંગે કરેલ કામગીરીને બહાલી આપવામાં આવી.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

૫૯.૦૬ આઉટસોર્સીંગથી ઈજનેર તરીકે શ્રી એ.વી. આડેદરાની સેવા મેળવવાની જાણ તેમજ બહાલી અંગે.

ઠરાવ : યુનિવર્સિટીના ગત સત્તામંડળના નિર્ણય અનુસાર માન.કુલપતિશ્રી દ્વારા આઉટ સોર્સીંગથી ઈજનેરની સેવા લેવા માટે લેવાયેલ નિર્ણય તથા કરેલ કામગીરીને બહાલી આપવામાં આવી.

૫૯.૦૭ વહીવટી જગ્યાઓની આપેલ જાહેરાત અને કરેલ કામગીરીની બહાલી અંગે.

ઠરાવ : યુનિવર્સિટીની ખાલી પડેલ વહીવટી જગ્યાઓ માટે મુખ્ય હિસાબી અધિકારી, ઈજનેર તથા સ્ટેનોગ્રાફર(ગુજરાતી) ની પ્રસિધ્ધ થયેલ જાહેરાત અને કરેલ કામગીરીને બહાલી આપવામાં આવી.

૫૯.૦૮ શૈક્ષણિક જગ્યાઓ માટે બનાવેલ નિયમો તથા રોસ્ટરની બહાલી અંગે.

ઠરાવ : યુનિવર્સિટીની ખાલી પડેલ શૈક્ષણિક જગ્યાઓ માટે માન.કુલપતિશ્રી દ્વારા ગઠન કરેલ કમિટિએ બનાવેલ નિયમોને બહાલી આપવામાં આવી જેમાં આસી.પ્રોફેસર તથા એસો.પ્રોફેસરના બનાવેલ નિયમોની સુચનામાં ક્રમ નં.૭, તથા પ્રોફેસરના બનાવેલ નિયમોની સુચનામાં ક્રમ નં.૬, ની જરૂરીયાત ન જણાતાં જાહેરાત કે સુચનામાં તેનો ઉલ્લેખ ન કરવો તેમ નિર્ણય કરવામાં આવ્યો. તેમજ યુનિવર્સિટીના સાહિત્ય વિભાગમાં આસી.પ્રોફેસરની ભરતી સબબમાં કોર્ટ મેટર વાળી જગ્યાની પણ જાહેરાત આપવી, જાહેરાત તેમજ જે ઉમેદવાર આવી જગ્યા પર નિમણુંક પામે તેના નિમણુંક ઓડરમાં કોર્ટ મેટર સંબંધિત કોર્ટનો જે ચુકાદો આવે તે બંધનકર્તા રહેશે તે બાબતનો ઉલ્લેખ કરવાનો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો અને ૨૦૧૧માં મંજુર થયેલ વાસ્તુશાસ્ત્રની આસી.પ્રોફેસરની જગ્યા માટે યુનિવર્સિટીમાં વાસ્તુશાસ્ત્રનો વિષય ન હોઈ તે વિષયની જગ્યા યુનિવર્સિટીમાં ચાલતા અન્ય વિષયમાં તબદીલ કરવાની મંજુરી સરકારશ્રીમાંથી મેળવવાનો અને સરકારની મંજુરી મળ્યેથી તેની જાહેરાત આપી ભરતી પ્રક્રિયા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. ૨૦૦૭ માં મંજુર થયેલ જગ્યાઓ પૈકી ખાલી રહેલ ૧ આસી.પ્રોફેસરની જગ્યાના ફીકસ પગાર ધોરણની બાબત હાલ સરકારમાં પેન્ડીગ હોઈ સદર જગ્યાને હાલ પ્રવર્તમાન પાંચ વર્ષના ફીકસ પગારના રાજય સરકારના નિયમોનુસાર પગારધોરણ રાખી જાહેરાત આપી ભરતી પ્રક્રિયા કરવી તેમ નિર્ણય કરવામાં આવ્યો. તેમજ શૈક્ષણિક પદો માટે યુનિવર્સિટી કેમ્પસમાં તેમજ સમગ્ર યુનિવર્સિટીમાં વિદ્યાર્થીની પસંદગીના વિષયો અને સંસ્કૃત યુનિવર્સિટીને ધ્યાને લઈ વર્તમાન રોસ્ટરના નિયમોને ધ્યાને રાખી બનાવેલ રોસ્ટરને બહાલી આપવામાં આવી.

૫૯.૦૯ વહીવટી કર્મચારીઓના ઉચ્ચતર પગાર ધોરણ બાબતે.

ઠરાવ : વહીવટી કર્મચારીઓના ઉચ્ચતર પગારધોરણ બાબતે રાજય સરકારને આ બાબતે દરખાસ્ત કરવી તેમજ રાજય સરકારશ્રીની મંજુરી મળ્યેથી કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવો તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.

૫૯.૧૦ કર્મચારીઓની ડુપ્લીકેટ સર્વીસબુક બાબત.

ઠરાવ : યુનિવર્સિટીના જો કોઈ કર્મચારી ડુપ્લીકેટ સર્વીસબુક બનાવવા ઈચ્છતા હોય તે સ્વ ખર્ચે આવી સર્વીસબુક નિભાવી શકે છે. જે માટે કર્મચારીઓએ મહેકમ વિભાગમાંથી પોતાની સર્વિસબુક મેળવવા માટે લેખિતમાં અરજી આપી, સર્વીસબુક મેળવી, ઝેરોક્ષ નકલ કરાવી, ડુપ્લીકેટ સર્વીસબુક જાતે બનાવવાની રહેશે. ત્યાર બાદ દર વર્ષે ડિસેમ્બરના અંતમાં વર્ષ દરમિયાન નોંધાયેલ બાબતોની ઝેરોક્ષ નકલ મેળવી તેમાંથી પોતાની ડુપ્લીકેટ સર્વિસબુકમાં એન્ટ્રી કરવાની રહેશે.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી
વેરાવળ

૫૯.૧૧ મહાનુભાવોના સૂચનો.

૫૯.૧૧.૦૧ – યુનિવર્સિટી ચાલતા અભ્યાસક્રમના જોડાણ બાબતે સૂચન થતાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ કે, યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમોના જોડાણ બાબતે યુનવર્સિટી સાથે કોઈ સંસ્થા, કોઈપણ અભ્યાસક્રમ માટે જોડાણ મેળવવા ઈચ્છતી હોય તો તે સંસ્થા યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર રજીસ્ટ્રેશન કરાવી શકે તે માટે યુનિવર્સિટી વેબસાઈટ પર એક નિયત ફોર્મ ઓનલાઈન મુકવું.

૫૯.૧૨ અધ્યક્ષ સ્થાને રજૂ થાય તે...

૫૯.૧૨.૦૧ – યુનિવર્સિટીની વેદ–વેદાંગ ફેકલ્ટીના ડીન બાબતે માન.કુલપતિશ્રી દ્વારા બાબત રજુ કરતા સર્વાનુમતે માન.કુલપતિશ્રી દ્વારા એકટની અધિનિયમ 13(5)(a) જોગવાઈ અન્વયે લીધેલ નિર્ણયને તેમજ કરેલ કામગીરીને સૌ મહાનુભાવ દ્વારા બહાલી આપવામાં આવી તેમજ ડો.રમેશચંદ્ર શુકલ દ્વારા તા.૧૯/૦૮/૨૦૧૯ ના રોજ કુલસચિવને આપવામાં આવેલા પત્રમાં માન.કુલપતિશ્રી, કુલસચિવશ્રી અને પૂર્વ ડીનશ્રી(વેદ–વેદાંગ ફેકલ્ટી) પર જે આક્ષેપો કરવામાં આવેલ છે તે અંગેની ગંભીરતાને ધ્યાને લઈ માન.કુલપતિશ્રીએ મહાનુભાવો સાથે ચર્ચા કરી સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો કે આ અંગે એક સમિતીનું ગઠન કરી આ પત્ર તથા સમગ્ર ઘટનાની સત્યતા કેટલી છે ? તેની જરૂરી વિગતોની તપાસ કરી તેનો રીપોર્ટ માન.કુલપતિશ્રીને બંધ કવરમાં રજુ કરવા નિર્ણય કરવામાં આવ્યો. તેમજ આ રિપોર્ટને આગામી ઈ.સી.માં બાબત તરીકે રજુ કરવી તથા તપાસ સમિતિમાં ઈ.સી. સભ્ય તરીકે ડો.લલીતભાઈ પટેલ તથા એ.સી.ના સભ્ય તરીકે શ્રી જયશંકરભાઈ રાવલ રહેશે તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.

૫૯.૧૨.૦૨ – યુનિવર્સિટીમાં આગામી યુવક મહોત્સવ તા.૨૫,૨૬,૨૭ સપ્ટેમ્બર ૨૦૧૯ માં યોજાનાર છે. જે બાબત માન.કુલપતિશ્રી દ્વારા રજુ થતા સૌ મહાનુભાવો એ યુવક મહોત્સવ સંબંધિત કરવાની થતી કામગીરીને તથા થનાર તમામ ખર્ચને બહાલી આપવામાં આવી.

બેઠકને અંતે કા.કુલસચિવશ્રી ધ્વારા સૌ મહાનુભાવોનો આભાર વ્યકત કર્યો હતો.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

(ડૉ.દશરથ જાદવ)
કુલસચિવ

## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકઝીકયુટીવ કાઉન્સિલની બેઠકની કાર્યનોંધ (તા.૨૪–૧૦–૨૦૧૯)

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકઝીકયુટીવ કાઉન્સિલની બેઠક તા.૨૪/૧૦/૨૦૧૯ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબના મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન. કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી

(૨) પ્રો. મયુરીબેન ભાટીયા

(૩) ડો. દિપેશ કતિરા

(૪) ડો. લલીતભાઈ પટેલ

(૫) ડો. વાચસ્પતિ મિશ્રા

(૬) ડો. દશરથ જાદવ – કુલસચિવ

(૭) શ્રી એ.જે.રાઠવા– મુખ્ય હિસાબી અધિકારી–આમંત્રીત

સૌ પ્રથમ માનનીય કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું માન.કુલપતિશ્રીની સૂચના અન્વયે કુલસચિવ દ્વારા એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી તેમજ ચર્ચા–વિચારણાને અંતે સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

**૬૦.૦૧** તા.૨૬–૦૮–૨૦૧૯ થી કરેલ કામગીરીનો અહેવાલ

**ઠરાવ :** યુનિવર્સિટી દ્વારા તા.૨૬–૦૮–૨૦૧૯થી તા.૨૩–૧૦–૨૦૧૯ સુધી કરેલ કામગીરીનો મહાનુભાવોને લેખિતમાં અહેવાલ આપવામાં આવ્યો તેમજ ચર્ચા કરવામાં આવી અને કરેલ કામગીરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**૬૦.૦૨** તા.૧૮/૧૦/૨૦૧૯ ની એકેડેમિક કાઉન્સીલની બેઠકની કાર્યનોંધને બહાલી અંગે.

**ઠરાવઃ** તા.૧૮/૧૦/૨૦૧૯ ની ૩૨મી એકેડેમિક કાઉન્સીલની બેઠકની કાર્યનોંધમાં એજન્ડા નંબર ૩૨.૦૫માં લેવાયેલ નિર્ણય અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી અને વિચારણાને અંતે નિર્ણય કરવામાં આવ્યો કે આ અંગે અન્ય યુનિવર્સિટી તેમજ સંસ્થાઓનો અભિપ્રાય લઈ આગામી બેઠકમાં આ બાબતને રજૂ કરી નિર્ણય કરવો તેમ ઠરાવવામાં આવ્યુ તેમજ એકેડેમીક કાઉન્સિલની અન્ય બાબતોમાં લેવાયેલ નિર્ણયોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**૬૦.૦૩** તા.૨૨/૧૦/૨૦૧૯ ની નાણાં સમિતિની બેઠકની કાર્યનોંધને બહાલી અંગે.

**ઠરાવઃ** તા.૨૨/૧૦/૨૦૧૯ નાં રોજની નાણાં સમિતિની બેઠક મહાનુભાવોની ઉપસ્થિત ન રહી શકવાને કારણે રદ કરવામાં આવેલ હતી જેની સર્વ મહાનુભાવોને જાણ કરવામાં આવી.

**૬૦.૦૪** ગત ઈ.સી.ના ઠરાવ ક્રમાંક ૫૯.૧૨.૦૧ થી ડો.રમેશચંદ્ર શુકલની તપાસ સમિતિનો અહેવાલ બંધ કવરમાં રજુ કરવા અંગે.

ઠરાવઃ ગત ઈ.સી.ના ઠરાવ ક્રમાંક ૫૯.૧૨.૦૧ થી ડો.રમેશચંદ્ર શુકલની તપાસ સમિતિનો અહેવાલ રજૂ કરવામાં આવેલ અહેવાલની ગંભીરતાને ધ્યાને લઈ ડો.રમેશચંદ્ર શુકલને તપાસ સમિતિનો અહેવાલ આપવો અને તે અહેવાલ અંગે તેમનો કોઈ પક્ષ રાખવા માંગતા હોય તો જણાવે તેમજ તેઓએ કરેલા આક્ષેપો સામે તપાસ સમિતિનાં અહેવાલને ધ્યાને લઈ યુનિવર્સિટી દ્વારા શા માટે શિક્ષાત્મક પગલાં ન લેવા તેવો પત્ર આપવો. તેમજ કાયદાકીય માર્ગદર્શન મેળવી શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે સર્વાનુમતે માન.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી. ડો.રમેશચંદ્ર શુકલ દ્વારા તા.૨૦/૦૯/૨૦૧૯નાં રોજ ૩૪૦૨થી ઈનવર્ડ થયેલ પત્ર તપાસ સમિતિ સામે વાધા પત્ર આપેલ તેને માન્ય રાખવામાં આવેલ નહીં અને સત્તામંડળમાં લેવાયેલ નિર્ણય સામે પ્રશ્નો ન ઉઠાવે તે સબબનો પત્ર આપવો તેમ નકકી કરવામાં આવ્યું.

૬૦.૦૫ સ્ટેનોગ્રાફર (ગુજરાતી) ભરતી સબબનું બંધ કવર ખોલવા અંગે.

ઠરાવઃ સ્ટેનોગ્રાફર (ગુજરાતી) ભરતી સબબનું બંધ કવર ખોલવા અંગે ચર્ચા કરવામાં આવી કે સ્ટેનોગ્રાફરની ભરતી માટે પેપર નંબર –૨ શોર્ટ હેન્ડની ટેસ્ટ વિષય નિષ્ણાંત દ્વારા લેતા ઉપસ્થિત ઉમેદવારમાંથી કોઈ પણ ઉમેદવાર ઉર્ત્તિણ ન થતા માન.કુલપતિશ્રી દ્વારા કોઈપણ ઉમેદવારની પસંદગી કરેલ નથી તેની નોંધ લેવામાં આવી અને તે લેવાયેલ નિર્ણયને બહાલી આપવામાં આવી તેમજ ભરતીની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવા અંગે માન.કુલપતિશ્રી દ્વારા કમિટિની રચના કરી યુનિવર્સિટીની જરૂરીયાતને ધ્યાને લઈ નવી પરીક્ષા પદ્ધતિ બનાવી આગામી સમયમાં આ જગ્યાની ભરતી કરવા માટે જાહેરાત આપી પ્રક્રિયા કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૬૦.૦૬ મુખ્ય હિસાબી અધિકારી ભરતી સબબનું બંધ કવર ખોલવા અંગે.

ઠરાવઃ મુખ્ય હિસાબી અધિકારીનાં તા.૨૩/૧૦/૨૦૧૯નાં રોજ લેવાયેલ ઈન્ટરવ્યુંમાં પસંદગી સમિતિ દ્વારા પસંદગી પામેલ ઉમેદવારોનું બંધ કવર ખોલતા પસંદગી પામેલ તેમજ પ્રતિક્ષાયાદીમાં જેમનાં નામ મનોનીત થયેલ છે તે બંને નામોની યુનિવર્સિટીનાં એકટની જોગવાઈ અન્વયે રાજય સરકારશ્રીમાંથી મંજૂરી મળ્યેથી નિમણૂંક પ્રક્રિયા કરવી તેમ ઠરાવવામાં આવ્યું. જે માટે સમગ્ર પ્રકરણ મંજૂરી માટે સરકારશ્રીમાં મોકલી આપવું અને મંજૂરી મળ્યેથી નિયુકિત આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૬૦.૦૭ ઈજનેરની ભરતી સબબનું બંધ કવર ખોલવા અંગે.

ઠરાવ : ઈજનેરનાં તા.૨૩/૧૦/૨૦૧૯નાં રોજ લેવાયેલ ઈન્ટરવ્યુંમાં ત્રણ ઉમેદવારને બોલાવવામાં આવેલ હતા પરંતુ તેમાંથી માત્ર એક જ ઉમેદવાર ઉપસ્થિત રહેલ હતા જેઓનો ઈન્ટરવ્યું લેતા પસંદગી સમિતિ દ્વારા યોગ્ય ન લાગતા કોઈની પસંદગી કરવામાં આવેલ નથી તેમ માન.કુલપતિશ્રી દ્વારા જણાવવામાં આવ્યું જેને સૌ મહાનુભાવોએ બહાલી આપી તેમજ વિષય નિષ્ણાંતશ્રીઓએ આપેલ માર્ગદર્શન મુજબ માન.કુલપતિશ્રી દ્વારા ઈજનેર માટે હાલનાં વર્તમાન નિયમોમાં ૧૦ વર્ષનાં અનુભવ જે રાખેલ છે તેની જગ્યાએ પાંચ વર્ષનો અનુભવ રાખવો જોઈએ જેથી સારા ઉમેદવારો જગ્યા માટે અરજી કરી શકે અને પસંદગીની વધુ સારી તક મળે તેમ ચર્ચા થતાં સૌ મહાનુભાવોએ આ બાબતને માન્ય રાખી હવે પછી પાંચ વર્ષનાં અનુભવ સાથેની જાહેરાત આપી ભરતી પ્રક્રિયા કરવા ઠરાવવામાં આવ્યું.

૬૦.૦૮ નાયબ કુલસચિવની જગ્યા ભરવા માટે સરકારશ્રીમાં કરેલ પત્રની તેમજ આગળની કાર્યવાહી કરવા અંગે.

ઠરાવ : નાયબ કુલસચિવનાં પદ પર નિયુકત અધિકારી હાલ લીએન પર હોય તે જગ્યા આગામી ચાર વર્ષથી વધુ સમય માટે ખાલી રહેવાની છે ત્યારે તેમજ યુનિવર્સિટીનાં કામનાં ભારણને ધ્યાને લઈ તે જગ્યા પર અધિકારીની નિમણૂંક થવી જોઈએ તેમ ચર્ચા વિચારણા કરવામાં આવી ચર્ચાને અંતે નિર્ણય કરવામાં આવ્યો કે યુનિવર્સિટીનાં નાયબ કુલસચિવનાં ભરતીનાં નિયમો અનુસાર સાતમાં પગાર પંચ પે મેટ્રીકસ લેવલ–૧૧ મુજબ ફીકસ પગાર રૂા. ૬૭,૭૦૦/–થી ૧૨ માસ માટે તદ્દન હંગામી ધોરણે કરાર આધારિત ભરતી કરવા ઠરાવવામાં આવ્યું.

૬૦.૦૯ ૨૦૧૩ ના ઠરાવ અંતર્ગત ભરાયેલ જગ્યાઓને સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃપરચ/૧૦૨૦૧૯/૪૮૨૭૦૬/ઝ.૧ તા.૦૧/૧૦/૨૦૧૯ અંતર્ગત નિયત નમુનામાં કમિશ્નર કચેરીમાં દરખાસ્ત કરવા અંગે.

ઠરાવ : ૨૦૧૩ ના ઠરાવ અંતર્ગત ભરાયેલ જગ્યાઓને સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃપરચ/૧૦૨૦૧૯/૪૮૨૭૦૬/ઝ.૧ તા.૦૧/૧૦/૨૦૧૯ અંતર્ગત નિયત નમુનામાં કમિશ્નર કચેરીમાં દરખાસ્ત કરવા અંગે નિર્ણય કરવામાં આવ્યો.

૬૦.૧૦ યુનિવર્સિટી કેમ્પસ ખાતેની બોયઝ હોસ્ટેલમાં ઉપરના માળના બાંધકામ માટે કરવાની દરખાસ્ત કરવા અંગે.

ઠરાવ : યુનિવર્સિટી કેમ્પસ પર હાલના વિદ્યાર્થીની સંખ્યાને ધ્યાને લઈને તેમજ આગામી સમયની જરૂરીયાતને ધ્યાને લઈ હયાત હોસ્ટેલ પર એક માળનું બાંધકામ કરવા માટે રાજય સરકારને દરખાસ્ત કરવી તેમ ઠરાવવામાં આવ્યું. તેમજ સરકારમાં શૈક્ષણિક ભવન ઉપર પ્રથમ માળનું બાંધકામ કરવા માટેની ગ્રાંટ માંગણી કરેલ છે તેની નોંધ લેવામાં આવી.

૬૦.૧૧ ૨૦૧૯ માં આપેલ શૈક્ષણિક જગ્યાઓની જાહેરાત સંબંધિત ઈન્ટરવ્યુ કરવા બાબત.

ઠરાવ : તાજેતરમાં આપવામાં આવેલ જાહેરાત અનુસંધાને ચર્ચા કરવામાં આવી જેમાં રાજય સરકાર અને કેન્દ્ર સરકારનાં પ્રવર્તમાન નિયમો મુજબ ભરતી કરવા માટે માન.કુલપતિશ્રીને સત્તા સોંપવામાં આવી. તેમજ ભરતી પ્રક્રિયા પહેલા સરકારશ્રીનાં આદેશ અન્વયે યુનિવર્સિટીનાં રોસ્ટર રજીસ્ટર તા.૦૧/૧૦/૨૦૧૯ની સ્થિતિએ મંજૂર કરાવવું તેમજ આસી.પ્રોફેસરની ભરતી માટે ગુણાંકન પદ્ધતિ અંગે સરકારશ્રીનું માર્ગદર્શન/ગુજરાત રાજયની અન્ય યુનિવર્સિટીઓની ભરતી પ્રક્રિયાને ધ્યાને લેવી તેમ નકકી કરવામાં આવ્યું.

૬૦.૧૨ મહાનુભાવોના સૂચનો.

૬૦.૧૨.૦૧. યુનિવર્સિટીની વહીવટી પ્રક્રિયામાં કાયદાકીય માર્ગદર્શન મેળવવા માટે પેનલ પર એક લીગલ એડવાઈઝરની પેનલ બનાવવી જોઈએ તેમ સુચન થતાં ચર્ચા વિચારણાને અંતે નિર્ણય કરવામાં આવ્યો કે રોજબરોજનાં વહીવટી બાબતોમાં લીગલ ઓપીનીયન મેળવવા માટે એક લીગલ એડવાઈઝરની નિમણૂંક કરવા માટે માન.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી.

૬૦.૧૨.૦૨ કુલસચિવશ્રી દ્વારા યુનિવર્સિટીનાં વહીવટી કર્મચારીઓને સરકારશ્રી દ્વારા સાતમાં પગાર પંચમાં ટ્રાન્સપોર્ટ એલાઉન્સ આપવામાં આવેલ ન હોય તે અંગે જણાવતા સૌ મહાનુભાવોએ શૈક્ષણિક કર્મચારીઓને મળતું હોય તો વહીવટી કર્મચારીઓને મળવું જોઈએ તેવો મત વ્યકત કર્યો હતો અને જે અંગે યુનિવર્સિટી દ્વારા રાજય સરકારશ્રીને આ અંગે ધટતું કરવા માટે પત્ર લખવો તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું હતું.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

૬૦.૧૨.૦૩ કુલસચિવશ્રી દ્વારા રાજય સરકારશ્રીની સુચના મુજબ યુનિવર્સિટીનું બજેટ ૨૦૨૦–૨૧માટેનું વાર્ષિક બજેટ તેમજ નવી બાબતોની દરખાસ્ત સરકારશ્રીમાં મોકલી આપવામાં આવેલ છે તે અંગેની જાણ કરવામાં આવી.

૬૦.૧૨.૦૪ માન.કુલપતિશ્રીની સુચના અન્વયે શૈક્ષણિક ભરતી પ્રક્રિયામાં કોઈ વિક્ષેપ ન પડે તે માટે કોર્ટમાં કેવીએટ કરવામાં આવેલ છે તેની જાણ કરવામાં આવી તેમજ આ અંગે થનાર ખર્ચની મંજૂરી આપવામાં આવી.

૬૦.૧૩ અધ્યક્ષ સ્થાને રજૂ થાય તે...

૬૦.૧૩.૦૧ યુનિવર્સિટી ખાતે અગાઉ લેવાયેલ નિર્ણય મુજબ યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ તથા તમામ સ્ટાફને મેડીકલ સેવા મળી રહે તે માટે અઠવાડીયામાં બે વાર ડોકટરની સેવા મેળવવાનું નકકી કરવામાં આવેલ છે. તેમજ ડોકટરનો એક કલાકનો પુરસ્કાર રૂા.૧,૫૦૦/–(એક હજાર પાંચસો) નકકી કરેલ છે તે સર્વાનુમતે માન્ય રાખવામાં આવ્યો અને તે ઉપરાંત જરૂરી સુવિધા ઉભી કરવા માટે અંદાજિત એક લાખનો ખર્ચ થશે તેની મંજૂરી આપવામાં આવી.

૬૦.૧૩.૦૨ યુનિવર્સિટી દ્વારા વિશ્વ સંસ્કૃત સંમેલનમાં યુનિવર્સિટીએ સંસ્કૃત ભારતી દ્વારા તૈયાર થનાર સોવીનીયરમાં પ્રચાર–પ્રસાર હેતું જાહેરાત આપેલ છે તેમજ સ્થળ પર પ્રર્દશની કરવામાં આવનાર છે તે અંગે થનાર અંદાજિત ખર્ચ રૂા.૩,૦૦,૦૦૦/–(ત્રણ લાખ)ની મંજૂરી આપવામાં આવી.

કુલસચિવશ્રીએ બેઠકને અંતે સૌ મહાનુભાવોનો આભાર માન્યો હતો.

(ડો.દશરથ જાદવ)
કુલસચિવ

## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકઝીકયુટીવ કાઉન્સિલની ૬૧ મી બેઠકની કાર્યનોંધ

.....................................................................................................................

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકઝીકયુટીવ કાઉન્સિલની ૬૧ મી બેઠક તા.૦૯ ડીસેમ્બર, ૨૦૧૯ના રોજ બપોરે ૧૪:૩૦ કલાકે યુનિવર્સિટી ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબના મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

| | | | |
|---|---|---|---|
| (૧) | માન. કુલપતિશ્રી | – | અધ્યક્ષશ્રી |
| (૨) | ડો. દિપેશ કતિરા | – | સભ્ય |
| (૩) | ડો. કૃષ્ણપ્રસાદ નિરોલા | – | સભ્ય |
| (૪) | ડો. લલીતભાઈ પટેલ | – | સભ્ય |
| (૫) | પ્રિ. અર્જુનકુમાર શામલ | – | સભ્ય |
| (૬) | ડો. દશરથ જાદવ | – | કુલસચિવ, સભ્યસચિવ |

સૌ પ્રથમ માનનીય કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. માન.કુલપતિશ્રીની સૂચના અન્વયે સભ્યસચિવ દ્વારા એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી હતી તેમજ ચર્ચા–વિચારણાને અંતે સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

**૬૧.૦૧ કરેલ કામગીરીનો અહેવાલ (તા.૨૪/૧૦/૨૦૧૯)**

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા તા.૨૪/૧૦/૨૦૧૯ થી કરેલ કામગીરીથી મહાનુભાવોને અગવત કરવામાં આવ્યા ચર્ચાને અંતે કરેલ કામગીરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**૬૧.૦૨ તા.૦૬/૧૨/૨૦૧૯ ની નાણાં સમિતિની બેઠકની કાર્યનોંધને બહાલી અંગે.**

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા તા.૦૬/૧૨/૨૦૧૯ થી મળેલ નાણાં સમિતિની બેઠકમાં કરાયેલ ભલામણો અને લેવાયેલ નિર્ણયોને બહાલી આપવામાં આવી તથા નીચેની વિગતોએ ચર્ચા કરી નિર્ણય કરવામાં આવ્યો.

(૧) નાણાં સમિતિમાં ક્રમ નં.૧૨ થી લેવાયેલ નિર્ણય મુજબ યુનિવર્સિટીના વર્ષ : ૧૫–૧૬ નાં ઓડીટપારાને વંચાણે લેવામાં આવ્યા તથા જરૂરી પૂર્તતા કરી પુનઃ એકઝીકયુટીવ કાઉન્સીલની આગામી બેઠકમાં રજુ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

(૨) નાણાં સમિતિમાં ક્રમ નં.૧૫ માં ઓડીટરે જણાવ્યા પ્રમાણે જીટીઆર પત્રકો નિભાવવા જરૂરી હોઈ સદર કામગીરી માટે હિસાબી વિભાગની માંગણીને ધ્યાને લઈ વધુ –૧ (એક) કલાર્કની ફાળવણી હિસાબી વિભાગમાં કરવી તેમ નિર્ણય કરવામાં આવ્યો. કલાર્ક ૧૧ માસના કરાર આધારિત ફાળવવાનો નિર્ણય કરવામાં આવ્યો.

(૩) નાણા સમિતિમાં ક્રમ નં. ૦૫ માં લેવાયેલ નિર્ણયમાં સૂચિત સમિતિ (AC/EC/F.C./બાંધકામ સમિતિ)ના મહાનુભાવોને પુરસ્કાર આપવા અંગે



શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

યુનિવર્સિટી તેમજ યુનિવર્સિટી માન્ય પ્રાધ્યાપક સિવાયના મહાનુભાવોને પુરસ્કાર આપવાનું ઠરાવવામાં આવ્યું.

**૬૧.૦૩ તા.૦૪/૧૨/૨૦૧૯ ની બાંધકામ સમિતિની બેઠકની કાર્યનોંધને બહાલી અંગે.**

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા તા.૦૪/૧૨/૨૦૧૯ થી મળેલ બાંધકામ સમિતિની બેઠકમાં કરાયેલ ભલામણો અને લેવાયેલ નિર્ણયોને બહાલી આપવામાં આવી.

**૬૧.૦૪ સ્ટેનોગ્રાફર(ગુજરાતી)ભરતીના સમિતિ દ્વારા બનાવેલ નિયમોને બહાલી આપવા અંગે.**

ઠરાવ : માનનીય કુલપતિશ્રી ધ્વારા ગઠિત સમિતિ દ્વારા બનાવેલ સ્ટેનોગ્રાફર(ગુજરાતી)ના નિયમોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી તેમજ યુનિવર્સિટી કક્ષાએ ગુણાંકનું ફોર્મેટ બનાવી ભરતી માટે જાહેરાત આપવાનો નિર્ણય કરવામાં આવ્યો.

**૬૧.૦૫ ગત ઈ.સી.ના નિર્ણય અનુસાર વકીલશ્રી રાજેન્દ્ર એ.પટેલની નીચેની ફીના ધોરણો રાખી કરેલ નિમણુંકને બહાલી આપવા અંગે.**

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા કરેલ વકીલ વકીલશ્રી રાજેન્દ્ર એ.પટેલની નીચેના ફીના ધોરણો સાથે કરેલ નિમણુંકને બહાલી આપવામાં આવી.

| નં. | વિગત | ફીનું ધોરણ |
|---|---|---|
| ૧ | યુનિવર્સિટીને વહીવટમાં લીગલી માર્ગદર્શન જરૂર પડે ત્યારે મૌખિક આપવાનું રહેશે. | વાર્ષિક રૂા.૨૦,૦૦૦/– |
| ૨ | યુનિવર્સિટીને વહીવટમાં કોઈ કેસ કે વિષયે ફાઈલ પર લેખીત માર્ગદર્શન આપવાનું રેહેશે. | પ્રત્યેક ફાઈલ/વિષય પ્રમાણે રૂા.૧૫,૦૦૦/– |
| ૩ | યુનિવર્સિટી સામે હોઈકોર્ટ કે ટ્રીબ્યુનલમાં કેસ થાય ત્યારે યુનિવર્સિટી વતી કેસ લડવા માટે | પ્રત્યેક કેસ પ્રમાણે રૂા.૫૦,૦૦૦/– |

**૬૧.૦૬ સાતમાં પગારપંચ પ્રમાણે યુજીસીના નિયમો અત્રેની યુનિવર્સિટીમાં લાગુ કરવા માટે રેગ્યુલેશનમાં સુધારો કરવા અંગે.**

ઠરાવ : યુનિવર્સિટીના રેગ્યુલેશન બનાવવામાં આવી રહયા છે, તેમાં યુનિવર્સિટી ધ્વારા યુજીસીના ગેઝેટ તા.૧૮–૦૭–૨૦૧૮ના પત્રથી થયેલ સુધારા મુજબ તેની અમલવારી કરવા માટે એકેડેમિક કાઉન્સિલની તા.૨૦–૧૦–૨૦૧૮ અને એકઝીકયુટીવ કાઉન્સિલની તા.૨૦–૧૦–૨૦૧૮ ની બેઠકમાં નિર્ણય લેવાયેલ છે તો તે અંગેની સરકારને જાણકારી આપીએ તેમજ તેને રેગ્યુલેશનનુંદ રૂપ આપી શિક્ષણ વિભાગને આપીએ સદર થયેલ નિર્ણય મુજબ રેગ્યુલેશન રાખવા નિર્ણય કરવામાં આવ્યો.

**૬૧.૦૭ નવી ગઠીત કરેલ વિવિધ સમિતિઓની બહાલી અંગે.**

ઠરાવ : યુનિવર્સિટી ધ્વારા એક વર્ષની મુદત માટેની વિવિધ સમિતિઓનું માનનીય કુલપતિશ્રી ધ્વારા ગઠન કરવામાં આવેલ છે તેની સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**૬૧.૦૮ શૈક્ષણિક જગ્યાઓના ઈન્ટરવ્યુ કરવા અંગે.**

ઠરાવ : શૈક્ષણિક જગ્યા માટે યુનિવર્સિટી દાખલ કરેલ કેવીયટની મુદત ઈન્ટરવ્યુ કરતા પહેલા પૂર્ણ થતી હોઈ તો સર્વાનુમતે ચર્ચા કરવામાં આવી યુનિવર્સિટી હાલમાં ઈન્ટરવ્યુની તારીખ નકકી થયેલ ન હોઈ જરૂરી જણાય તો યુનિવર્સિટી ફરીથી નામદાર હાઈકોર્ટમાં શૈક્ષણિક ભરતી માટે કેવીયટ દાખલ કરવી એમ નિર્ણય કરવામાં આવ્યો.

- ➢ ઈન્ટરવ્યુની પેનલ બનાવવા અંગે યુજીસીના નિયમાનુસાર બનાવવી તેમજ વિષય નિષ્ણાંત બોલાવવા અંગે સર્વાનુમતે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી.
- ➢ ઈન્ટરવ્યુ પધ્ધતિમાં ઉમેદવારની પસંદગી માટે યુજીસી–૨૦૧૬ ના નિયમો મુજબ નીચેની વિગતેની પધ્ધતિએ ઈન્ટરવ્યુ કરવા તેમ નક્કી કરવામાં આવ્યું.

**UGC-2016, JULY 11, 2016**

**APPENDIX - III TABLE - II(B)**

Minimum Scores for APIs for direct recruitment of teachers in university departments / Colleges and weightages in Selection Committees to be considered along with other specified eligibility qualifications stipulated in the Regulation.

| | Assistant Professor (Stage 1) | Associate Professor (Stage 4) | Professor (Stage 5) |
|---|---|---|---|
| Minimum API Scores | Minimum Qualification as stipulated in these regulations | Consolidated API score requirement of 300 points from categories II & III of APIs (cumulative) | Consolidated API score requirement of 400 points from categories II & III of APIs (cumulative) |
| Selection Committee criteria / weightages (Total Weightages = 100) | a) Academic Record and Research Performance (50%)<br>b) * Assessment of Domain Knowledge & Teaching Skills (30%)<br>c) Interview Performance (20%) | a) Academic Background (20%)<br>b) Research performance based on API score and quality of publications (40%)<br>c) * Assessment of Domain Knowledge and Teaching Skills (20%)<br>d) Interview performance: (20%) | a) Academic Background (20%)<br>b) Research performance based on API score and quality of publications (40%).<br>c) Assessment of Domain knowledge and Teaching Skills (20%).<br>d) Interview performance :(20%) |



શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

a) યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર માટે હયાત ૮૦ ગુણાંકનું એકેડેમિક રેકર્ડનું માળખું છે તે મુજબ કરી ૮૦ % ને ૫૦ % માં તબદીલ કરી જે–તે ઉમેદવારનું ૫૦ % મેરીટ બનાવવું તેમ ઠરાવવામાં આવ્યું.

b) માં જણાવેલ મૂલ્યાંકનમાં ઉમેદવાર પાસે જે–તે વિષયનું પ્રેઝન્ટેશન કરાવવું અને તેનું મૂલ્યાંકન પ્રેઝન્ટેશનની ગુણવત્તાને આધારે ઈન્ટરવ્યું પેનલ કરી ૩૦ માંથી ગુણાંક આપશે.

c) ઈન્ટરવ્યુ પેનલ ઉમેદવારના પર્ફોમન્સને ધ્યાને લઈ ૨૦માંથી ગુણાંક આપશે.

આમ, a), b), c) ના સંયુકત મેરીટને ધ્યાને લઈ જે તે જગ્યા પર ઉમેદવારની પસંદગી કરવામાં આવશે.

➢ એસોસિએટ પ્રોફેસર માટે પસંદગી પ્રક્રિયામાં UGC-2016, July-11, 2016, Appendix-III, Table-II(B) મુજબ રહેશે.

**૬૧.૦૯ સરકારમાંથી મળેલ બાંધકામ સબબની ગ્રાન્ટનો ઉપયોગ કરવા અંગે.**

ઠરાવ : સરકારમાંથી મળેલ બાંધકામ સબબની ગ્રાન્ટનો સમયસર ઉપયોગ થાય તે માટે જરૂરી આયોજન કરી નિયત સમયમર્યાદામાં જરૂરી કાર્યવાહી કરવા બાંધકામ વિભાગને સુચન કરવામાં આવ્યુ. જે માટે કન્સલ્ટન્સી ખર્ચમાંથી જરૂર પડયે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વડોદરાના નિવૃત ઈજનેરશ્રી નવીનભાઈ ઓઝાની કન્ટીજનસી ખર્ચમાંથી સેવા મેળવવાનું નક્કી કરવામાં આવ્યું તેમજ હિસાબો મેન્ટેન કરવા તેમજ ટેકનીકલ સહાય માટે પ્રોજેકટ પૂરતો કોઈ સ્ટાફ રાખવો હોય તો રાખવાનું નકકી કરવામાં આવ્યું. પ્રસ્તુત સેવા મેળવવા માટે માનદવેતન માટે માન.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી. બાંધકામમાં જરૂરી કાર્યવાહી કરી માન.કુલપતિશ્રીની મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવી એમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.

**૬૧.૧૦ મહાનુભાવોના સૂચનો.**

ઠરાવ : યુનિવર્સિટીનું કાર્યક્ષેત્ર સંપૂર્ણ ગુજરાત રાજય હોઈ આગામી સમયમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધારવા માટે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ચર્ચા–વિચારણા કરી સુચન કરવામાં આવ્યું કે, યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમોના પ્રચાર–પ્રસાર હેતુ ગુજરાત રાજયના દરેક જીલ્લામાં એક એમ્બેસેડરની નિમણુંક કરવી. જેમાં સૌ ઉપસ્થિત મહાનુભવો દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો.

**૬૧.૧૧ અધ્યક્ષ સ્થાને રજૂ થાય તે...**

૬૧.૧૧.૦૧ – યુનિવર્સિટીમાં ફરજ બજાવતા ૧૧ માસના કરાર આધારિત સીવીલ સુપરવાઈઝરના પગાર વધારો કરી રૂા.૧૫,૦૦૦/– નક્કી કરવામાં આવ્યો. આગામી જાન્યુ–૨૦૨૦ થી અમલવારી કરવાની રહેશે.

સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ સોમનાથ

૬૧.૧૧.૦૨ યુનિવર્સિટીમાં ફરજ બજાવતા ૧૧ માસના કરાર આધારિત કર્મચારીઓનો પગાર કરાર રીન્યુ કરતી વખતે ૧૦% પગાર વધારો આપવો તેમ નિર્ણય કરવામાં આવ્યો

૬૧.૧૧.૦૩ આગામી ફેબ્રુઆરી – ૨૦૨૦ માં યોજાનર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ બાબતે બજેટની ચર્ચા કરવામાં આવી જેમાં કોન્ફરન્સના મુખ્ય સંયોજક ધ્વારા રૂા.૧૩,૭૮,૦૦૦/– બજેટ રજૂ કરવામાં આવેલ છે તો તેની મર્યાદામાં કોન્ફરન્સ કરવાની મંજૂરી આપવામાં આવી.

૬૧.૧૧.૦૪ MHRD ધ્વારા સંસ્કૃત માટે "વીઝન એન્ડ રોડમેપ" તૈયાર કરેલ છે તેના ઉપર યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલય/કોલેજનો સેમિનાર કરવો તેમ નિર્ણય કરવામાં આવ્યો

બેઠકને અંતે કુલસચિવશ્રી ધ્વારા સૌ મહાનુભાવોનો આભાર વ્યકત કર્યો હતો.

(ડૉ.દશરથ જાદવ)
કુલસચિવ